# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

23 MARCH, 2026 MONDAY



પેજ 2  ગુજરાતમાં ગટર સફાઈના નામે મોતનો ખેલ ક્યારે અટકશે?

પેજ 3  પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ સર્વે - શું રાજ્યમાં થશે મોટું પરિવર્તન?

પેજ 7  ડીંડોલીમાં બ્રિજનું કામ ગોકળગાયની ગતિએ

પેજ 5  રિંગરોડ પેટર્નથી કુડાસણ- અડાલજ રોડને વિકસાવાશે



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 07 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### ઈરાનની શરત- નુકસાનનું વળતર આપો, ભવિષ્યમાં હુમલો નહીં થાય તેની ગેરંટી પણ જોઈએ

# ટ્રમ્પ ઈરાન સાથે યુદ્ધવિરામ પર વાતચીત કરવા માંગે છે

### ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ અત્યારે ઈરાનની તમામ શરતો માનવા માટે તૈયાર નથી, ખાસ કરીને વળતરની માગને. અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાતચીત હાલમાં થઈ રહી નથી

• નવી દિલ્હી

ડોનાલ્ડ ટ્રમ્પની ટીમ ઈરાન સાથે સીઝફાયર પર વાત કરવા માંગે છે. આ કામમાં ટ્રમ્પના સલાહકાર જેરેડ કુશનર અને સ્ટીવ વિટકોફ પણ લાગેલા છે. આ માહિતી એક્સિયોસ ન્યૂઝ દ્વારા આપવામાં આવી છે. જોકે, ઈરાને વાતચીત માટે શરત રાખી છે કે પહેલા યુદ્ધ રોકવામાં આવે અને તેને થયેલા નુકસાનનું વળતર આપવામાં આવે. ઈરાનનું એમ પણ કહેવું છે કે ભવિષ્યમાં તેના પર ફરીથી હુમલો નહીં થાય, તેની પાકી ગેરંટી મળે.

બીજી તરફ, ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ અત્યારે ઈરાનની તમામ શરતો માનવા માટે તૈયાર નથી, ખાસ કરીને વળતરની માગને. અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાતચીત હાલમાં થઈ રહી નથી, પરંતુ ઈજિપ્ત, કતાર અને બ્રિટન જેવા દેશો મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યા છે.

ઈરાને ઈઝરાયલ પર આજે સવારથી 4 બેલેસ્ટિક મિસાઈલો છોડી છે. ઈરાને શનિવારથી ઈઝરાયલ પર હુમલા તેજ કરી દીધા છે. ગઈકાલે રાત્રે ઈરાને ઈઝરાયેલના બે શહેરો પર હુમલો કર્યો હતો. અહીં ઈઝરાયલનો મોટો ન્યુક્લિયર પ્લાન્ટ આવેલો છે. આ હુમલાઓમાં 300 થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલી વિદેશ મંત્રાલય અને સ્વાસ્થ્ય સેવાઓના જણાવ્યા અનુસાર, ઘાયલોમાં બાળકો પણ સામેલ છે. ઈરાન તરફથી આ હુમલાઓ ટ્રમ્પની ધમકી બાદ વધ્યા છે. હકીકતમાં, ટ્રમ્પે ધમકી આપતા કહ્યું કે જો 48 કલાકની અંદર હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ખોલવામાં નહીં આવે, તો અમેરિકા ઈરાનના પાવર પ્લાન્ટ પર હુમલો કરશે.



લેબનાનના વડાપ્રધાન નવાફ સલામે કહ્યું છે કે અમારા પર યુદ્ધ થોપવામાં આવ્યું છે. આ અમારી પસંદગી નથી. એક ટીવી ઈન્ટરવ્યુમાં સલામે કહ્યું કે જે લોકોએ દેશને આ ટકરાવમાં ધકેલ્યો, તેમણે પહેલા સમજદારી બતાવવી જોઈતી હતી, નહીં કે પરિસ્થિતિને વધુ બગાડવી જોઈતી હતી. આ જાણકારી લેબનાનની નેશનલ ન્યૂઝ એજન્સીએ આપી છે. તેમણે એમ પણ કહ્યું કે દેશમાં હથિયારો પર સરકારનું સંપૂર્ણ નિયંત્રણ હજુ સુધી નથી અને આ દિશામાં ઘણું કામ બાકી છે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર આ મુદ્દે પોતાના નિર્ણયોથી પાછળ હટશે નહીં.લેબનાનનો કાસમિયેહ બ્રિજ ઈઝરાયલના બે હુમલા બાદ લગભગ પૂરી રીતે તબાહ થઈ ગયો છે. આનાથી ટાયર શહેરનો દેશના બાકીના ભાગો સાથેનો સીધો સંપર્ક તૂટી ગયો છે.

અહેવાલો મુજબ, લિતાની નદી પર કેટલાક અન્ય પુલ ચોક્કસપણે છે, પરંતુ તે ઘણા દૂર છે. એવામાં હવે ટાયરને બાકીના લેબનાન સાથે જોડવા માટે કોઈ સરળ અને ઝડપી રસ્તો બચ્યો નથી. જણાવવામાં આવી રહ્યું છે કે 2024માં જ્યારે ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે લડાઈ થઈ હતી, ત્યારે આ પ્રકારના મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવ્યા નહોતા. વર્તમાન પરિસ્થિતિમાં હુમલાની તીવ્રતા ઘણી વધારે છે. ઈરાકના સશસ્ત્ર જૂથ અશાબ અલ-કહફે દાવો કર્યો છે કે તેણે ઉત્તરી શહેર એરબિલમાં મોસાદની ઓફિસને ડ્રોન હુમલામાં નિશાન બનાવી છે. જૂથે તેની ટેલિગ્રામ ચેનલ પર જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે આ હુમલો આજે કરવામાં આવ્યો હતો. સાથે જ, તેણે ઈરાકમાં હાજર અમેરિકી ઠેકાણાઓથી લોકોને દૂર રહેવાની પણ અપીલ કરી છે.

ઈરાકની રાજધાની બગદાદના દક્ષિણ ભાગમાં ઈરાકી દળોના ઠેકાણાઓ પર મોડી રાત્રે ત્રણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલા પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સ (PMF)ના લડવૈયાઓને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. PMF એ ઈરાકની સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સશસ્ત્ર જૂથ છે, જેમાં ઈરાન સમર્થિત જૂથો પણ સામેલ છે. તે દેશની સત્તાવાર સુરક્ષા વ્યવસ્થાનો એક ભાગ ગણાય છે.સ્થાનિક ઈમરજન્સી ક્રાઈસીસ સેલના જણાવ્યા અનુસાર, ડ્રોન અને હવાઈ હુમલાઓ દ્વારા અલગ-અલગ સ્થળોએ ત્રણ વખત હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, સદનસીબે તે સમયે આ ઠેકાણાઓ ખાલી હોવાથી કોઈ જાનહાનિના સમાચાર નથી. હાલમાં એ સ્પષ્ટ થયું નથી કે આ હુમલા કોણે કર્યા છે, પરંતુ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરી દેવામાં આવી છે.




# નારોલ પોલીસ સ્ટેશન હેઠળ દારૂ-જુગારની બદી બેફામ

## નવા PI ગઢવીના રાજમાં 'મિનિ ગોવા' બનતું નારોલ?

• અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતી ઘટનાઓ અવારનવાર સામે આવતી હોય છે, પરંતુ અમદાવાદનું નારોલ વિસ્તાર હાલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું એપીસેન્ટર બન્યું હોય તેવું લાગી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, નારોલ પોલીસ સ્ટેશનમાં નવા PI કે.એ. ગઢવીના આગમન સાથે જ વિસ્તારમાં દેશી-વિદેશી દારૂ અને વરલી મટકાના જુગારના અડ્ડાઓ ફૂટી નીકળ્યા છે.

**વહીવટદારોનો ખેલ અને લાખોનો વહીવટ**

ચર્ચાઈ રહ્યું છે કે નારોલ પોલીસ સ્ટેશનના કહેવાતા વહીવટદાર જીતેન્દ્ર સિંહ મંડોલાએ ચાર્જ સંભાળતાની સાથે જ વિસ્તારમાં અંદાજે 30 થી 40 જેટલા અડ્ડાઓ ધમધમતા કરી દીધા છે. આ કાળા કારોબારમાં રોજનો લાખો રૂપિયાનો વહીવટ થઈ રહ્યો છે, જેમાં મદદનીશ તરીકે વિજય સિંહ નામના પેટા વહીવટદારનું નામ પણ ઉછળી રહ્યું છે.

### ક્યાં ચાલે છે ગેરકાયદેસર હાટડીઓ? (એક્સક્લુઝિવ લિસ્ટ)

લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ નારોલમાં નીચે મુજબના સ્થળોએ ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે:

* જુબૈર (ઈંગ્લિશ દારૂ): કર્ણાવતી પોલીસ ચોકીની પાછળ.
* આઈશા (ઈંગ્લિશ દારૂ): આઝાદ નગર.
* ટાંકી અને ધમો (ઈંગ્લિશ દારૂ): તલાવડી પાસે, નારોલ ગામ.
* સુશિલા અને સુનિતા (દેશી દારૂ): તલાવડી પાસે અને નારોલ ગામમાં.
* ટાંકુ (દેશી દારૂ): વિનસમ હોટલની પાછળ.
* પુજા (દેશી દારૂ): ભારત નગર, નારોલ પોલીસ સ્ટેશનની બિલકુલ પાછળ!
* નીતા (દેશી દારૂ): એન્સ સ્કૂલની પાસે.

### તંત્રની ઘોર નિદ્રા કે મિલીભગત?

સૌથી ગંભીર બાબત એ છે કે 'પાક્કો ગુજરાત' ની ટીમે ટેલિફોનિક જાણ કરવા છતાં PI ગઢવી દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, ઉલટાનું હવે તેઓ ફોન ઉપાડવાનું પણ ટાળી રહ્યા છે. માત્ર સ્થાનિક પોલીસ જ નહીં, પણ PCB (પબ્લિક કંટ્રોલ રૂમ), ક્રાઈમ બ્રાન્ચ કે SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) જેવી ઉચ્ચ એજન્સીઓ પણ મૌન સેવી રહી હોય તેવું જણાય છે.ટૂંક સમયમાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થવાની છે. આવા સમયે જો પોલીસ અધિકારીઓના આશીર્વાદથી 'મિનિ ગોવા' બનેલા નારોલમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલુ રહેશે, તો તેની સીધી અસર શાસક પક્ષની છબી પર પડી શકે છે. હવે જોવાનું એ રહે છે કે રાજ્યના મુખ્યમંત્રી આ ભ્રષ્ટ અધિકારીઓ સામે લાલ આંખ કરીને આ અડ્ડાઓ બંધ કરાવશે કે કેમ?

» 'શું તંત્ર કોઈ મોટા લઠ્ઠાકાંડની રાહ જોઈ રહ્યું છે?'

» કેમિકલયુક્ત ઝેરી દારૂના કારણે ભૂતકાળમાં સર્જાયેલી હોનારતો છતાં નારોલ પોલીસની આ બેદરકારી અનેક સવાલો ઉભા કરે છે.

» ચૂંટણી ટાણે સરકારની છબી ખરડાશે?

# ઈરાને હીટ ટ્રેકિંગ મિસાઈલથી અમેરિકી F-35ને તોડી પાડ્યું હોવાનો દાવો

• તેહરાન

ઈરાને 19 માર્ચે વિશ્વના સૌથી અદ્યતન અમેરિકી ફાઈટર જેટ F-35ને તોડી પાડવાનો દાવો કર્યો. ઈરાની મીડિયા પ્રેસ ટીવી અનુસાર, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ તેની સ્વદેશી 'મજીદ' એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેને તોડી પાડ્યું.જો આ સાચું હોય તો, ઈરાન આવું કરનાર પ્રથમ દેશ હશે. F-35 ફાઈટર જેટને લગભગ બે દાયકાથી અમેરિકી સૈન્ય શક્તિનું સૌથી મોટું પ્રતીક માનવામાં આવે છે. આ સૌથી પ્રીમિયમ ફાઈટર જેટ છે, જેને ખાસ કરીને એવી રીતે બનાવવામાં આવ્યું છે કે તે વિશ્વની સૌથી મજબૂત એર ડિફેન્સ સિસ્ટમમાં પણ પકડાયા વિના ઘૂસીને હુમલો કરી શકે.

ઈરાનનો દાવો છે કે તેણે આ 'અદૃશ્ય' ગણાતા જેટની નબળાઈ પકડી લીધી છે. મજીદ ડિફેન્સ સિસ્ટમે F-35 માંથી નીકળતી ઈન્ફ્રારેડ એટલે કે ગરમીને પકડીને તેને નિશાન બનાવ્યું. ઈરાનનું કહેવું છે કે F-35 ભલે રડારથી બચવામાં સક્ષમ હોય, પરંતુ તેના એન્જિનમાંથી નીકળતી ગરમીને સંપૂર્ણપણે છુપાવી શકાતી નથી. તે જ સમયે, અમેરિકી વેબસાઈટ CNN એ પણ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ઈરાનના હુમલાઓને કારણે F-35 ને મિડલ ઈસ્ટમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવી પડી છે.ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ 19 માર્ચે F-35 પર થયેલા હુમલાના ફૂટેજ જાહેર કર્યા છે, જોકે તેની પુષ્ટિ થઈ શકી નથી. ઈરાની મીડિયા અનુસાર, પહેલા એવું માનવામાં આવતું હતું કે F-35 ને તોડી પાડવા માટે 'તલાશ' એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન યુદ્ધની અસર

# શ્રીલંકામાં પેટ્રોલ-ડીઝલ 81 રૂપિયા સુધી મોંઘું પેટ્રોલ 398 અને ડીઝલ 382 રૂપિયા લિટર થયું

• શ્રીલંકા

ક્રૂડ ઓઈલના સપ્લાય સંકટ વચ્ચે શ્રીલંકા સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં 25% સુધીનો વધારો કર્યો છે. આજ એટલે કે 22 માર્ચે થયેલા વધારા બાદ શ્રીલંકામાં રેગ્યુલર પેટ્રોલની કિંમત 81 શ્રીલંકન રૂપિયા વધીને 398 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલ 79 રૂપિયા મોંઘું થઈને 382 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. છેલ્લા બે અઠવાડિયામાં આ બીજી વાર છે જ્યારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવામાં આવ્યા છે. આ પહેલા ગયા અઠવાડિયે કિંમતોમાં 8% નો વધારો કરવામાં આવ્યો હતો. પરિસ્થિતિ બગડતી જોઈને રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ દેશમાં '4 Day Working Week' (અઠવાડિયામાં ફક્ત 4 દિવસ કામ) લાગુ કરી દીધું છે અને કંપનીઓને વર્ક-ફ્રોમ-હોમ મોડ પર પાછા ફરવા જણાવ્યું છે. સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (CPC) ના એક અધિકારીએ જણાવ્યું કે કિંમતોમાં આ મોટા વધારાનો હેતુ દેશમાં ઈંધણના વપરાશને 15 થી 20% સુધી ઘટાડવાનો છે. રાષ્ટ્રપતિ દિસાનાયકેએ ગયા બુધવારથી જ સરકારી અને ખાનગી કચેરીઓ માટે અઠવાડિયામાં ફક્ત 4 દિવસ કામ કરવાનો આદેશ જાહેર કરી દીધો હતો. આ સાથે, કંપનીઓને કહેવામાં આવ્યું છે કે જ્યાં શક્ય હોય ત્યાં, કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવામાં આવે જેથી રસ્તાઓ પર વાહનો ઓછા નીકળે અને તેલની બચત થઈ શકે.

શ્રીલંકાની આ મુશ્કેલીનું સૌથી મોટું કારણ મિડલ ઈસ્ટમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ છે. યુદ્ધના ચોથા અઠવાડિયામાં પ્રવેશતા જ ઈરાને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને અસરકારક રીતે બંધ કરી દીધો છે. આ તે જ દરિયાઈ માર્ગ છે જ્યાંથી વિશ્વના કુલ ઓઈલ નિકાસનો લગભગ 20% હિસ્સો પસાર થાય છે. શ્રીલંકા તેની જરૂરિયાતનું સંપૂર્ણ તેલ અને વીજળી બનાવવા માટે કોલસો આયાત કરે છે, આવી સ્થિતિમાં સપ્લાય અટકવાથી દેશ પાસે સ્ટોક ખતમ થવાનો ખતરો ઉભો થયો છે.શ્રીલંકા સરકારે ચેતવણી આપી છે કે જો મિડલ ઈસ્ટમાં યુદ્ધ લાંબુ ચાલશે, તો દેશ માટે 2022ના આર્થિક સંકટમાંથી બહાર નીકળવું મુશ્કેલ બનશે. જણાવી દઈએ કે 2022માં વિદેશી મુદ્રા ભંડાર ખતમ થયા પછી શ્રીલંકાએ તેના 46 અબજ ડોલરના વિદેશી દેવા પર ડિફોલ્ટ જાહેર કર્યું હતું. જોકે, બાદમાં તેને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) તરફથી 2.9 અબજ ડોલરનું બેલઆઉટ પેકેજ મળ્યું, જેનાથી સ્થિતિ થોડી સુધરી હતી.

### આતંકવાદી હુમલાઓની સંખ્યામાં પણ 22% ઘટાડો

# ભારતમાં આતંકવાદી ઘટનાઓમાં 43%નો ઘટાડો પાકિસ્તાન આતંકવાદ પીડિત દેશોમાં ટોપ પર

• નવી દિલ્હી

ભારતમાં છેલ્લા એક વર્ષમાં આતંકવાદી ઘટનાઓમાં 43%નો ઘટાડો નોંધવામાં આવ્યો છે. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2026ની યાદીમાં ભારત 13મા સ્થાને આવી ગયું છે. ગયા વર્ષની સરખામણીમાં ભારત બે પોઈન્ટ નીચે આવી ગયું છે. આ પહેલા ભારત 11મા સ્થાને હતું. જ્યારે, યાદી અનુસાર દક્ષિણ એશિયા સતત દસમા વર્ષે આતંકવાદથી સૌથી વધુ અસરગ્રસ્ત ક્ષેત્ર રહ્યું છે. પ્રથમ વખત પાકિસ્તાન આ યાદીમાં ટોપ પર છે અને આતંકવાદથી સૌથી વધુ અસરગ્રસ્ત દેશ બની ગયું છે. અફઘાનિસ્તાનમાં સ્થિતિમાં સુધારો થયો છે અને તે હવે ટોપ 10 દેશોની યાદીમાંથી બહાર આવી ગયું છે.વિશ્વભરમાં 2025માં આતંકવાદથી થતા મૃત્યુમાં 28%નો ઘટાડો થયો છે. આતંકવાદી હુમલાઓની સંખ્યા પણ લગભગ 22% ઘટીને 2,944 થઈ ગઈ છે. કુલ મળીને આ વર્ષે 81 દેશોમાં સ્થિતિ સુધરી છે, જ્યારે 19 દેશોમાં સ્થિતિ ખરાબ થઈ છે. પશ્ચિમી દેશોમાં આતંકવાદથી થતા મૃત્યુમાં લગભગ 280% સુધીનો વધારો નોંધાયો. આ ઉપરાંત યુરોપિયન યુનિયનના રિપોર્ટ મુજબ 2024માં 14 યુરોપિયન યુનિયન (EU) દેશોમાં કુલ 58 આતંકવાદી હુમલા નોંધાયા. આમાં ફ્રાન્સ (14 હુમલા) અને જર્મની (6 હુમલા) મુખ્ય રહ્યા. આ ઉપરાંત 20 EU દેશોમાં આતંકવાદ સંબંધિત કેસોમાં 449 લોકોની ધરપકડ થઈ. બ્રિટનમાં 3000થી વધુ ધરપકડો થઈ છે.હિંસા પ્રત્યેનો ડર દૂર કરે છે- આતંકવાદી વિચારધારાને 'કૂલ' અથવા આધુનિક બનાવીને રજૂ કરે છે.

# મહિલાના મૃતદેહ સાથે 13 કલાક વિમાન ઉડતું રહ્યું હોંગકોંગથી લંડન ફ્લાઈટમાં ટેકઓફ પછી મૃત્યુ થયું

### આખી મુસાફરી દરમિયાન દુર્ગંધથી મુસાફરો પરેશાન રહ્યા

• લંડન

બ્રિટિશ એરવેઝની ફ્લાઈટમાં રવિવારે એક મહિલા યાત્રીનું ટેકઓફના લગભગ 1 કલાક પછી મૃત્યુ થયું. ત્યારબાદ તેનો મૃતદેહ પૂરા 13 કલાક સુધી વિમાનમાં જ રાખવામાં આવ્યો.મૃતદેહને વિમાનના પાછળના ભાગમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં ફ્લોર ગરમ હતો. આ જ કારણે ધીમે ધીમે દુર્ગંધ ફેલાવા લાગી, જેનાથી પાછળ બેઠેલા યાત્રીઓને ઘણી મુશ્કેલી થઈ. આ ઘટના હોંગકોંગથી લંડન જઈ રહેલી ફ્લાઈટમાં બની. મહિલાની ઉંમર લગભગ 60 વર્ષ હતી. પાઈલટે ફ્લાઈટને વચ્ચે રોકવા કે પાછા ફરવાને બદલે લંડન સુધી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો, કારણ કે નિયમો અનુસાર આવી સ્થિતિને સામાન્ય રીતે ઈમરજન્સી માનવામાં આવતી નથી.ક્રૂ મેમ્બર્સે પહેલા મૃતદેહને ટોઈલેટમાં રાખવાનું વિચાર્યું, પરંતુ બાદમાં તેને ધાબળામાં લપેટીને ગેલીમાં રાખી દેવામાં આવ્યો. ગેલી વિમાનનો તે ભાગ હોય છે જ્યાં ફ્લાઈટ સ્ટાફ (ક્રૂ) ખાવા-પીવાનું તૈયાર કરે છે અને સામાન રાખે છે. અહીંથી જ મુસાફરોને ભોજન, પાણી, ચા-કોફી આપવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્લેનના આગળના કે પાછળના ભાગમાં હોય છે. લંડન પહોંચ્યા બાદ પોલીસે વિમાનમાં આવીને તપાસ કરી અને લગભગ 45 મિનિટ સુધી મુસાફરોને સીટ પર જ બેસાડી રાખવામાં આવ્યા.એરલાઈન બ્રિટિશ એરવેઝે જણાવ્યું કે તમામ નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું અને તેઓ મહિલાના પરિવાર સાથે છે.મહિલાનો મૃતદેહ વિમાનની ગેલીમાં રાખવામાં આવ્યો હતો. ગેલી એ ભાગ છે જ્યાં ફ્લાઈટ સ્ટાફ (ક્રૂ) ખાવા-પીવાનું તૈયાર કરે છે અને સામાન રાખે છે. હવાઈ યાત્રા દરમિયાન જો કોઈ મુસાફરનું મૃત્યુ થાય છે, તો એરલાઈન્સ નિર્ધારિત નિયમો અનુસાર કામ કરે છે. આ નિયમો ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) ની માર્ગદર્શિકા પર આધારિત હોય છે.સૌ પ્રથમ, ફ્લાઈટનો સ્ટાફ તે મુસાફરને બચાવવાનો પ્રયાસ કરે છે. CPR આપવામાં આવે છે અને જો પ્લેનમાં કોઈ ડોક્ટર હોય, તો તેની મદદ લેવામાં આવે છે. આ પછી પાઈલટને જાણ કરવામાં આવે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

કામદારોના જીવ સસ્તા, સરકારના વચનો પોકળ

# ગુજરાતમાં ગટર સફાઈના નામે મોતનો ખેલ ક્યારે અટકશે?

• ગાંધીનગર/અમદાવાદ

'ડિજિટલ ઈન્ડિયા' અને 'વાઈબ્રન્ટ ગુજરાત'ના દાવાઓ વચ્ચે એક કાળી વાસ્તવિકતા એ છે કે આજે પણ માણસે ગટરના ગંદા પાણીમાં ઉતરીને પોતાના જીવનું જોખમ ખેડવું પડે છે. મેન્યુઅલ સ્કેવેજિંગ (હાથેથી સફાઈ) પર પ્રતિબંધ હોવા છતાં, ગુજરાતમાં ગટર અને સેપ્ટિક ટેન્ક કામદારો માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહી છે.

આંકડા બોલે છે: વરવી વાસ્તવિકતા

કેન્દ્ર અને રાજ્ય સરકાર ભલે કાગળ પર બધું 'ઓલ ઈઝ વેલ' બતાવે, પરંતુ હકીકત કંઈક અલગ જ છે:

* ગુજરાતનો ક્રમ: ગટર સફાઈ દરમિયાન થતા મોતમાં ગુજરાત દેશના ટોચના રાજ્યોમાં સામેલ છે.

* તાજેતરનો આંકડો: છેલ્લા 5 વર્ષમાં (2019-2023) ગુજરાતમાં અંદાજે 58 થી વધુ કામદારો ગટર સફાઈ દરમિયાન શ્વાસ ગૂંગળામણને કારણે જીવ ગુમાવી ચૂક્યા છે.

* વર્ષ 2024-25: માત્ર વર્ષ 2024 અને 2025ના શરૂઆતના મહિનાઓમાં જ ગુજરાતમાં અનેક ઘટનાઓ બની છે. હજુ ગત મે 2025માં જ અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં એક ગારમેન્ટ ફેક્ટરીની સેપ્ટિક ટેન્ક સાફ કરવા




ઉતરેલા 3 યુવાન કામદારો (પ્રકાશ પરમાર, વિશાલ ઠાકોર અને સુનિલ રાઠવા) એ ઝેરી ગેસને કારણે જીવ ગુમાવ્યો હતો.

દાવા સલામતીના , હકીકતમાં મૃત્યુની ગેરંટી

સરકાર 'નમસ્તે' (NAMASTE) જેવી યોજનાઓ દ્વારા 100% મશીનરીથી સફાઈના વાયદા કરે છે, પણ જમીની હકીકત તપાસો તો:

* સુરક્ષા સાધનોનો અભાવ: 90% કિસ્સાઓમાં કામદારો પાસે માસ્ક, ગ્લવ્સ કે ઓક્સિજન સિલિન્ડર હોતા નથી.

*ખાનગી કોન્ટ્રાક્ટરોની મનમાની: નગરપાલિકાઓ અને ખાનગી એકમો કોન્ટ્રાક્ટ આપીને પોતાની જવાબદારી ખંખેરી નાખે છે. કોન્ટ્રાક્ટરો સસ્તા મજૂર મેળવવા માટે ગરીબ કામદારોને કોઈ પણ સુરક્ષા વગર ગટરમાં ઉતારે છે.

* વળતર માટે વલખાં: સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મૃતક આશ્રિતોને રૂ. 30 લાખ (અગાઉ 10 લાખ) વળતર મળવું જોઈએ, પરંતુ હજુ પણ અનેક પરિવારો સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે.

શું આને 'અકસ્માત' કહેવાય?

સરકારી ચોપડે આને ઘણીવાર 'અકસ્માત' ગણાવીને ફાઈલ બંધ કરી દેવાય છે. પણ શું પૂરતા સાધનો વગર કોઈને ઝેરી ગેસવાળી ગટરમાં ઉતારવા એ 'સંસ્થાગત હત્યા' નથી? શું ભાજપ સરકારના 'સલામતીના વચનો' માત્ર ચૂંટણીના હોર્ડિંગ્સ સુધી જ સીમિત છે?

» 'જે રાજ્યમાં બુલેટ ટ્રેનના સપના જોવાતા હોય, ત્યાં માણસે ગટર સાફ કરવા માટે મરવું પડે તે શરમજનક છે.' – આ આક્રોશ આજે પીડિત પરિવારોમાં જોવા મળી રહ્યો છે.

'પાક્કો ગુજરાત'નો વિશેષ અહેવાલ

ધારાસભ્યની એન્ટ્રી: કાયદો મોટો કે લોકપ્રતિનિધિ?

# સત્તાના જોરે ખાખી લાચાર? શું ધારાસભ્ય કાયદાથી પણ ઉપર?

## 'પાક્કો ગુજરાત' જનતા વતી પૂછે છે કે, પોલીસને અપમાનિત કરી નેતાઓ શું સાબિત કરવા માંગે છે?

• ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી એક એવી ઘટનાએ જોર પકડ્યું છે જેણે રાજ્યની કાયદો અને વ્યવસ્થા તેમજ રાજકીય દખલગીરી સામે અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. એક તરફ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી લુખ્ખા તત્વોને જાહેરમાં પાઠ ભણાવવાની વાત કરે છે, તો બીજી તરફ શાસક પક્ષના જ ધારાસભ્યના દબાણ હેઠળ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવે છે. આ વિરોધાભાસે જનતામાં ભારે રોષ અને ચર્ચા જગાડી છે.

ઘટનાક્રમ: જ્યારે લુખ્ખાઓએ કાયદો હાથમાં લીધો

તાજેતરમાં રાજ્યમાં એક અત્યંત શરમજનક ઘટના બની હતી, જેમાં લુખ્ખા તત્વોએ પોલીસને જાહેરમાં દોડાવી હતી. ખાખી વર્દીધારી પોલીસકર્મીઓ જ્યારે અસામાજિક તત્વો સામે લાચાર દેખાયા, ત્યારે સોશિયલ મીડિયા પર તેના વીડિયો વાયરલ થતા જ પોલીસ બેડાની આબરૂના ધજાગરા ઊડ્યા હતા. આ ઘટના બાદ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કડક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા હતા કે, 'જે લુખ્ખાઓએ પોલીસને દોડાવી છે, તેમનો એ જ સ્થળે જાહેરમાં વરઘોડો કાઢવામાં આવશે.'

ગૃહમંત્રીના આદેશ અને જનતાની માંગને માન આપી પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે તે લુખ્ખા તત્વોને પકડીને ઘટના સ્થળે




લઈ જઈ તેમનો જાહેરમાં વરઘોડો કાઢ્યો હતો. આ કાર્યવાહીથી સામાન્ય નાગરિકોમાં એવો સંદેશ ગયો હતો કે કાયદાનો ડર હજુ જીવિત છે અને પોલીસનું મનોબળ મજબૂત છે.

ધારાસભ્યની એન્ટ્રી: કાયદો મોટો કે લોકપ્રતિનિધિ?

પરંતુ આ આખી ઘટનામાં વળાંક ત્યારે આવ્યો જ્યારે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આ મામલે મધ્યસ્થી કરી. ધારાસભ્યએ ઉચ્ચ પોલીસ અધિકારીઓને ઉગ્ર રજૂઆત કરી કે પોલીસની આ રીતે જાહેરમાં વરઘોડો કાઢવાની પદ્ધતિ યોગ્ય નથી. નવાઈની વાત તો એ છે કે, જે પોલીસે ગુનેગારોને ડામવા અને પોતાની આબરૂ બચાવવા પગલાં ભર્યા હતા, તે જ પોલીસકર્મીઓને ઉચ્ચ સ્તરેથી દબાણ આવતા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા!

આ સસ્પેન્શન બાદ જનતામાં અનેક સવાલો ઉઠી રહ્યા છે:

* કાયદાથી ઉપર કોણ? શું રાજ્યમાં ધારાસભ્યનું પદ કાયદાની પ્રક્રિયા અને ગૃહમંત્રીના આદેશો કરતાં પણ ઊંચું છે?

* પોલીસનું મનોબળ કોણ તોડે છે? એક તરફ સરકાર પોલીસને ફ્રી હેન્ડ આપવાની વાતો કરે છે, તો બીજી તરફ નેતાઓની રજૂઆતથી પોલીસને જ સસ્પેન્ડ કરાય છે.

* ગુનેગારોની વકીલાત કેમ? શું નેતાઓ પોતાની વોટબેંક સાચવવા માટે અસામાજિક તત્વોની તરફેણ કરી રહ્યા છે?

પોલીસની લાચારી અને રાજ્યની સુરક્ષા

જ્યારે પણ કોઈ પોલીસ અધિકારી નિષ્ઠાપૂર્વક કામ કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે નેતાઓની આવી દખલગીરી તેમને માનસિક રીતે તોડી નાખે છે. જો પોલીસ અધિકારીઓ રાજકીય દબાણ હેઠળ કામ કરશે, તો ભવિષ્યમાં કોઈ પણ પોલીસવાળો ગુંડાઓ પર હાથ નાખતા પહેલા સો વાર વિચારશે. આનાથી ગુનેગારો બેફામ બનશે અને સામાન્ય માણસની સુરક્ષા જોખમમાં મુકાશે.

ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રી જેવા ઉચ્ચ હોદ્દાઓ પર બેઠેલા નેતાઓની સૂચનાઓને પણ જો એક ધારાસભ્યની રજૂઆત ઘોળીને પી જતી હોય, તો રાજ્યમાં કાયદાનું શાસન છે કે 'વગદારો'નું? તે મોટો સવાલ છે.

નિષ્કર્ષ: જનતાનો આક્રોશ

'પાક્કો ગુજરાત' જનતા વતી પૂછે છે કે, પોલીસને અપમાનિત કરી નેતાઓ શું સાબિત કરવા માંગે છે? જો લુખ્ખાઓ પોલીસને દોડાવશે અને નેતાઓ પોલીસને સસ્પેન્ડ કરાવશે, તો રક્ષણ કોણ કરશે? હવે સમય આવી ગયો છે કે સરકાર નક્કી કરે કે તેને 'ખાખીનું સન્માન' જાળવવું છે કે 'નેતાઓના અહંકાર'ને પોષવો છે.

રિપોર્ટ: પાક્કો ગુજરાત ટીમ

કરોડોનું વિદેશી ફંડિંગ અને એન્ટી-હિન્દુ સંગઠનોની જાળ

# સાવધાન ગુજરાત! દેશને ખોખલો કરી રહ્યો છે 'લવ જેહાદ'નો દીમક: શું ખતરામાં છે હિન્દુ અસ્મિતા?

સાવધાન ગુજરાત

## SITની તાતી જરૂરિયાત: દેશના જાગૃત નાગરિકો અને સંગઠનો હવે માંગ કરી રહ્યા છે

• અમદાવાદ

ભારત, જે પોતાની ભવ્ય સાંસ્કૃતિક અને ધાર્મિક વિરાસત માટે વિશ્વભરમાં વિખ્યાત છે, તે આજે એક અદ્રશ્ય અને અત્યંત ગંભીર ખતરાનો સામનો કરી રહ્યો છે. 'લવ જેહાદ'નો મુદ્દો હવે માત્ર વ્યક્તિગત સંબંધો પૂરતો મર્યાદિત રહ્યો નથી, પરંતુ તે એક સુનિયોજિત આંતરરાષ્ટ્રીય ષડયંત્ર તરીકે ઉભરી રહ્યો છે. કેરળથી લઈને પશ્ચિમ બંગાળ અને પંજાબથી લઈને આપણા ગરવી ગુજરાત સુધી, આ ઝેર આખા દેશમાં પ્રસરી રહ્યું છે.

કરોડોનું વિદેશી ફંડિંગ અને એન્ટી-હિન્દુ સંગઠનોની જાળ

સૂત્રો અને સામાજિક વિશ્લેષકોના મતે આ ખતરનાક ખેલ પાછળ વિદેશી ધરતી પરથી આવતું કરોડો રૂપિયાનું ફંડિંગ કામ કરી રહ્યું છે. દેશની બહાર બેઠેલા ભારત-વિરોધી તત્વો અને કેટલાક




એન્ટી-હિન્દુ સંગઠનો આ 'ડેમોગ્રાફિક વોર' (વસ્તી વિષયક યુદ્ધ) ને વેગ આપી રહ્યા છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય 140 કરોડની વસ્તી ધરાવતા આ રાષ્ટ્રમાં હિન્દુ ધર્મના મૂળિયા નબળા કરવાનો છે. જો આ જ ગતિએ ધર્માંતરણ અને ષડયંત્રો ચાલતા રહ્યા, તો ભવિષ્યમાં હિન્દુઓની સંખ્યામાં મોટો ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે.

મુખ્ય ચિંતાજનક પાસાઓ:

* સુનિયોજિત નેટવર્ક: દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ઓળખ છુપાવીને હિન્દુ યુવતીઓને પ્રેમ જાળમાં ફસાવવાના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે.

* SITની તાતી જરૂરિયાત: દેશના જાગૃત નાગરિકો અને સંગઠનો હવે માંગ કરી રહ્યા છે કે કેન્દ્ર સરકાર આ આખા નેટવર્કની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય Special Investigation Team (SIT) ની રચના કરે. આ ટીમ વિદેશી ફંડિંગના સ્ત્રોતો અને તેમાં સામેલ શંકાસ્પદ સંસ્થાઓના બેંક ખાતાઓની ઊંડી તપાસ કરે તે અનિવાર્ય છે.

*અસ્તિત્વનો સવાલ: નિષ્ણાતો માને છે કે જો અત્યારે જ આ દૂષણને ડામવામાં નહીં આવે, તો આવનારા દાયકાઓમાં દેશના ધાર્મિક સંતુલન પર તેની ખૂબ જ ગંભીર અને કાયમી અસર પડી શકે છે.

કડક કાયદો અને સામાજિક જાગૃતિ જ એકમાત્ર રસ્તો

ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોએ ધર્માંતરણ વિરોધી કડક કાયદાઓ તો બનાવ્યા છે, પરંતુ આ 'સામાજિક દીમક' ને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે હજુ વધુ કઠોર વહીવટી પગલાં અને સામાજિક જાગૃતિની જરૂર છે.

'આ માત્ર કાયદો અને વ્યવસ્થાનો વિષય નથી, પરંતુ આપણી આવનારી પેઢીઓ, આપણી દીકરીઓ અને આપણા ધર્મની રક્ષાનો સવાલ છે. પ્રશાસને શંકાસ્પદ ગતિવિધિઓ પર પેની નજર રાખવી જ પડશે.'

**પાક્કો ગુજરાતનું આ હ્વાન**

રાષ્ટ્રની સુરક્ષા અને હિન્દુ ધર્મની રક્ષા એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. સરકાર અને વહીવટીતંત્રે આવા દેશવિરોધી તત્વોને ઓળખીને તેમના ફંડિંગના સ્ત્રોતો પર તાત્કાલિક ત્રાટકવું જોઈએ. જાગૃત બનો, સુરક્ષિત રહો!

વધુ વિગતો અને અપડેટ્સ માટે વાંચતા રહો - પાક્કો ગુજરાત (પાક્કી ખબર, પાક્કા ગુજરાતીઓ માટે)

# વિચારવા જેવું: હોટલના બિલમાં હજારોનો ધુમાડો, પણ શુદ્ધ અનાજ માટે ખિસ્સા કેમ ભીંસાય છે?

• પાક્કો ગુજરાત

આજના આધુનિક યુગમાં આપણી જીવનશૈલી જેટલી ઝાકઝમાળ ભરેલી દેખાય છે, તેનાથી વધુ પોકળ આપણી માનસિકતા સાબિત થઈ રહી છે. મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના પરિવારો મહિનામાં બે-ત્રણ વાર હોટલમાં જઈને હસતા મુખે રૂ. ૫૦૦૦નું બિલ ચૂકવી દે છે. ત્યાં કોઈ ભાવતાલ નથી થતો, કોઈ દલીલ નથી થતી. માત્ર જીભના ચટાકા માટે આપણે હજારો રૂપિયાનો ધુમાડો કરી નાખીએ છીએ, પરંતુ જ્યારે વાત આપણા સ્વાસ્થ્ય અને આવનારી પેઢીના ભવિષ્યની આવે ત્યારે આપણી ગણતરીઓ બદલાઈ જાય છે.

ઝેરમુક્ત ખેતી અને આપણી કંજૂસી કેમિકલયુક્ત ખેતીને કારણે આજે કેન્સર જેવા રોગો ઘરે ઘરે પહોંચી ગયા છે. આ પરિસ્થિતિમાં જ્યારે કોઈ ખેડૂત મહેનત કરીને, ગાય આધારિત કે જૈવિક (Organic) ખેતી દ્વારા શુદ્ધ ઘઉં પકવે અને જો તેનો ભાવ રૂ.૧૦૦૦ (૨૦ કિલોના) માંગે, ત્યારે આપણને તે મોંઘા લાગે છે. આપણે ભૂલી જઈએ છીએ કે હોટલનું એક




સાંજનું જમણું માત્ર થોડા કલાકોનો સંતોષ આપે છે, જ્યારે આ શુદ્ધ ઘઉં આખું વર્ષ આપણા પરિવારના શરીરને પોષણ આપે છે.

ખેડૂત મજબૂર બનશે તો નુકસાન કોને?

જો આપણે ખેડૂતને તેના પરસેવાનો અને શુદ્ધ ખેતીનો યોગ્ય ભાવ નહીં આપીએ, તો ખેડૂત પાસે બે જ રસ્તા બચશે:

૧. કાં તો તે ખેતી કરવાનું છોડી દેશે.

૨. કાં તો તે પણ સસ્તી અને કેમિકલયુક્ત ખેતી કરવા મજબૂર થશે.

જો ખેડૂત સસ્તી (ઝેરી) ખેતી તરફ વળ્યો, તો યાદ રાખજો કે તમારી બચાવેલી થોડી રકમ ભવિષ્યમાં હોસ્પિટલોના બિલમાં અનેકગણી થઈને વસૂલ થશે. આપણી આવનારી પેઢીઓનું સ્વાસ્થ્ય આજે આપણા લેવાયેલા આ ખોટા નિર્ણયોને કારણે જોખમમાં મુકાઈ રહ્યું છે.

નિષ્કર્ષ: » જીભના સ્વાદ માટે ૫૦૦૦ બગાડવા કરતા, જીવન બચાવવા માટે ખેડૂતને ૧૦૦૦ આપતા શીખવું પડશે. જો ખેડૂત સમૃદ્ધ થશે અને શુદ્ધ પકવતો થશે, તો જ આપણી પેઢીઓ આગળ વધશે. બાકી, હોટલના એસી રૂમમાં બેસીને આપણે આપણી જ આવનારી પેઢીના પતનની પટકથા લખી રહ્યા છીએ.

# ડભોઈ-ગોજાલી ઓવરબ્રિજ બન્યાને ૨ વર્ષ થયા, છતાં ડાયવર્ઝન' અને 'પ્રતિબંધ'ના બોર્ડ હજુ કેમ યથાવત

• ફકીરા ખત્રી ડભોઈ

તંત્રની ઘોર બેદરકારી: ડભોઈ-ગોજાલી ઓવરબ્રિજ બન્યાને ૨ વર્ષ થયા, છતાં ડાયવર્ઝન' અને 'પ્રતિબંધ'ના બોર્ડ હજુ કેમ યથાવત ડભોઈના તરસાણા ચોકડી પાસે સ્ટેટ હાઈવે વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. ડભોઈથી ગોજાલી પાસે નવો ઓવરબ્રિજ બનીને કાર્યરત થયાને બે વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, હજુ પણ રસ્તા પર જૂના ડાયવર્ઝન અને ભારે વાહન પ્રતિબંધના બોર્ડ યથાવત જોવા મળી રહ્યા છે.મુખ્ય મુદ્દાઓ જે પરેશાની ઉભી કરી રહ્યા છે : જૂના બોર્ડનો ભ્રમ: ગોજાલી પાસે ઓવરબ્રિજ તૈયાર છે, છતાં રસ્તા પર એવા બોર્ડ લગાવેલા છે કે 'આગળ ઢાઢર નદીના પુલનું કામ ચાલુ હોવાથી ભારે વાહનો માટે પ્રતિબંધ છે ખોટું ડાયવર્ઝન: વાઘોડિયા જવા માટે હજુ પણ 'ગોલાગામડા થી ખેરવાડી થઈને જવું' તેવા જૂના ડાયવર્ઝનના બોર્ડ વટેમાર્ગુઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે વાહનચાલકોની હાલાકી: સ્થાનિકો તો રસ્તા થી વાકેફ છે, પરંતુ બહારથી આવતા વાહનચાલકો આ બોર્ડ વાંચીને મુંઝવણમાં મુકાય




છે અને ખોટા લાંબા રસ્તે ફંટાઈ જાય છે તંત્રની નિષ્ક્રિયતા: બ્રિજ બન્યાને ૨૪ મહિના વીતી ગયા છતાં સ્ટેટ હાઈવેના અધિકારીઓની નજર આ બોર્ડ પર કેમ નથી પડી? શું અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટના કે લોકોના રોષની રાહ જોઈ રહ્યા છે?સ્થાનિકોનો સવાલ: 'જ્યારે સુવિધા તૈયાર થઈ ગઈ છે, તો પછી લોકોને હેરાન કરતા આ પ્રતિબંધિત બોર્ડ હટાવવામાં આટલી આળસ કેમ? શું સરકારી કાગળો પર હજુ પણ કામ ચાલુ બતાવવામાં આવી રહ્યું છેહવે જોવાનું એ રહે છે કે આ સમાચાર પ્રસિદ્ધ થયા બાદ સ્ટેટ હાઈવે વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને આ બોર્ડ હટાવે છે કે પછી જનતાએ હજુ પણ પરેશાન થવું પડશે.

# રાજપીપળાની શ્રી એમ. આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનું ગૌરવ



• રાજપીપલા,

રાજપીપળાની શ્રી એમ. આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજનો એન.સી.સી. શૂટિંગ સ્પર્ધામાં અમદાવાદ ખાતે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.રાજપીપલા ની શ્રી એમ.આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ના એન.સી.સી. કેડેટ કરણ વસાવાએ. રાજપીપળા ખાતે આવેલી એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના એનસીસી કેડેટ કરણ વસાવાએ એન.સી.સી. સ્ટેટ લેવલ શૂટિંગ સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી કોલેજ તથા સમગ્ર પ્રદેશનું ગૌરવ વધાર્યું છે. અમદાવાદ ખાતે એન.સી.સી. આંતર ગ્રુપ સ્પોર્ટ્સ શૂટિંગ ચેમ્પિયનશિપ 2026 માં કારણ વસાવાએ આ મેડલ પ્રાપ્ત કર્યો હતો તાજેતરમાં યોજાયેલી એનસીસી સ્ટેટ શૂટિંગ સ્પર્ધામાં કરણ વસાવાએ ઉત્કૃષ્ટ નિશાનેબાજી પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમની આ સિદ્ધિ સતત પરિશ્રમ, શિસ્ત અને અડગ મનોબળનું પ્રતિબિંબ છે. સ્પર્ધામાં રાજ્યભરના પ્રતિભાશાળી કેડેટ્સ વચ્ચે કરણે પોતાનું કૌશલ્ય સાબિત કરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કરણ વસાવા થ્રિ ગુજરાત ઈંડિપેંડેન્ટ કંપની રાજપીપલા ના કેડેટ છે. તેમની આ સિદ્ધિ બદલ કંપની ના કમાન્ડિંગ ઓફિસર અખિલેશ કુમાર, એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શૈલેન્દ્રસિંહ માંગરોલા, એન.સી.સી. અધિકારી કેપ્ટન રાહુલ ઠક્કર સરે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત બાર કાઉન્સિલમાં વંદના ભટ્ટની ભવ્ય જીત

# ગુજરાત બાર કાઉન્સિલ ની ચૂંટણીમાં પ્રથમ વખત નર્મદા જિલ્લા ને પ્રભુત્વ અપાવતા નર્મદા બાર પ્રમુખ વંદનાબેન ભટ્ટ

• રાજપીપલા

ગુજરાત બાર કાઉન્સિલ ની ચૂંટણીમાં પ્રથમ વખત નર્મદા જિલ્લા ને પ્રભુત્વ નર્મદા બાર પ્રમુખ તરીકે સતત 12 વખત ચૂંટાયેલા વંદનાબેન ભટ્ટ બાર કાઉન્સિલમાં પણ મેદાન મારી રહ્યાં છે.જોકે હજી મત ગણતરી ચાલી રહી છે તેમાં આ લખાઈ રહ્યું છે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીની મત ગણતરી હજી ચાલી રહી છે જેમાં નર્મદાનાં વંદના ભટ્ટ ખૂબ સારો દેખાવ કરી રહ્યાં છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં 18 પૈકી 14 માં ક્રમે મતગણતરીમાં વંદના ભટ્ટ વિજેતા થયા છે. વંદનાબેન આઈ. ભટ્ટ ભવ્ય બહુમતી સાથે વિજયી થયા છે. કુલ 99 ઉમેદવારોમાંથી 23 ઉમેદવારોની પસંદગીમાંથી જેમાં જનરલમાં 18 અને મહિલા અનામત માં 5 બેઠકોની પસંદગી થવાની છે. આ પ્રક્રિયામાં, વંદનાબેનને અંદાજે 2,03,002 કરતાં વધુ મતમૂલ્ય પ્રાપ્ત થયું છે, જે તેમની લોકપ્રિયતા અને વિશ્વાસનું પ્રતિક છે. જેમાં વંદના ભટ્ટ 18નંબર માંથી 14 નંબર પર વિજેતા થયા છે.

જાણવા મળેલ માહિતી મુજબ છેલ્લા 25 વર્ષ ઊપરાંત થી ભરૂચ-નર્મદા જિલ્લામાંથી પ્રથમ વખત આ ગૌરવ પ્રાપ્ત થયું છે, જે સમગ્ર વિસ્તાર માટે ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. ખાસ નોંધનીય બાબત એ છે કે નાના બાર એસોસિએશનમાંથી આવેલા ઉમેદવાર તરીકે સમગ્ર ગુજરાતમાં આજદિન સુધીનો આ અનોખો અને પ્રથમ વિજય છે.

વંદનાબેન આઈ. ભટ્ટ છેલ્લા 12 વર્ષથી નર્મદા જિલ્લામાં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં સક્રિય નેતૃત્વ આપીને ગરીબ અને જરૂરિયાતમંદ



લોકોની સહાયમાં સતત જોડાયેલા રહ્યા છે. તેમનો સેવાભાવ, વિશાળ અનુભવ અને મજબૂત નેતૃત્વ ક્ષમતા તેમને એક લોકપ્રિય અને વિશ્વાસપાત્ર વ્યક્તિત્વ બનાવે છે. તેઓ હાલમાં AGP (Assistant Government Pleader) તરીકે પણ સેવા આપી રહ્યા છે, જે તેમની કાનૂની કુશળતા અને પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

આ જીત માત્ર એક વ્યક્તિની નથી, પરંતુ નર્મદા જિલ્લાના તમામ વકીલમિત્રોની એકતા, વિશ્વાસ અને અડગ સંકલ્પની જીત છે .. જિલ્લાના તમામ તાલુકા બાર એસોસિએશનના સભ્યોએ એકમતથી પોતાના ઉમેદવારને સમર્થન આપ્યું અને આજે તેના ગૌરવપૂર્ણ પરિણામ સ્વરૂપે આ ભવ્ય વિજય પ્રાપ્ત થતા સૌએ શુભકામના પાઠવી છે.

મતદારોની સંખ્યામાં ભલે આપણે નાના હોઈએ, પરંતુ એકતા, સંકલ્પ અને આત્મવિશ્વાસમાં નર્મદા જિલ્લાના વકીલો હંમેશા અગ્રેસર રહ્યા છે, તેનો સ્પષ્ટ સંદેશ આજે સમગ્ર ગુજરાતને મળી રહ્યો છે.

આ વિજય નર્મદા જિલ્લાના ગૌરવ, એકતા અને આત્મસન્માનનું જીવંત પ્રતિક બની રહેશે અને ભવિષ્યમાં પણ પ્રેરણાસ્ત્રોત તરીકે કામ કરશે.

# પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ સર્વે - શું રાજ્યમાં થશે મોટું પરિવર્તન?

• અમદાવાદ/તિરુવનંતપુરમ




આગામી વિધાનસભા ચૂંટણી પહેલા 'પોલ મંત્ર' દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા પ્રી-પોલ સર્વેએ રાજકીય ગલિયારાઓમાં ભૂકંપ લાવી દીધો છે. ખાસ કરીને શાસક પક્ષ LDF માટે આ આંકડા ઊંઘ ઉડાડનારા સાબિત થઈ રહ્યા છે, જ્યારે વિપક્ષી ગઠબંધન UDF માં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સર્વેના મુખ્ય હાઈલાઈટ્સ:

* સત્તા વિરોધી લહેર (Anti-Incedency): સર્વે મુજબ રાજ્યમાં સત્તાધારી પક્ષ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. LDF નો વોટ શેર ઘટીને 33.7% થવાની શક્યતા છે.

* કોંગ્રેસ-UDF ની મોટી સરસાઈ: વિપક્ષી ગઠબંધન UDF અત્યારે રેસમાં સૌથી આગળ છે. તેમને 38.2% વોટ શેર સાથે મોટી લીડ મળતી જણાય છે.

* ભાજપ/NDA નો ગ્રાફ વધ્યો: રાજ્યમાં ત્રિપાંખિયો જંગ જામશે, કારણ કે NDA ને પણ 20.4% જેટલા મજબૂત વોટ મળવાની ધારણા છે.

મુખ્યમંત્રીની ખુરશી માટે કોણ ફેવરિટ?

સર્વેમાં જનતાને પૂછવામાં આવ્યું કે તેઓ આગામી મુખ્યમંત્રી તરીકે કોને જોવા માંગે છે?

* વી.ડી. સતીશન (UDF): 29.5% (સૌથી લોકપ્રિય)

* કે.સી. વેણુગોપાલ (UDF): 24.3%

* પિનરાઈ વિજયન (LDF): 18.2% (લોકપ્રિયતામાં મોટો ઘટાડો)

વિશ્લેષણ: શા માટે બદલાશે સરકાર?

લાખો લોકોના પ્રતિસાદ બાદ તૈયાર થયેલા આ સર્વેમાં મુખ્ય કારણો સામે આવ્યા છે:

* ભ્રષ્ટાચાર: 34% લોકો માને છે કે વર્તમાન સરકારમાં ભ્રષ્ટાચાર મુખ્ય મુદ્દો છે.

* મોંઘવારી અને બેરોજગારી: યુવા મતદારોમાં સરકાર પ્રત્યે નારાજગી સ્પષ્ટ દેખાય છે.

* વિકલ્પની શોધ: લોકો હવે નવા ચહેરા અને નવી વિચારધારાને તક આપવા માંગે છે.

» તંત્રીની નોંધ: આ સર્વેના આંકડા સ્પષ્ટ કરે છે કે જો આજે ચૂંટણી થાય, તો વિપક્ષ મજબૂત બહુમતી સાથે સત્તામાં આવી શકે છે. મુખ્યમંત્રી માટે હવે બાજી પલટાવવી મુશ્કેલ સાબિત થશે.

સર્વેના મુખ્ય તારણો:

* યુડીએફ (UDF) ને મોટી લીડ: કોંગ્રેસના નેતૃત્વવાળી UDF આ રેસમાં આગળ દેખાઈ રહી છે. સર્વે મુજબ તેમને ૩૮.૨% વોટ શેર મળી શકે છે.

* એલડીએફ (LDF) ને ફટકો: શાસક પક્ષ LDF સામે 'એન્ટી-ઈન્કમ્બન્સી' (સત્તા વિરોધી લહેર) જોવા મળી રહી છે. તેમનો વોટ શેર ઘટીને ૩૩.૭% સુધી જઈ શકે છે.

* મુખ્યમંત્રી તરીકે કોણ પસંદ?: UDF માંથી મુખ્યમંત્રીના ચહેરા તરીકે વી.ડી. સતીશન (VD Satheesan) ૨૯.૫% સાથે સૌથી આગળ છે, જ્યારે કે.સી. વેણુગોપાલ પણ મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે.

* ભાજપની સ્થિતિ: ભાજપના નેતૃત્વવાળી NDA ને અંદાજે ૨૦.૪% વોટ મળી શકે છે, જે દર્શાવે છે કે તેઓ પણ પોતાની પકડ મજબૂત કરી રહ્યા છે.

શા માટે બદલાઈ શકે છે સરકાર?

૧. સત્તા વિરોધી લહેર: ૧૦ વર્ષના શાસન બાદ જનતામાં સરકાર પ્રત્યે થોડો અસંતોષ જોવા મળી રહ્યો છે.

૨. ભ્રષ્ટાચારના આક્ષેપો: સર્વેમાં ૩૪% લોકોએ માન્યું છે કે સરકાર પર લાગેલા ભ્રષ્ટાચારના આક્ષેપો ગંભીર છે.

૩. યુવા મતદારો: ૧૮ થી ૩૫ વર્ષના યુવા મતદારોમાં UDF પ્રત્યે વધુ ઝુકાવ જોવા મળ્યો છે.

આ સર્વે ૨૬,૦૦૦ લોકોના સેમ્પલ સાઈઝ સાથે કરવામાં આવ્યો હતો, જે આગામી ચૂંટણીમાં મોટા ઉલટફેર તરફ ઈશારો કરે છે.

આતંક

ડભોઇ મહુડી ભાગોળ બહાર છેલ્લા 5 દિવસ થી આખલાઓનું 'યુદ્ધ'

# એક કલાક સુધીડભોઈ મહુડી ભાગોળ બહાર આખલાઓનું 'યુદ્ધ' કલાક સુધી મચાવ્યો આતંક

## ગભરાટના માર્યા કોઈ નજીક જવાની હિંમત કરી શકતું નહોતુંસ્થાનિકોએ પાણીનો મારો ચલાવી લોકોએ હિંમત ભેગી કરી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ મહુડી ભાગોળ બહાર છેલ્લા 5 દિવસ થી આખલાઓનું 'યુદ્ધ' એક કલાક સુધીડભોઈ મહુડી ભાગોળ બહાર આખલાઓનું 'યુદ્ધ' એક કલાક સુધી મચાવ્યો આતંક વહીવટી તંત્ર સામે લોકોનો આક્રોશ આજ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસથી આખલા યુદ્ધ થતું હોય છે અને લોકોને નુકસાન કરે છે શું કોઈનું મોત થશે ત્યારે વહીવટી તંત્ર જાગશે તેમ લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું..ડભોઈ શહેરમાં છેલ્લા છ દિવસથી રખડતા ઢોરોનો ત્રાસ અસહ્ય બની ગયો છે. શહેરના વ્યસ્ત મહુડી ભાગોળ બહાર આખલાઓ વચ્ચે સર્જાયેલા ભયાનક જંગને કારણે એક કલાક સુધી અફરાતફરીનો માહોલ રહ્યો હતો. છ દિવસમાં આ પાંચમી એવી ઘટના છે જેમાં નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા હોય લોકોને લારી-ગલા તેમજ વાહનને નુકસાન થતું હોય પરંતુ શું કોઈનુ મૃત્યુ થાય તેની રાહ જોઈ રહ્યા છે ક્યારે આ આખલા યુદ્ધનો નિકાલ કરશે તેની રાહ જોઈને બેઠેલા આ વિસ્તારના રહીશો તેમ જ અવરજવર કરતા લોકોમાં જન આક્રોશ જોવા મળી રહ્યો



છે આખલા 'યુદ્ધ' સતત એક કલાક ચાલ્યું નુકસાન રોડ પર પાર્ક કરેલી બાઈકો અને લારીઓના ફુરચા નીકળી ગયા.ભયાનક દ્રશ્યો અને લોકોમાં ફફડાટ પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે બે કદાવર આખલાઓ અચાનક સામસામે આવી ગયા હતા અને એકબીજા સાથે શીંગડા ભેરવી યુદ્ધે ચઢ્યા હતા. આ લડાઈ એટલી હિંસક હતી કે આસપાસના વાહનચાલકો અને રાહદારીઓ થંભી ગયા હતા. આખલાઓ લડતા-લડતા પાર્ક કરેલા વાહનો પર પડતા વાહનોને ભારે નુકસાન થયું હતું. ગભરાટના માર્યા કોઈ નજીક જવાની હિંમત કરી શકતું નહોતુંસ્થાનિકોએ પાણીનો મારો ચલાવી લોકોએ હિંમત ભેગી કરી આખલાઓને છૂટા પાડવા પ્રયાસો કર્યા હતા. શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઢોરોનો જમાવડો દિન-પ્રતિદિન વધી રહ્યો છે વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજન કરવામાં આવતું નથી કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહી છે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી ક્યારે જાગશે મચાવ્યો આતંક વહીવટી તંત્ર સામે લોકોનો આક્રોશ આજ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસથી આખલા યુદ્ધ થતું હોય છે અને લોકોને નુકસાન કરે છે શું કોઈનું મોત થશે ત્યારે વહીવટી તંત્ર જાગશે તેમ લોકોમાં ચર્ચાઈ રહ્યું હતું..ડભોઈ શહેરમાં છેલ્લા છ દિવસથી રખડતા ઢોરોનો ત્રાસ અસહ્ય બની ગયો છે. શહેરના વ્યસ્ત મહુડી ભાગોળ બહાર આખલાઓ વચ્ચે સર્જાયેલા ભયાનક જંગને કારણે એક કલાક સુધી અફરાતફરીનો માહોલ રહ્યો હતો. છ દિવસમાં આ પાંચમી એવી ઘટના છે જેમાં નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાયા હોય લોકોને લારી-ગલા તેમજ વાહનને નુકસાન થતું હોય પરંતુ શું કોઈનુ મૃત્યુ થાય તેની રાહ જોઈ રહ્યા છે ક્યારે આ આખલા યુદ્ધનો નિકાલ કરશે તેની રાહ જોઈને બેઠેલા આ વિસ્તારના રહીશો તેમ જ અવરજવર કરતા લોકોમાં જન આક્રોશ જોવા મળી રહ્યો છે આખલા 'યુદ્ધ' સતત એક કલાક ચાલ્યું નુકસાન રોડ પર પાર્ક કરેલી બાઈકો અને લારીઓના ફુરચા નીકળી ગયા.ભયાનક દ્રશ્યો અને લોકોમાં ફફડાટ પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે બે કદાવર આખલાઓ અચાનક સામસામે આવી ગયા હતા અને એકબીજા સાથે શીંગડા ભેરવી યુદ્ધે ચઢ્યા હતા. આ લડાઈ એટલી હિંસક હતી કે આસપાસના વાહનચાલકો અને રાહદારીઓ થંભી ગયા હતા. આખલાઓ લડતા-લડતા પાર્ક કરેલા વાહનો પર પડતા વાહનોને ભારે નુકસાન થયું હતું. ગભરાટના માર્યા કોઈ નજીક જવાની હિંમત કરી શકતું નહોતુંસ્થાનિકોએ પાણીનો મારો ચલાવી લોકોએ હિંમત ભેગી કરી આખલાઓને છૂટા પાડવા પ્રયાસો કર્યા હતા. શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ઢોરોનો જમાવડો દિન-પ્રતિદિન વધી રહ્યો છે વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજન કરવામાં આવતું નથી કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહી છે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી ક્યારે જાગશે.

ભીડમાં ચાલુ ટ્રેને લોકો ચડતાં જોવા મળ્યાં

# રમજાન ઈદના દિવસે કાંકરિયા પરિસરમાં ચાલતી ટોય ટ્રેનમાં સર્જાઈ દુર્ઘટના : ચાલુ ટોય ટ્રેનમાં સગીર ચડવા ગયોને નીચે પડ્યો

દુર્ઘટના

## કાંકરિયાના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, ખૂબ વધારે ભીડ હોવાના કારણે લોકો ચાલુ ટ્રેનમાં આ રીતે ચડે છે

• અમદાવાદ

અમદાવાદમાં કાંકરિયા પરિસર અમદાવાદીઓ અને બહારથી આવનારા મુલાકાતીઓ માટે ફરવાનું સ્થળ છે. ત્યારે રમજાન ઈદના દિવસે કાંકરિયા પરિસરમાં ચાલતી ટોય ટ્રેનમાં એક દુર્ઘટના થતાં રહી હતી. ચાલુ ટ્રેનમાં કેટલાક લોકો ચડવા ગયા હતાં. જેમાં એક સગીર બાળક નીચે પડ્યો હતો.જોકે સદનસીબે બાજુના ભાગે પડ્યો હોવાના કારણે ટ્રેનની નીચે ન આવતા તેને ઈજા થઈ નહોતી, જોકે નાના બાળકોથી લઈ અને મોટા યુવકો ચાલુ ટ્રેનમાં ચઢી અને ઉભા રહેતા હતાં. આખી ટ્રેન લોકોથી ભરેલી હોવા છતાં પણ લોકો ટ્રેન ઉપર ચડી જતા હતા તેમજ નીચે ઉતરી જતા હતાં. ચાલુ ટ્રેનમાં ચડવા અને ઉતરવાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયા છે. સમગ્ર મામલે કાંકરિયા પરિસર તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી છે. કાંકરિયા પરિસરનો હવાલો સંભાળતા HOD પંકજ ભૂતે જણાવ્યું હતું કે, આ મામલે અમે તપાસ કરીશું અને હવેથી જો મોટા તહેવારો આવે અને ખૂબ ભીડ હોય ત્યારે ટ્રેનના દરેક ડબ્બામાં પણ એક વ્યક્તિ મુકીશું જેથી કોઈ ઘટના બને નહીં. ટ્રેનમાં સિક્યુરિટી મૂકાયા છતાં બેદરકારી કાંકરિયાના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, ખૂબ વધારે ભીડ હોવાના કારણે લોકો ચાલુ ટ્રેનમાં આ રીતે ચડે છે અને ખૂબ ધીમી ગતિએ ટ્રેન ચાલતી હોવાના કારણે ચાલુ ટ્રેનમાં ચડવા ઉતરવાનો પ્રયાસ કરે છે. ટ્રેનમાં સિક્યુરિટી મૂકવામાં આવેલી જ છે પરંતુ કેટલાક લોકો આ પ્રમાણે વર્તન કરતા હોય છે.

કાંકરિયામાં ખૂબ મોટી સંખ્યામાં લોકોની ભીડ અમદાવાદનું કાંકરિયા



પરિસર ફરવા માટેનું સ્થળ છે જ્યાં સૌથી વધારે લોકો આવતા હોય છે રજાના દિવસોમાં પણ લોકોની ભીડ વધુ રહેતી હોય છે. ત્યારે ગઈકાલે 21 માર્ચના રોજ રમજાન ઈદનો તહેવાર હોવાના કારણે કાંકરિયામાં ખૂબ મોટી સંખ્યામાં લોકોની ભીડ જોવા મળી હતી. જોકે કાંકરિયા પરિસરમાં ચાલતી ટોય ટ્રેનમાં એક દુર્ઘટના થતા રહી ગઈ હતી.

ચાલુ ટ્રેનમાં ચડવા ગયો ને નીચે પડી ગયો ગઈકાલે (21 માર્ચ) સવારથી જ મોટી સંખ્યામાં લોકો કાંકરિયા પરિસરમાં તહેવાર હોવાના કારણે આવ્યા હતા. કાંકરીયા ફરવા માટે આવેલા નાના બાળકોથી લઈ અને મોટા યુવકો દ્વારા ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ટ્રેનમાં ઉપર ચઢી અને નીચે ઉતરવાની મજા લેતા હતા, જોકે એક બાળક માટે આ મજા સજા બની જતી ઘટના બની હતી. ચાલુ ટ્રેનમાં ચડવા જતો હતો પરંતુ તે નીચે પડી ગયો હતો. મજાક મસ્તી સજા બની જાય એવા દ્રશ્યો નાના બાળકોની અને યુવકોની આવી મજાક મસ્તી ક્યારે તેમના માટે સજા બની જાય એવા દ્રશ્યો વીડિયોમાં જોવા મળ્યા હતાં. નાના બાળકો ચાલુ ટ્રેનમાં ઉપર ચડી રહ્યા હતા અને ઉતરી રહ્યા હતા ટ્રેનમાં મફતમાં ઉપર ચડવા અને નીચે ઉતારવા જેવી સ્થિતિ જોવા મળી હતી. જો કે કાંકરિયા પરિસરની સિક્યુરિટી ગાર્ડ દ્વારા આ પ્રમાણે મજાક મસ્તી કરનારા લોકોને રોકવામાં પણ ન આવ્યા હોવાની ચર્ચા છે. કાંકરિયાના તંત્રની બેદરકારી, સિક્યુરિટી ગાર્ડ આ જોતા નહીં હોય?

જે લોકો કાંકરિયા પરિસરમાં ફરવા માટે આવતા હોય છે ત્યારે તેમની સુરક્ષા માટે પણ સિક્યુરિટી હોવી જરૂરી છે કોઈ દુર્ઘટના ન ઘટે તેના માટે આવા સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવે છે. પરંતુ સિક્યુરિટી ગાર્ડની ધ્યાન ન રાખતા હોવાના કારણે ચાલુ ટ્રેનમાં ચડવા અને ઉતરવા જેવી ઘટનામાં દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ રમજાન ઈદના દિવસે જોવા મળી છે. માતા પિતા પોતાના સગીર બાળકોને ફરવા માટે એકલા પણ મોકલી દેતા હોય છે ત્યારે સગીર દ્વારા મોજ મસ્તીના કારણે પોતાનો જીવ ગુમાવવો પડે તેવી સ્થિતિ પણ ક્યારેક સર્જાઈ જતી હોય છે. જેથી માતા-પિતા જ્યારે પોતાના બાળકોને બહાર એકલા ફરવા માટે મોકલતા હોય છે.

# ચકલી સંરક્ષણ માટે અભિયાન ઉનાળામાં પક્ષીઓને પાણી ઉપલબ્ધ કરાવવા પ્રયાસ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરમાં World Sparrow Day (વિશ્વ ચકલી દિવસ) નિમિત્તે ભાજપ યુવા મોરચા તથા તાલુકા-નગર ભાજપ સંગઠન દ્વારા પક્ષી સંરક્ષણ માટે અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું કાર્યક્રમ ડભોઈ APMCના મેદાન ખાતે યોજાયો હતો, જ્યાં ઉનાળાની કડકડતી ગરમીમાં પક્ષીઓને પાણીની અછત ન રહે તે હેતુસર આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ચકલી સહિત નાના પક્ષીઓને સરળતાથી પાણી ઉપલબ્ધ કરાવવાનો હતો.આ કાર્યક્રમ દ્વારા નાગરિકોને પોતાના ઘરઆંગણે, ગેલેરીમાં અથવા આસપાસના વિસ્તારોમાં પાણીના કુંડા મૂકવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા, જેથી ચકલી સહિતના પક્ષીઓનું સંરક્ષણ થઈ શકે. આ અભિયાનને સ્થાનિક કાર્યકરો અને નાગરિકોમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો.આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના પ્રમુખ




બિરેન શાહ કિરીટ વસાવા ડો.સંદીપ શાહ સઈદભાઈ લોટવાળા સહિત ભાજપના કાર્યકરો અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ચકલી કેમ લુપ્ત થતી જાય છે? ચકલી (હાઉસ સ્પેરો) એક સમયે દરેક ઘરઆંગણે જોવા મળતો સામાન્ય પક્ષી હતો, પરંતુ આજે તેની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. તેના મુખ્ય કારણો નીચે મુજબ છે મોબાઈલ ટાવર રેડિએશન: ટાવરથી નીકળતા તરંગો ચકલીઓના નેવિગેશન અને પ્રજનન પર અસર કરે છે આધુનિક બિલ્ડિંગ્સ: જૂના મકાનોમાં રહેઠાણ માટે જગ્યા મળતી હતી, જ્યારે નવા બંધ મકાનોમાં ગૂંથ બાંધવા જગ્યા નથી.ખોરાકની અછત: કીટનાશકોના વધતા ઉપયોગથી નાના જીવજંતુઓ ઘટી રહ્યા છે, જે ચકલીનો મુખ્ય આહાર છે.પ્રદૂષણ: હવા અને અવાજ પ્રદૂષણથી પણ પક્ષીઓ પર પ્રતિકૂળ અસર પડે છે પાણીની તંગી: ખાસ કરીને ઉનાળામાં પાણી ન મળવાથી ઘણા પક્ષીઓ જીવતા નથી રહેતા. શું કરી શકાય ઘરઆંગણે પાણીના કુંડા અને દાણા મૂકવાગૂંથ માટે નાના બોક્સ (Nest Box) લગાવવાઝાડ-વૃક્ષોનું સંરક્ષણ કરવું

# ડભોઈના સામાજિક આગેવાન અને પ્રસન્ન ફાઉન્ડેશન ના સહયોગ થી વિવેક મહેતાએ જન્મદિવસ ની અનોખી ઉજવણી કરાઈ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ સામાજિક કાર્યકર,બ્રહ્મ સમાજ ના અગ્રણી,પ્રસન્ના ફાઉન્ડેશન ના ચેરમેન એવા વિવેકભાઈ મહેતા ના જન્મદિવસ નિમિતે તેઓ દ્વારા વિવિધ સેવા કાર્યો કરવામાં આવે છે પરંતુ આજે વિશેષ તેમના જન્મદિન નિમિતે ડભોઈ ના પાંજરા પોળ ખાતે અબોલ જીવો ને ઘાસચારો ખવડાવી ખરા અર્થ માં જન્મદિવસ ની ઉજવણી કરી હતી.આ સાથે જ તેઓના પ્રસન્ના ફાઉન્ડેશન દ્વારા દર અગિયારસ ના દિવસે પાંજરાપોળ માં અબોલ પશુઓ ને ઘાસચારો ખવડાવી પશુઓ ની સેવા કરવામાં આવે છે.આજરોજ તેઓના જન્મ દિવસ નિમિત્તે તેઓ દ્વારા કાળઝાળ ગરમી માં લોકસેવા અર્થે નિઃશુલ્ક છાસ નું વિતરણ કરવામાં આવ્યું હતું.અને આજ ના યુગ માં જ્યારે વૃક્ષો નું નિકંદન કરવામાં આવી રહ્યું છે ત્યારે વૃક્ષો પર રહેતી ચકલીઓ ને રહેઠાણ માટે કોઈ જગ્યા ન હોવાના કારણે ચકલીઓ નીં સંખ્યા ઘટી રહી



છે.જેને ધ્યાન માં રાખતા આજરોજ વિવેક ભાઈ દ્વારા ચકલી ને રહેવા માટે ' ચકલી ઘર ' નું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.તેઓના સોસીયલ એકાઉન્ટ માં તેઓ દ્વારા તમામ ને જણાવ્યું હતું કે જે પણ પશુ કે પક્ષી પ્રેમી છે જેઓને પોતાના ઘર કે ઘર ના ટેરેસ પર ચકલી માટે ચકલી ઘર મૂકવું હોય તેઓને નિઃશુલ્ક ચકલી ઘર તેઓના ઘરે પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું હતું. આજરોજ તેઓના જન્મદિન નિમિતે વિવિધ સેવા કાર્યો કરવામાં આવ્યા હતા.

# રાણપુર તાલુકાના કનારા ગામે જાહેરમાં જુગાર રમતા 4 ઇસમો ઝડપાયા




પોલીસે રોકડા રૂ.10,400 નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો બોટાદ જિલ્લા પોલીસ વડા(IPS)ધર્મેન્દ્ર શર્મા દ્વારા સમગ્ર જિલ્લામાં જુગારની બદી નેસ્ત નાબૂદ કરવાની સૂચના આપવામાં આવેલ હોય જે સુચનાને લઈ રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ તેમજ પોલીસ સ્ટાફ ના દશરથભાઈ કમેજળીયા, ધરમશીભાઈ ધરજીયા, દશરથભાઈ મીઠાપરા, મનસુખભાઈ કમેજળીયા, અનિરૂધ્ધભાઈ જેબલીયા,સંજયભાઈ શેખ સહીત પોલીસ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે રાણપુર તાલુકાના કનારા ગામની સીમમાં તળીયુની વાડીયુમાં ઓકળામાં ગંજીપત્તા વડે તીનપત્તીનો હારજીત નો જુગાર રમતા 4 ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા.જેમાં વિનોદભાઈ ગોપાલભાઈ ધોડકીયા,કરશનભાઈ રણછોડભાઈ ચૌહાણ ,રાજુભાઈ મનજીભાઈ જમોડ, અરવિંદભાઈ ઠાકરશીભાઈ ડાભી ને રોકડા રૂપિયા 10,400 ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તમામ વિરૂધ્ધ જુગારધારા કલમ-12 હેઠળ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

૫૫૦૦ કન્ટેનરોને પાછા બેક ટુ ટાઉન લાવવા માટેનો અંદાજે ૨૭૫ કરોડનો ખર્ચ એક્સપોર્ટરોના માથે

# ઈરાન ઈઝરાયેલ અમેરિકા યુદ્ધના લીધે યુ.એ.ઇ ના ખોરફક્કન પોર્ટ અને ઓમાનના સોહાર પોર્ટ ઉપર ૫૫૦૦ કન્ટેનર અટવાયા

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષપત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ઈરાન ઈઝરાયેલ અમેરિકા યુદ્ધના લીધે સમગ્ર વિશ્વનો વેપાર કટોકટી ની સ્થિતિમાં મુકાઈ ગયો છે. એક્સપોર્ટ ઈમ્પોર્ટ ના ઉદ્યોગ ઉપર ગંભીર આફત આવી પડી છે. યુદ્ધની સ્થિતિ ના લીધે યુ.એ.ઇ ના ખોરફક્કન પોર્ટ અને ઓમાનના સોહાર પોર્ટ ઉપર દક્ષિણ એશિયાઈ દેશોના ૨૯૦૦૦ થી વધુ કન્ટેનર અટવાઈ પડ્યા છે જેમાં ગુજરાત ભારતના ૫૫૦૦ વધુ કન્ટેનરો છે. ગુજરાત ભારત બટાકા, તરબૂચ, માછલી, સી ફૂડ, શાકભાજી, ડેરી પ્રોડક્ટ જેવી નાશવંત (perishable) કોમોડિટી એક્સ્પોર્ટ કરે છે. ખોરફક્કન પોર્ટ ઉપર ૮૦૦ થી વધુ રીફર કન્ટેનરો એટલે રેફ્રિજરેટેડ કન્ટેનરો ઉતારી દેવામાં આવ્યા છે. જે કન્ટેનરોને ને ઠંડા રાખવા માટે ઈલેક્ટ્રિક પ્લગ્સ ની વ્યવસ્થાની જરૂર હોય છે ત્યારે તે પોર્ટ ની કેપેસિટી ઓછી હોવાથી પોર્ટ ઉપર માત્ર ૧૨૦ જેટલા પ્લગ્સ ઉપલબ્ધ છે ત્યારે તે પોર્ટ ઉપર નો નાશવંત માલ સંપૂર્ણ સડી કે બગડી જાય તેવી પરિસ્થિતિમાં છે. કન્ટેનરો ને પાછા બેક ટુ ટાઉન એટલે ભારત લાવવાનો મોટો ખર્ચ ઉપાડવો પડે તેવી પરિસ્થિતિ છે. પ્રતિ કન્ટેનર દીઠ આશરે ૫૦૦૦૦૦ નો ખર્ચ થાય તેમ છે. જો બંને પોર્ટ ઉપરનાં ૫૫૦૦ કન્ટેનરો ના પાછા ભારત લાવવામાં આવે તો તેનો ખર્ચ ૨૭૫ કરોડ એક્સપોર્ટરો ના માથે જાય તેવી પરિસ્થતિ છે. કેટલીક કોમોડિટીમાં માં કન્ટેનરની કિંમત કરતા પાછા લાવવાની કિંમત વધી જાય છે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.

રમઝાન ઈદ ના સમયે ગુજરાતના ખાસ કરી અમદાવાદ અને સુરતનાગારમેન્ટ કપડા ઉદ્યોગ ગલ્ફ દેશો જોડે ૧૫૦૦ કરોડ નો વેપાર કરે છે. યુદ્ધના લીધે ગારમેન્ટ એક્સ્પોર્ટ ઉદ્યોગને ૧૫૦૦ કરોડ ના નુકશાનનો ફટકો પડે તેવી સ્થિતિમાં આવી ગયું છે. સમયે માલ ના પહોંચે, ઓર્ડર રદ્દ થાય અને કન્ટેનરો અટવાવવાથી ગારમેન્ટ ઉદ્યોગ ની સ્થિતી ડામાડોળ થઈ છે. ગુજરાત રાજ્યમાં થી કેસર કેરી અને અન્ય કેરીનો આશરે ૫૦૦ કરોડનો ગલ્ફ જોડે વેપાર થાય છે. યુદ્ધ લંબાશે તો કેરી ના એક્સપોર્ટ ઉપર ગંભીર અસર કરશે. જેના લીધે કેરી એક્સપોર્ટરો સહિત સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના ખેડૂતો ઉપર વ્યાપક અસર થશે.યુદ્ધની પરિસ્થિતિમાં એક્સપોર્ટરો બરબાદ થઈ જાય તેવી પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા એક્સપોર્ટરોને બચાવવા રાહત પેકેજ માટે ની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ, ત્યાં સરકાર મગ નું નામ મરી નથી પાડતી. યુવા પેઢી જે સ્ટાર્ટ અપ ના નામે એક્સપોર્ટ ઈમ્પોર્ટ જોડે જોડાયેલી હશે તેને આ નુકશાનની અસર ના ભોગવવી પડે તે દિશામાં સરકારે વિચારવું જોઈએ.

# સિદ્ધપુર પસવાદળની પોળે કોમ્યુનિટી હોલનુ લોકાર્પણ કરતા ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત



સિદ્ધપુર પસવાદળની પોળ ખાતે ગ્રીમકો (CSR) યોજનાની ગ્રાન્ટ હેઠળ નિર્માણ પામેલ "કોમ્યુનિટી હોલ"નું લોકાર્પણ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે કર્યું હતું તેઓએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે આ કોમ્યુનિટી હોલ માત્ર એક ઈમારત નથી, પરંતુ સમાજને એકસાથે જોડતું અને સાંસ્કૃતિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતું એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે. સુખ અને દુઃખના દરેક પ્રસંગે આ હોલ લોકો માટે ઉપયોગી સાબિત થશે અને સમાજમાં એકતા અને સહકારની ભાવનાને વધુ મજબૂત બનાવશે. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારની રજૂઆત અન્વયે ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે સરકાર હસ્તકની ગ્રીમકોની સીએસઆર ગ્રાન્ટમાંથી આ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરાવ્યું છે જે તમામ સમાજના લોકો માટે ઉપયોગી થશેઆ પ્રસંગે પ્રાંત અધિકારી જય કુમાર બારોટ, મનીષભાઈ આચાર્ય, અનિતાબેન પટેલ, સોનલબેન ઠાકર, રશ્મિનભાઈ દવે, વિષ્ણુભાઈ પટેલ, હેતલબેન પંચાલ, ઉર્વેશભાઈ પંડ્યા, કપિલભાઈ પાધ્યા, રણજીતસિંહ સોલંકી, વરિષ્ઠ આગેવાન શંભુભાઈ દેસાઈ, યુવા અને મહિલા મોરચાના આગેવાન, નગરપાલિકાના પૂર્વ સદસ્યો, પૂર્વ પ્રમુખો, તેમજ પૂર્વ કોર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન ભરતસિંહ ઠાકોરે અને આભાર વિધિ કૌશલભાઈ જોશીએ કરી હતી કાર્યક્રમનું સુંદર સંચાલન નીરજા ઠાકરે કર્યું હતું

# કલોલમાં જોબ અને લોન મેલા ઈન્વેસ્ટમેન્ટ અવરનેસ કાર્યક્રમનું આયોજન : બહેનોને પગભર બનાવવા અપાયું માર્ગદર્શન

• ગાંધીનગર

જન શિક્ષણ સંસ્થાન ગાંધીનગર દ્વારા કલોલ હેડ ઓફિસ પર જોબ અને લોન મેલા ઈન્વેસ્ટમેન્ટ અવરનેસ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં અરવિંદ લિમિટેડ ગારમેન્ટ યુનિટ અરવિંદ ઈન્ટરનેશનલ કેમ્પસ ખાત્રજ માંથી ઉપસ્થિત રહેલ તુષારભાઈ બારોટ HR મેનેજર સિક્યુરિટીઝ માર્કેટ ટ્રેનર SMART અમિતાબેન પટેલ, જન શિક્ષણ સંસ્થાના નિયામક દીનાબેન ચોકસી, સ્ટાફ, ઈન્સ્ટ્રક્ટર તથા મોટી સંખ્યામાં લાભાર્થી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ઉપસ્થિત મહાનુભાવો એ ગારમેન્ટ વિશે અલગ અલગ વિશે નોકરી બાબતે સમજાવ્યું હતું.

**પુલ તૂટી જવાની ભીતિ** ભ્રષ્ટ કામગીરીના વિરોધમાં રોષે ભરાયેલા ખેડૂતોએ રામધૂન બોલાવી તંત્રને જગાડવાનો કર્યો પ્રયાસ

# ધોરાજીના મોટી મારડમાં વિકાસના નામે મસમોટો ભ્રષ્ટાચાર: ૧૦ લાખના ખર્ચે બનેલા કોઝવેમાં 'લોલમલોલ', હાથ અડાડતા જ રસ્તો ઉખડ્યો!

**ધોરાજી તાલુકાના મોટી મારડથી મારડીયા જવાના માર્ગે બનેલા કોઝવેમાં હલકી કક્ષાનું મટીરીયલ વપરાયાનો ખેડૂતો અને ખુદ પંચાયત સદસ્યનો સનસનીખેજ આક્ષેપ**

• રાજકોટ: ધોરાજી



રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ સ્થાનિક લેવલે ભ્રષ્ટ બાબુઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી આ ગ્રાન્ટના નાણાં કઈ રીતે સીધા ભ્રષ્ટાચારની ગટરમાં વહી જાય છે, તેનો જીવતો જાગતો નમૂનો ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં જોવા મળ્યો છે. ધોરાજીના મોટી મારડથી મારડીયા જવાના માર્ગે તાજેતરમાં જ બનેલા નવા કોઝવેના કામમાં મોટા પાયે 'પોલંપોલ' ચાલી હોવાના આક્ષેપ સાથે ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે.સ્થિતિ એટલી હદે વણસી છે કે રસ્તા પર મુકાયેલી કપચી અને સિમેન્ટ હાથ અડાડતા જ ઉખડી રહ્યા છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લા પંચાયતની ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી આ કોઝવે (ચેકડેમ કમ રસ્તો) બનાવવામાં આવ્યો છે. મોટી મારડ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૧ ના સદસ્ય પ્રવીણભાઈ સોલંકી અને ખેડૂત આગેવાન પરેશભાઈ વાછાણીના જણાવ્યા મુજબ, આ રસ્તા પરથી રોજના ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા ખેડૂતોની અવરજવર રહે છે અને આ માર્ગ ૩ થી ૪ ગામોને જોડે છે. જોકે, કોન્ટ્રાક્ટરે અહીં સાવ હલકી કક્ષાનું મટીરીયલ વાપરીને માત્ર પોતાના ખિસ્સા જ ભર્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. રસ્તા પર મોટી તિરાડો પડી ગઈ છે અને સહેજ હાથ અડાડતા જ મટીરીયલ બહાર આવી જાય છે. રોષે ભરાયેલા ખેડૂતોએ કોઝવે પર જ 'રામધૂન' બોલાવીને તંત્રની આંખ ઉઘાડવાનો પ્રયાસ કર્યો હતો અને જવાબદારો સામે કડક તપાસની માંગ ઉઠાવી છે.

એક તરફ ખેડૂતો અને પંચાયતના જ સદસ્ય ખુલ્લેઆમ ભ્રષ્ટાચારના પુરાવા આપી રહ્યા છે, ત્યારે મોટી મારડના મહિલા સરપંચ શર્મિલાબેન ચાવડાએ બધો જ દોષ સોલાર કંપનીના વાહનો પર ઢોળી દીધો છે. સરપંચનું કહેવું છે કે, આ આક્ષેપો પાયાવિહોણા છે. બાજુમાં ચાલતા સોલાર પ્રોજેક્ટના ભારે વાહનો અને થાંભલા ભરેલી ગાડીઓ આ કોઝવે પરથી પસાર થવાને કારણે નુકસાન થયું છે. વધુમાં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અગાઉ ચોમાસામાં તેમણે પોતાના અંગત ૫૦ હજાર રૂપિયા વાપરીને પુલને ટકાવી રાખ્યો હતો.

અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, જો ૧૦ લાખ રૂપિયા પૂરેપૂરા અને ઈમાનદારીથી રસ્તાના કામમાં વપરાયા હોય, તો પછી માત્ર થોડા ભારે વાહનો પસાર થવાથી આખો કોઝવે કેવી રીતે જર્જરિત થઈ શકે? શું એન્જિનિયરોએ પાસ કરેલું કામ આટલું નબળું હતું? ખેડૂતો આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે આગામી ચોમાસામાં આ પુલ પાણીમાં ગરકાવ થઈ જશે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અને ધોરાજી તાલુકાના ઉચ્ચ અધિકારીઓ આ લોલમલોલ કામગીરીનું સરપ્રાઈઝ ચેકિંગ કરી ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને તેને છાવરતા લોકો સામે કોઈ નક્કર કાર્યવાહી કરશે કે પછી ખેડૂતોની રજૂઆત માત્ર કાગળ પર જ રહી જશે?

**ટ્રાફિક જંકશનો પર તડકામાંથી રાહત માટે નેટ લગાવાઈ**

# ટુ વ્હીલર ચાલકોને ગરમીનો સામનો ઓછો કરવો પડશે, શહેરના 24 ટ્રાફિક સિગ્નલો પર ગ્રીન નેટ લાગશે

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન** 10થી 12 જેટલા ટ્રાફિક જંકશનનો ઉપર હજી નેટ લગાવાશે



• અમદાવાદ

ઉનાળામાં ગરમીના ધોમ ધખતાં તાપમાં બપોરે વાહનચાલકો અને ટ્રાફિક સિગ્નલ પર બે મિનિટ સુધી રહેવું પડે છે, ત્યારે ગરમીનો સામનો કરવો પડે છે ત્યારે વાહનચાલકોને ગરમીની આડઅસર ન થાય તેના માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સૌથી વધારે ટ્રાફિક અને બપોરના સમયે ચાલુ રાખવા પડે એવા ટ્રાફિક સિગ્નલો ઉપર ટુ વ્હીલર ચાલકો માટે નેટ લગાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ક્રેડાઈ અને અન્ય સંસ્થાના સહયોગથી આ નેટ લગાવવામાં આવી છે. લાલદરવાજા વિક્ટોરિયા ગાર્ડન ચાર રસ્તા પાસે પ્રાથમિક ધોરણે અત્યારે નેટ લગાવવામાં આવી છે. 24 ટ્રાફિક સિગ્નલો પરના મુખ્ય ચાર રસ્તાઓ ઉપર નેટ લગાવવાથી વાહન ચાલકોને બપોરના સમયે ઓછી ગરમી લાગશે.\ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના અધિકારી ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે ટુ વ્હીલર ચાલકોને ગરમીના સમયમાં ચાર રસ્તા ઉપર વધારે સમય ઊભું રહેવું પડે છે જેને લઈને ગરમીની આડઅસર થવાની શક્યતાઓ છે. સૌથી વધારે ટ્રાફિક જે ચાર રસ્તા ઉપર આવેલા છે તેમને આઈડેન્ટીફાય કરીને આવા ચાર રસ્તા ઉપર ગ્રીન નેટ લગાવવામાં આવી રહી છે. ક્રેડાઈ અને અન્ય સંસ્થાઓના સહયોગથી લગાવવામાં આવી રહી છે. 10થી 12 જેટલા ટ્રાફિક જંકશનનો ઉપર હજી નેટ લગાવવામાં આવશે.શહેરના શિવરંજની ચાર રસ્તા, શ્યામલ ચાર રસ્તા, અંજલી ચાર રસ્તા, પાલડી ચાર રસ્તા જેવા અલગ અલગ મુખ્ય ચાર રસ્તાઓ પર જ્યાં સૌથી વધારે ટ્રાફિક રહે છે અને બપોરના સમયે ટ્રાફિક જંકશનનો ચાલુ હોય છે ત્યાં લગાવવામાં આવશે.

શહેરમાં 291 જેટલા ટ્રાફિક સિગ્નલો આવેલા છે જેમાંથી 78 જેટલા ટ્રાફિક સિગ્નલો જ્યાં ઓછો ટ્રાફિક હોવાના પગલે તેને બપોરે 12થી 4 વાગ્યા સુધી બ્લીન્કીંગ મોડ ઉપર રાખવામાં આવ્યા છે. જેથી ત્યાં વાહન ચાલકોને ગરમીનો સામનો નહીં કરવો પડે, પરંતુ જે ટ્રાફિક જંકશન ચાલુ છે ત્યાં ગરમી વાહન ચાલકોને ઓછી લાગે ત્યાં નેટ લગાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.જે ટ્રાફિક સિગ્નલો પર વધુ ટ્રાફિક થાય તેને ચાલુ રાખવા જરૂરી હોવાથી આવા ચાર રસ્તા ઉપર ગ્રીન નેટ લગાવવા માટે CREDAI અને અલગ અલગ સંસ્થાઓ દ્વારા 24 જેટલા ટ્રાફિક સિગ્નલો પર અત્યારે ગ્રીન નેટ લાગશે.

# આનંદનગરમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું, 65 સિલિન્ડર અને 2 રિક્ષા સાથે એકની ધરપકડ

**ગેસની હેરાફેરી માટે વપરાતી 2 લોડિંગ રિક્ષા અને રિફિલિંગ સાધનો જપ્ત કર્યા હતા**

• અમદાવાદ



મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે દેશમાં ઊભા થયેલા LPG સંકટ વચ્ચે અમદાવાદમાં ગેસના કાળાબજારનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આનંદનગર પોલીસે વ્રજનગરી ઔડા આવાસ પાસે જાહેરમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા એક શખસને ઝડપી પાડી કુલ 1.69 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી મુજબ, શનિવારે (21મી માર્ચ) સવારે વ્રજનગરી આવાસ પાસે બે લોડિંગ રિક્ષાઓ શંકાસ્પદ હાલતમાં ઉભેલી જોવા મળી હતી. પોલીસ અને પુરવઠા વિભાગની સંયુક્ત તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી મહેશ ચૌહાણ ગેસએજન્સીમાંથી ગ્રાહકોને વિતરણ કરવા માટે નીકળેલી બોટલોમાંથી ગેસની ચોરી કરતો હતો. તે ભરેલા સિલિન્ડરમાંથી ગેસ કાઢી ખાલી બાટલાઓમાં ભરીને તેને બારોબાર ઊંચા ભાવે વેચી દેવાનું કૌભાંડ આચરતો હતો. આનંદનગર પોલીસે સ્થળ પરથી 65 LPG સિલિન્ડર, જેમાં 55 ડોમેસ્ટિક (ઘરગથ્થુ) અને 10 કોમર્શિયલ બોટલોનો સમાવેશ થાય છે.ગેસની હેરાફેરી માટે વપરાતી 2 લોડિંગ રિક્ષા અને રિફિલિંગ સાધનો જપ્ત કર્યા હતા.

યુદ્ધને કારણે હાલમાં ગેસ એજન્સીઓ પર લાંબી કતારો જોવા મળી રહી છે, ત્યારે આવા સમયે કાળાબજારિયાઓ સક્રિય થયા છે. આરોપી ગ્રાહકોને પૂરો ગેસ આપવાને બદલે રસ્તામાં જ ગેસ કાઢી લેતો હતો, જેનાથી ગ્રાહકોને આર્થિક નુકસાનની સાથે જોખમ પણ રહેતું હતું. હાલ પોલીસે આરોપી મહેશ ચૌહાણની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્થાનિક ચૂંટણીમાં નવા ઈવીએમમા થશે મતદાન થશે : ફર્સ્ટ ચેકિંગ કરાયું

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ટર્મ પૂર્ણ થતાં હાલ વહીવટદાર શાસન ચાલી રહ્યું છે, પરંતુ હવે ટૂંક સમયમાં ચૂંટણીના નગારા વાગવાના સંકેતો મળી રહ્યા છે. એક તરફ રાજકીય પક્ષો અને સ્થાનિક નેતાઓ ચૂંટણીની તૈયારીઓ કરતાં જોવા મળી રહ્યા છે, તો બીજી તરફ જિલ્લા ચૂંટણી તંત્રએ પણ કમર કસી છે. ચૂંટણી પ્રક્રિયાના મુખ્ય પાસા સમાન મતદારયાદી અને ઈવીએમ તૈયાર કરવાની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ૧૮૦૦ જેટલા બીયુ અને ૨૨૦૦ જેટલા બીયુ નવા મોકલવામાં આવ્યા છે.જેનું ફર્સ્ટ લેવલ ચેકિંગની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.આગામી સામાન્ય ચૂંટણીઓમાં ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપરાંત દહેગામ, કલોલ અને માણસા તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દહેગામ અને કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ પણ યોજવાની હોવાથી સમગ્ર જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામશે. માત્ર ગાંધીનગર કોર્પોરેશન અને માણસા નગરપાલિકા સિવાયનો તમામ ભૌગોલિક વિસ્તાર આ ચૂંટણી પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવશે.ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ગાંધીનગર જિલ્લામાં નવા જ કંટ્રોલ યુનિટ અને બેલેટ યુનિટનો સ્ટોક ફાળવવામાં આવ્યા છે.તાજેતરમાં એન્જિનિયરો દ્વારા ૧૮૦૦થી વધુ સીયુ અને ૨૨૦૦ જેટલા બીયુનું ફર્સ્ટ લેવલ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન પારદશતા જાળવવા માટે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને પણ હાજર રાખવામાં આવ્યા હતા.ટેસ્ટિંગ દરમિયાન જે મશીનોમાં ટેકનિકલ ક્ષતિઓ જણાઈ હતી, તેને પ્રક્રિયામાંથી દૂર કરવામાં આવ્યા છે. બાકીના તમામ ચુસ્ત અને કાર્યક્ષમ મશીનોને ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ મોકલી આપવામાં આવ્યા છે. તંત્રના દાવા મુજબ, આ તમામ મશીનોને તાલુકા કક્ષાના સુરક્ષિત સ્ટ્રોંગ રૂમમાં કડક બંદોબસ્ત વચ્ચે મૂકી દેવામાં આવ્યા છે.

# દહેગામ પોલીસે ધમીજ ચોકડી પાસેથી પશુની ગેરકાયદે હેરફેર ઝડપી 8 પશુને બચાવ્યા



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદેસર પશુ હેરફેર વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા પોલીસે ધમીજ ચોકડી પાસે નાકાબંધી કરી ભેંસ તથા પાડા સહિતના આઠ પશુઓ ભરેલી ગાડી ઝડપી પોલીસે પશુઓ પ્રત્યે ઘાતકીપણું આચરનાર એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે આ ગુનામાં સામેલ અન્ય બે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામના પીઆઈ એમ .એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ બહિયલ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનના પીએસઆઈ. એસ.એન. ક્ષત્રિય અને તેમની ટીમનાં કિ ર ણકુમાર,ભૂપતસિંહ તેમજ કિરણસિંહ પેટ્રોલિંગમાં હતાં.તે દરમિયાન બાતમી મળી હતી કે એક મહિન્દ્રા બોલેરો પિકઅપ ગાડી બહિયલથી ધમીજ તરફ પશુઓ ભરીને જઈ રહી છે.આ બાતમીના આધારે પોલીસે ધમીજ ચોકડી પાસે વોચ ગોઠવી હતી.

**પ્રેમ દરવાજા પાસે ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં દરોડો**

# માધુપુરામાં PCBએ બુટલેગરોની નવી મોડસ ઓપરેન્ડી ઝડપી...લેડીઝ ચપ્પલના પાર્સલમાં દારૂની બોટલો

• અમદાવાદ



અમદાવાદમાં બૂટલેગરો ધરપકડથી બચવા માટે અવનવા કીમિયા અપનાવતા હોય છે, પરંતુ PCBએ તેમની એક નવી ચાલાકીનો પર્દાફાશ કર્યો છે. માધુપુરા વિસ્તારમાં લેડીઝ ફૂટવેરના પાર્સલની આડમાં મંગાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી અનુસાર, PCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે માધુપુરામાં પ્રેમ દરવાજા બહાર આવેલા 'પટેલ ગુડ્સ ફલાઈટ કેરિયર્સ'ના ગોડાઉનમાં શંકાસ્પદ પાર્સલ આવ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાં લેડીઝ ચપ્પલના બોક્સ મળી આવ્યા હતા. જોકે, જ્યારે આ બોક્સ ખોલવામાં આવ્યા ત્યારે પોલીસ પણ ચોંકી ઊઠી હતી, કારણ કે ચપ્પલોની નીચે વિદેશી દારૂની મોંઘી બોટલો છુપાવવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની 32 બોટલો સહિત કુલ 1,92,560 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ દારૂનો જથ્થો દિલ્હીના બવાના ખાતેથી મોકલવામાં આવ્યો હતો. આ પાર્સલ અમદાવાદના નીલમ ફૂટવેરના નામે મંગાવવામાં આવ્યું હતું. બૂટલેગરોએ પોલીસને છેતરવા માટે પ્રોપર GST ઈન્વોઈસ અને ફૂટવેરના વ્યવસાયનો સહારો લીધો હતો જેથી રસ્તામાં કોઈને શંકા ન જાય.માધવપુરા પોલીસે આ મામલે દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર બંને અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસ મોબાઈલ નંબર અને જીએસટી નંબરના આધારે તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરવામાં આવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# ચૈત્ર નવરાત્રી મહાઅષ્ટમી: જાણો કઈ રીતે કરશો માં નું પૂજન અને કન્યા પૂજનનું મહત્વ




• અમદાવાદ

ચૈત્ર નવરાત્રીના નવ દિવસો શક્તિની ઉપાસના માટે સર્વોત્તમ માનવામાં આવે છે, જેમાં આઠમા દિવસ એટલે કે 'મહાઅષ્ટમી'નું વિશેષ મહત્વ છે. વર્ષ 2026માં 26 માર્ચ, ગુરુવારના રોજ મહાઅષ્ટમીની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે માં દુર્ગાના આઠમા સ્વરૂપ માં નું પૂજન કરવામાં આવે છે.શાસ્ત્રો અનુસાર માં અત્યંત શાંત સ્વરૂપ ધરાવે છે. તેમનો વર્ણ સંપૂર્ણપણે ગૌર (સફેદ) છે, તેથી જ તેમને મહાગૌરી કહેવામાં આવે છે. તેઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે અને વૃષભ (બળદ) પર બિરાજમાન છે. તેમની પૂજા કરવાથી ભક્તોના તમામ પાપોનો નાશ થાય છે અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

અષ્ટમી પૂજન વિધિ

*સ્નાન અને સંકલ્પ: સવારે વહેલા ઉઠી સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રો (શક્ય હોય તો સફેદ કે ગુલાબી) ધારણ કરો.

* માંનું આહ્વાન: માતાજીની મૂર્તિ કે ફોટા સામે દીવો પ્રગટાવી 'ૐ દેવી મહાગૌર્યૈ નમઃ' મંત્રનો જાપ કરો.

* ભોગ: માતાજીને નારિયેળ, હલવો, પુરી અને ચણાનો ભોગ ધરાવવો જોઈએ. આ દિવસે માંને રાતરાણીના ફૂલ અર્પણ કરવા શુભ માનવામાં આવે છે.

*આરતી: વિધિવત પૂજા કર્યા પછી માં દુર્ગા અને મહાગૌરીની આરતી કરો.

કન્યા પૂજન: નવરાત્રીનો સૌથી મહત્વનો ભાગ

અષ્ટમીના દિવસે કન્યા પૂજન કરવાનું વિશેષ ફળ મળે છે.

* વિધિ: 2 થી 10 વર્ષની 9 કન્યાઓને ઘરે બોલાવી તેમના પગ ધોવા જોઈએ. ત્યારબાદ તેમને આદરપૂર્વક આસન પર બેસાડી ભોજન (ચણા, હલવો, પુરી) કરાવો.

* દક્ષિણા: ભોજન બાદ કન્યાઓને લાલ ચૂંદડી, ફળ અથવા દક્ષિણા આપીને તેમના આશીર્વાદ લેવા જોઈએ. માનવામાં આવે છે કે કન્યાઓના રૂપે સાક્ષાત્ માં દુર્ગા આશીર્વાદ આપે છે.

શુભ મુહૂર્ત (26 માર્ચ 2026)

* અષ્ટમી તિથિ સમાપ્તિ: સવારે 11:48 વાગ્યા સુધી.

* કન્યા પૂજન મુહૂર્ત: સવારે 06:18 થી 07:50 અને સવારે 10:55 થી બપોરે 03:31 સુધી શ્રેષ્ઠ સમય છે.

'પાક્કો ગુજરાત' તરફથી તમામ ભક્તોને મહાઅષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ. માં શક્તિ આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના.

---

**મંજૂરી**

શહેરનો ત્રીજો વ્હાઈટ ટોપીંગ રોડ બનશે

# રિંગરોડ પેટર્નથી કુડાસણ- અડાલજ રોડને વિકસાવાશે રૂ.17.08 કરોડના ખર્ચે વ્હાઈટ ટોપિંગ રોડની મંજૂરી

**કુડાસણથી અડાલજ અને અડાલજથી એસજી હાઈવે સરગાસણ થઈને ફરી અડાલજ એ પ્રકારે વાહનચાલકો અવરજવર કરી શકશે**

• ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં એકતરફ આઈકોનિક રોડ બની રહ્યા છે બીજીતરફ એક વિસ્તારને બીજા વિસ્તાર સાથે જોડતા રસ્તાઓની સુધારણાને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. હાલ સૌથી વધુ વિકસી રહેલા અને ટ્રાફિકથી ધમધમતા કુડાસણને અડાલજ સાથે જોડવા અને એસજી હાઈવે પરનું ભારણ ઘટાડવા કુડાસણ- પોર- અડાલજના હયાત 7 મીટર પહોળાઈ ધરાવતા રોડની પહોળાઈ વધારીને વ્હાઈટ ટોપીંગ રોડ તરીકે ડેવલપ કરવાની મંજૂરી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આપવામાં આવી છે જેથી હવે કામગીરી શરૂ થઈ જશે. આ રોડને રીંગ રોડ પેટર્નથી ડેવલપ કરાઈ રહ્યો છે. જેથી કુડાસણથી અડાલજ અને અડાલજથી એસજી હાઈવે સરગાસણ થઈને ફરી અડાલજ એ પ્રકારે વાહનચાલકો અવરજવર કરી શકશે. કુલ 17.08 કરોડના ખર્ચે આ વ્હાઈટ ટોપીંગ રોડ તૈયાર કરવામાં આવશે.



કુડાસણ કંસાર ચારરસ્તાથી પોર થઈને અડાલજ સુધી 4.5 કિલોમીટર લંબાઈનો વ્હાઈટ ટોપીંગ ફોરલેન રોડ બનશે. આ માર્ગ હાલ માત્ર 7 મીટર પહોળાઈ ધરાવે છે અને ટુ લેન છે.આ રસ્તા પર હાલ ટ્રાફિકનું ભારણ રહે છે પરિણામે સ્થાનિકોને અવરજવરમાં પડતી મુશ્કેલી દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા આ રોડને ફોરલેન બનાવવાનું આયોજન કર્યું છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગ વ્યાસે કહ્યું કે હયાત રોડને સંપૂર્ણપણે સમથળ બનાવી, જૂનું મટીરીયલ કાઢીને નવેસરથી રોડ બનાવવામાં આવશે.

રસ્તાને વધુ મજબૂત બનાવવા પોલીપ્રોપલિન ફાઈબરનો ઉપયોગ કરાશે આ રસ્તા માટેના કોંક્રીટમાં સેકન્ડરી રિઈન્ફોર્સમેન્ટ તરીકે 100 ટકા વર્જિન મેક્રો પ્રોલિપ્રોપીલીન ફાઈબર વાપરવામાં આવશે. આ રસ્તાની કામગીરીમાં કુલ 10 હજાર કિલો ફાઈબર મેશનો ઉપયોગ કરવામાં આવશે.

તિરાડો પડતી અટકાવવા દર મીટરે ગ્રૂવ રખાશે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે વ્હાઈટ ટોપીંગ સિમેન્ટ કોન્ક્રીટ રોડ વધુ ટકાઉ બને અને તિરાડો ના પડે તે માટે રોડ પર દર મીટરે ગ્રૂવ કટીંગ કરવામાં આવશે.

ચોમાસા દરમિયાન રોડ ધોવાઈ જવાની અને રસ્તા પર ખાડા પડવાની સમસ્યા દૂર થાય તેમજ વારંવાર રીસર્ફેસીંગ કરવું ન પડે તે માટે સરકાર દ્વારા મુખ્ય માર્ગોને વ્હાઈટ ટોપીંગ એટલે કે આરસીસીના બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

હાલ શહેરમાં રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ ચારરસ્તા સુધીનો રોડ અને અડાલજ- કોબા રોડ વ્હાઈટ ટોપીંગ બનાવવામાં આવ્યો છે. જોકે, આ બંને રસ્તા માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવવામાં આવ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રથમવાર વ્હાઈટ ટોપીંગ રોડ બનાવવામાં આવશે.

---

ટોળકીએ લોભામણી વાતો કરીને ફસાવ્યા

# 6 લોકો સાથે વિદેશના વર્ક-વિઝા આપવાના બહાને 16 લાખની છેતરપિંડી : ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ

**ફરિયાદ**

વિઝાના નામે ઠગાઇના કિસ્સા વધી રહી ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે

• અમદાવાદ

વિઝાના નામે ઠગાઈના કિસ્સા વધી રહી ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં અમદાવાદ શહેરના ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાય છે કે, વર્ક વિઝા આપવાના નામે 16 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં રહેતા એક વિઝા સલાહકારે તેના 6 ગ્રાહકોની ફીનલેન્ડ અને બોસનીયાના વર્ક વિઝાની ફાઈલ માટે મુંબઈની કંપનીને કામ આપ્યુ હતું. કંપનીએ 16 લાખ મેળવીને દોઢ વર્ષ સુધી કામ ન કરી આપીને વિવિધ બહાના આપ્યા હતાં. જે અંગે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે




મળતી વિગત અનુસાર, નારણપુરામાં રહેતા દેવાંગભાઈ ઉપાધ્યાય વિઝા સલાહકાર તરીકે કામ કરે છે. 2024માં તેમને મુંબઈની આરકેન ઓવરસીસ કંપનીના માલિક સોનાલી ચંદાણી અને દિશાંત મણીયાર તથા મેનેજર રાફેલ રાજપુત સાથે સંપર્ક થયો હતો. જે બાદ દેવાંગભાઈને આ તમામ લોકો સાથે મુલાકાત થઈ હતી.

મુલાકાત દરમિયાન આ ટોળકીએ ત્રણથી ચાર માસમાં 100 ટકા કામ કરી આપવાની લોભામણી વાતો કરી હતી. ત્યાકબાદ વિશ્વાસ કેળવવા આ ટોળકીએ વિવિધ વિઝાની કોપી બતાવીને અલગ અલગ દેશોના વિઝા માટે પ્રોસેસ અને ફી ની વાત કરી હતી. જેથી દેવાંગભાઈએ તેમના ગ્રાહકોને ફીનલેન્ડ અને બોસનીયાના વર્ક વિઝા અપાવવા બાબતે વાત કરતા આ ટોળકીએ બેથી ચાર લાખનો ખર્ચ જણાવ્યો હતો.\આમ, દેવાંગભાઈએ ચાર ગ્રાહકોને ફીનલેન્ડ તથા બે ગ્રાહકોને બોસનીયા જવા માટે વર્ક વીઝાની પ્રોસેસ શરૂ કરાવી હતી. ગ્રાહકોના ડોક્યુમેન્ટ પણ કંપનીને મોકલી આપીને 16 લાખ ફી ભરી હતી. જોકે, દોઢ વર્ષ વીતી ગયા બાદ પણ કંપનીએ વિઝા ન કરાવી આપીને વિવિધ પ્રકારના બહાના બતાવ્યા હતા.

જેથી દેવાંગભાઈએ આ મામલે ઘાટલોડિયા પોલીસને જાણ કરી હતી. પોલીસે પ્રાથમિક તપાસ કર્યા બાદ સમગ્ર મામલે મુંબઈની કંપનીના માલિક સોનાલી ચંદાણી અને દિશાંત મણીયાર તથા મેનેજર રાફેલ રાજપુત સામે 16 લાખની છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

---

# રેશનકાર્ડ ધારકો માટે લોટરી લાગી : એપ્રિલમાં 3 મહિનાનું અનાજ એકસાથે મળી જશે, જાણો શું છે નવા નિયમો

• ગાંધીનગર

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે દેશના કરોડો રેશનકાર્ડ ધારકો માટે રાહતના સમાચાર આપ્યા છે. આગામી એપ્રિલ મહિનામાં લાભાર્થીઓને એકસાથે ત્રણ મહિનાનું અનાજ વિતરણ કરવામાં આવશે. બીજી તરફ, સિસ્ટમમાં પારદર્શિતા લાવવા માટે સરકારે દેશભરમાંથી લાખો નકલી રેશનકાર્ડ પણ રદ કર્યા છે.




એપ્રિલમાં મળશે 3 મહિનાનું અનાજ એકસાથે ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ અંગે સત્તાવાર જાણકારી આપી છે. એપ્રિલ 2026 માં લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણેય મહિનાનું અનાજ એકસાથે આપવામાં આવશે. તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પોતાની નજીકની સરકારી સસ્તા અનાજની દુકાનેથી નિર્ધારિત સમયે આ જથ્થો મેળવી શકશે. જો કે સરકારે આ રીતે એકસાથે અનાજ આપવા પાછળનું કોઈ ચોક્કસ કારણ હજુ જાહેર કર્યું નથી.41 લાખથી વધુ નકલી રેશનકાર્ડ રદ સરકારે સંસદમાં માહિતી આપી હતી કે વર્ષ 2025 દરમિયાન દેશમાં કુલ 41.41 લાખ અપાત્ર રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા આ અંગે રાજ્ય અનુસાર આંકડાઓ પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં હરિયાણા: 13.43 લાખ કાર્ડ રદ, રાજસ્થાન: 6.05 લાખ કાર્ડ રદ, ઉત્તર પ્રદેશ: 5.97 લાખ કાર્ડ રદ, પશ્ચિમ બંગાળ: 3.74 લાખ કાર્ડ રદ, મધ્યપ્રદેશ: 2.60 લાખ કાર્ડ રદ કર્યા હોવાની માહિતી આપી હતી. ખાદ્ય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું કે, ટેકનોલોજીના ઉપયોગથી અપાત્ર લોકોને સિસ્ટમમાંથી બહાર કરી ખરા લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવામાં સફળતા મળી છે.

રેશન વિતરણ પ્રણાલીનું સંપૂર્ણ ડિજિટાઈઝેશન સાર્વજનિક વિતરણ પ્રણાલી (PDS) માં સુધારા માટે સરકાર પગલાં ભરી રહી છે. દેશની લગભગ તમામ સસ્તા અનાજની દુકાનોમાં હવે ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (ePOS) મશીનો સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. દેશના 99.2% લાભાર્થીઓને આધાર સાથે જોડી દેવામાં આવ્યા છે. 98.75% અનાજનું વિતરણ હવે આધાર આધારિત બાયોમેટ્રિક અથવા ડિજિટલ પ્રમાણીકરણ દ્વારા જ કરવામાં આવે છે.

---

# ધ કેરળ સ્ટોરી- ૨ ફિલ્મ નિહાળવા માટે ૧૪૦૦થી વધુ કોલેજીયન બહેનો જોડાઈ

**અરાઈઝ ક્લબની અનોખી પહેલ – જાગૃતિ માટે દાતાઓના સહયોગથી વિદ્યાર્થીનીઓને ટોકન દરે ફિલ્મ બતાવાઈ**

• ગોસા(ઘેડ) તા.૨૨

પોરબંદર શહેરમાં અરાઈઝ ક્લબ દ્વારા જાગૃતિમૂલક અને અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન અંતર્ગત શહેરની વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતી ૧૪૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ માટે "ધ કેરળ સ્ટોરી-૨" ફિલ્મનું વિશેષ પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં બહેનો ઉત્સાહપૂર્વક જોડાઈ હતી અને મોટી સંખ્યામાં હાજરી નોંધાવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હતો. ખાસ કરીને સંવેદનશીલ "લવ જેહાદ" જેવા સામાજિક મુદ્દાઓ અંગે યુવતીઓમાં સમજ, સાવચેતી અને જાગૃતિ વિકસે તે દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો હતો. ફિલ્મ પ્રદર્શન દરમિયાન બહેનોમાં વિષય પ્રત્યે વિશેષ રસ, ઉત્સાહ અને જિજ્ઞાસા જોવા મળી હતી.

સામાન્ય રીતે આ ફિલ્મનો ટિકિટ દર રૂપિયા ૩૫૦ જેટલો હોય છે, છતાં અરાઈઝ ક્લબના પ્રયાસો અને દાતાશ્રીઓના સહયોગથી વિદ્યાર્થીનીઓ માટે માત્ર રૂપિયા ૫૦ના રાહત દરે પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા માટે પેરેડાઈઝ સિનેમાના સંચાલકશ્રીએ પણ વિશેષ સહયોગ આપ્યો હતો, જેના કારણે વધુમાં વધુ બહેનો આ કાર્યક્રમનો લાભ લઈ શકી હતી.

અરાઈઝ ક્લબ દ્વારા કરવામાં આવેલ આ પ્રશંસનીય પ્રયાસને શહેરભરમાં વ્યાપક સરાહના મળી રહી છે. બહેનોમાં જાગૃતિ લાવવા માટે આ આયોજન એક સકારાત્મક અને અસરકારક પહેલ તરીકે સાબિત થયું છે.

આ કાર્યક્રમમાં વી.જે. મોઢા કોલેજ, સ્વામિનારાયણ કોલેજ, એમ.ડી. સાયન્સ કોલેજ, પોલિટેકનિક કોલેજ, ગોઢાણીયા કોલેજ, નર્સિંગ કોલેજ તેમજ સેવિકા સમિતિની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

---

# ચીરીપાલ ગ્રુપ દ્વારા ગોટિલા ગાર્ડન ખાતે ઓપન સ્ટ્રીટ ચેસ યોજાઈ



• અમદાવાદ

ચિરિપાલ ગ્રૂપ દ્વારા સિંધુ ભવન રોડ પર આવેલા ગોટીલા ગાર્ડન ખાતે ચિરિપાલ ચેસ સીરીઝ 2026ની બીજી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓપન સ્ટ્રીટ ચેસ અભિયાનને આગળ વધારવા માટે બિલ્ડીંગની અંદરની જગ્યાએ ખુલ્લી જગ્યામાં ચેસ સિરીઝ યોજવામાં આવી હતી. ચેસને ક્લબની દીવાલમાંથી બહાર લાવવા માટે અને પબ્લિક સુધી લઈ જવા માટે ગોટિલા ગાર્ડનમાં ચેસ સિરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાની ઉંમરથી લઈને મોટી ઉંમર સુધીના 200 કરતા વધુ લોકોએ ભાગ લીધો હતો. યુવાનો મોબાઈલનો ઓછી ઉપયોગ કરી ચેસ રમતા થાય તે માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.ટૂર્નામેન્ટમાં બાળકો અને મોટી ઉંમરના લોકો સહિત 200થી વધુ ચેસપ્રેમીઓએ ભાગ લીધો હતોતમામ વયજૂથના લોકો ચેસ રમવા તરફ પ્રેરાય તે માટે ચેસ સિરીઝનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

---

**મહિલા પોલીસનું રમઝાન ઈદને અનુલક્ષીને પેટ્રોલિંગ દરમિયાન માનવીયતા ભર્યું ઉદાહરણ**

# પોરબંદર મહિલા પોલીસની સતર્કતા: વિખૂટા પડેલા બાળકને પરિવાર સાથે મિલન કરાવ્યુ

• ગોસા(ઘેડ) તા.૨૨

પોરબંદરમાં રમઝાન ઈદને અનુલક્ષીને મહિલા પોલીસ દ્વારા કરવામાં આવતી પેટ્રોલિંગ દરમિયાન માનવીયતા અને સતર્કતાનું સરાહનીય ઉદાહરણ જોવા મળ્યું હતું. મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.એમ. સૈયદ, પી.એસ.આઈ એ.સી. નિમાવત તથા તેમની ટીમ ચોપાટી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગમાં હતા ત્યારે પાંચ વર્ષનો તાસીમ નામનો બાળક પોતાના પરિવારથી વિખૂટો પડી રડતો હાલતમાં મળ્યો હતો.

બાળકને રડતો જોઈ મહિલા પોલીસ તાત્કાલિક તેની પાસે પહોંચી અને માતૃત્વની ભાવના સાથે તેને સંભાળી લીધો હતો.



પી.એસ.આઈ કે.એમ. સૈયદે બાળકને પોતાની કાખમાં લઈ તેને શાંત પાડ્યો અને તેને સાંત્વના આપી હતી, જે દ્રશ્ય માનવીય સંવેદનાનો જીવંત દાખલો બની રહ્યો હતો.

પોલીસ ટીમે બાળકની ઓળખ જાણવા અને તેના પરિવારની શોધખોળ શરૂ કરી. થોડી જ વારમાં બાળકના કાકા ઈકબાલભાઈ વલી મોહમ્મદ પઢીયાર (રહે. રાણાવાવ, સૈયદ ફળિયું) સ્થળ પર પહોંચતા પોલીસ દ્વારા બાળકનો સુરક્ષિત રીતે પરિવાર સાથે મિલાપ કરાવવામાં આવ્યો હતો.

પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબાની સૂચના હેઠળ કામગીરી કરતી મહિલા પોલીસની સતર્કતા અને ઝડપી કામગીરીને કારણે એક પરિવારને મોટી રાહત મળી હતી. આ પ્રસંગે બાળકના પરિવારે મહિલા પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઘટના એ સાબિત કરે છે કે પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જ નહીં, પરંતુ પ્રજાનો સચોટ મિત્ર બની માનવીય ફરજ પણ નિભાવતી હોય છે.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

# બંગાળ સંગ્રામ 2026: સત્તાનું 'રણ' કે લોકશાહીની કસોટી?

## ભાજપના 'ધૂઆંધાર' પ્રચારે એક મોટો પ્રશ્ન ઊભો કર્યો છેઃ શું બંગાળ પરિવર્તન માટે તૈયાર છે?




વિશેષ સંપાદકીય રિપોર્ટઃ 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ડેસ્ક

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની રાજકીય હવામાં અત્યારે બારૂદની ગંધ અને નારાઓનો શોર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 14 મહા-રેલીઓ અને ગૃહમંત્રી અમિત શાહના 8 આક્રમક રોડ શો–આ માત્ર ચૂંટણી પ્રચાર નથી, પરંતુ મમતા બેનર્જીના એ અભેદ્ય કિલ્લાને તોડવાની એક સુનિયોજિત ઘેરાબંધી છે, જેને 'દીદી'એ છેલ્લા એક દાયકાથી સાચવી રાખ્યો છે.

1. પરિવર્તનની આહટ કે માત્ર ચૂંટણી લહેર?

ભાજપના 'ધૂઆંધાર' પ્રચારે એક મોટો પ્રશ્ન ઊભો કર્યો છેઃ શું બંગાળ પરિવર્તન માટે તૈયાર છે? રેલીઓમાં ઉમટી રહેલો જનસૈલાબ ભાજપની તરફેણમાં 'લહેર' હોવાનો સંકેત આપે છે, પરંતુ બંગાળનો ઈતિહાસ સાક્ષી છે કે અહીંનો મતદારો 'મૌન' રહીને મોટા-મોટા સત્તાધીશોના ગણિત બગાડી નાખે છે. ભાજપનો 'સોનાર બાંગ્લા'નો વાયદો અને ભ્રષ્ટાચારના મુદ્દા શું મમતાના જમીની 'કેડર' અને 'બંગાળી અસ્મિતા'ના કાર્ડને મ્હાત આપી શકશે?

2. કેન્દ્રીય એજન્સીઓઃ ભ્રષ્ટાચાર પર પ્રહાર કે રાજકીય ષડયંત્ર?

બંગાળની ગલીઓમાં આજે એક જ ચર્ચા છે–ED, CBI અને IT. * વિપક્ષનો આરોપઃ મમતા સરકારનો સીધો આરોપ છે કે ભાજપ 'કાળા નાણાં' અને 'કેન્દ્રીય એજન્સીઓ'ના જોરે ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાનું 'ષડયંત્ર' રચી રહ્યું છે.

* ભાજપનો પલટવારઃ ભાજપ તેને ભ્રષ્ટાચાર વિરુદ્ધ 'ઝીરો ટોલરન્સ'ની નીતિ ગણાવી રહ્યું છે.

» સવાલ એ છેઃ શું આ એજન્સીઓની કાર્યવાહી માત્ર ચૂંટણીની મોસમ પૂરતી સીમિત છે, કે પછી ખરેખર બંગાળને ભ્રષ્ટાચાર મુક્ત કરવાની મુહિમ છે? જનતા તેને 'ન્યાય' તરીકે જોઈ રહી છે કે 'બદલાની ભાવના' તરીકે, તે જ આ ચૂંટણીનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે.

»

3. ચૂંટણી પંચઃ શાખની અગ્નિપરીક્ષા

શું ચૂંટણી પંચ એક 'સ્વતંત્ર' સંસ્થા તરીકે પોતાની છબી બચાવી શકશે?

વિપક્ષ સતત પંચ પર 'ભાજપની કઠપુતલી' હોવાનો સિક્કો મારી રહ્યો છે. નિષ્પક્ષ ચૂંટણી કરાવવી એ પંચ માટે હિમાલય ચઢવા જેવું કઠિન કાર્ય છે. શું મતદાન કેન્દ્રો પર કેન્દ્રીય દળોની તૈનાતી હિંસા રોકી શકશે? શું પંચ ખરેખર 'સાફ-સુથરી' ચૂંટણી કરાવી લોકશાહીના ચોથા સ્તંભ અને જનતાના વિશ્વાસને ફરી જીતી શકશે?

4. મતદારોનો મિજાજઃ મૌન પાછળનું તોફાન?

'પાક્કો ગુજરાત'ના ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ બંગાળનો મતદાર અત્યારે ત્રણ ભાગમાં વહેંચાયેલો છેઃ

* મહિલાઓઃ જે 'લક્ષ્મી ભંડાર' યોજના અને સુરક્ષાના મુદ્દે વહેંચાયેલી છે.

* યુવા વર્ગઃ જે 'રોજગારી'ના અભાવે પરિવર્તનની આશા રાખી રહ્યો છે.

* ગ્રામીણ વર્ગઃ જે આજે પણ તૃણમૂલના સંગઠનાત્મક માળખા અને મમતાની 'દીદી' વાળી છબી સાથે જોડાયેલો છે.

'પાક્કો ગુજરાત' વિશ્લેષણઃ

સત્તાની લાલચ અને સત્તા બચાવવાની જીદ વચ્ચે બંગાળની જનતા પીસાઈ રહી છે. જો ભાજપની રેલીઓ મતોમાં પરિવર્તિત થશે, તો આ એક ઐતિહાસિક 'તખ્તાપલટ' હશે. પરંતુ જો મમતાએ પોતાનો 'કિલ્લો' બચાવી લીધો, તો તે કેન્દ્રની રાજનીતિ માટે એક મોટો આંચકો ગણાશે.

હેલિપેડ

પાટનગરના આંગણે વધુ એક આધુનિક સુવિધાનો થશે ઉમેરો...

# 'કોમર્શિયલ હેલિપેડ'નું નિર્માણ કરી ઈન્ટરસિટી હેલિકોપ્ટર સર્વિસ કરાશે શરૂ

## ગુજરાતના પાટનગર ગાંધીનગરના આંગણે વધુ એક આધુનિક સુવિધાનો ઉમેરો થવા જઈ રહ્યો છે

• ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરના આંગણે વધુ એક આધુનિક સુવિધાનો ઉમેરો થવા જઈ રહ્યો છે. અત્યાર સુધી માત્ર વીવીઆઈપી મૂવમેન્ટ અને સરકારી કામકાજ માટે મર્યાદિત રહેલી હેલિકોપ્ટર સેવા હવે સામાન્ય નાગરિકો અને બિઝનેસ સેક્ટર માટે પણ ઉપલબ્ધ બને તે દિશામાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.ગાંધીનગરમાં ટૂંક સમયમાં જ એક અદ્યતન 'કોમર્શિયલ હેલિપેડ'નું નિર્માણ કરી ઈન્ટરસિટી હેલિકોપ્ટર સર્વિસ શરૂ કરવામાં આવશે. અત્યારે જે બાયરોડ 40 મિનિટનું અંતર જે એર ટેક્સીથી થોડી મિનિટમાં કપાઈ જશે અને ગિફ્ટ સિટી પાસે હાઈટેક હેલિપેડનું નિર્માણ થઈ શકે છે.

ગુજરાતના પાટનગરને ગ્લોબલ બિઝનેસ હબ બનાવવાના પ્રયાસોના ભાગરૂપે ગાંધીનગરમાં અત્યાધુનિક 'કોમર્શિયલ હેલિપેડ' નિર્માણ પામશે. વાયબ્રન્ટ ગુજરાત તેમજ ખાસ કરીને ગાંધીનગરના ગિફ્ટ સિટીને ધ્યાને લઈ આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓના ભાગરૂપે હેલિકોપ્ટર ટેક્સી સર્વિસ શરૂ કરવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેલિપેડના નિર્માણ માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે.અત્યાર સુધી ગાંધીનગરમાં માત્ર સરકારી કે VVIP મૂવમેન્ટ માટે જ હેલિકોપ્ટર સેવા ઉપલબ્ધ હતી, પરંતુ હવે ખાનગી ક્ષેત્ર અને સામાન્ય નાગરિકો પણ આ સેવાનો લાભ લઈ શકશે. આ પ્રોજેક્ટથી અમદાવાદ એરપોર્ટ અને ગાંધીનગર વચ્ચેનું



અંતર મિનિટોમાં કપાઈ જશે, જે ખાસ કરીને મોટા ઉદ્યોગપતિઓ અને વિદેશી રોકાણકારો માટે સમયની બચત કરનારું સાબિત થશે. સરકાર આ હેલિપેડને પીપીપી મોડલ અથવા ડેઝિગ્નેટેડ ઓથોરિટી હેઠળ કાર્યરત કરી શકે છે.

આ પ્રોજેક્ટ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેની કનેક્ટિવિટી વધારવા તેમજ રાજ્યમાં વધતા જતા ઉદ્યોગ સાહસિકો અને પ્રવાસીઓને ઝડપી પરિવહન સુવિધા પૂરી પાડવાનો છે. ખાસ કરીને વાઈબ્રન્ટ ગુજરાત જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સ દરમિયાન વિદેશી ડેલિગેટ્સ અને ઉદ્યોગપતિઓને એરપોર્ટથી સીધા ગાંધીનગર લાવવા માટે આ હેલિપેડ આશીર્વાદરૂપ સાબિત થશે. આ હેલિપેડ પર નાઈટ લેન્ડિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી શક્યતા છે જે તેને અન્ય હેલિપેડ કરતા અલગ પાડશે. આ સાથે જ નાઈટ લેન્ડિંગની વ્યવસ્થા હોવાથી 24 કલાક આ સુવિધા કાર્યરત રહી શકશે.તંત્ર દ્વારા આ માટે યોગ્ય જગ્યાની પસંદગી કર વાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરમાં નિર્માણ થનારું નવું કોમર્શિયલ હેલિપેડ માત્ર મુસાફરી માટે જ નહીં, પરંતુ આરોગ્ય સેવાઓ માટે પણ મહત્વનું કેન્દ્ર બનશે. આ હેલિપેડ પરથી એર એમ્બ્યુલન્સ ઓપરેટ કરવાની વિશેષ સુવિધા ઊભી કરવામાં આવશે, જેથી ગંભીર દર્દીઓને તાત્કાલિક અન્ય શહેરોની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં ખસેડી શકાય. પાટનગરમાં વધતી જતી વસ્તી અને ટ્રાફિકની સમસ્યા વચ્ચે આ એર-કનેક્ટિવિટી મેડિકલ ઈમરજન્સીમાં જીવનરક્ષક સાબિત થશે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરને હાઈ-ટેક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યું છે, ત્યારે આ હેલિપેડ શહેરના વિકાસને નવી ઊંચાઈએ લઈ જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગિફ્ટ સિટી અથવા તેની આસપાસના વિસ્તારોમાં આ માટે યોગ્ય જગ્યાની પસંદગી કરવામાં આવી શકે છે. આ પ્રોજેક્ટથી સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વધશે અને પર્યટન ક્ષેત્રને મોટો ફાયદો થશે.

ગાંધીનગરમાં કોમર્શિયલ હેલિપેડ બનવા અંગેના પુરાવાઓ ગુજરાત સરકારના બજેટ અને નાગરિક ઉડ્ડયન વિભાગની તાજેતરની હિલચાલમાં જોવા મળે છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે બજેટમાં ગુજરાતમાં એર કનેક્ટિવિટી વધારવા માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ખાસ કરીને ગાંધીનગરમાં 'હેલિપોર્ટ' વિકસાવવા માટે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારે પાટનગરમાં VVIP સિવાયના સામાન્ય અને કોમર્શિયલ ઉપયોગ માટે અલગ વ્યવસ્થા ઊભી કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) દ્વારા ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં ખાસ કરીને ગિફ્ટ સિટી અને ચિલોડા બેલ્ટની આસપાસ હેલિપેડ માટે ટેકનિકલ ફિઝિબિલિટી સર્વે કરવામાં આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. કોમર્શિયલ ઓપરેશન માટે DGCAના નિયમો મુજબ જગ્યાની પસંદગી પ્રક્રિયા ગતિમાં છે.તો બીજી તરફ કેન્દ્ર સરકારની 'ઉડે દેશ કા આમ નાગરિક' યોજના હેઠળ હેલિકોપ્ટર સેવાઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ગાંધીનગરને આ યોજના સાથે જોડવા માટે કોમર્શિયલ હેલિપેડ અનિવાર્ય છે. તાજેતરમાં રાજ્યના ઉડ્ડયન મંત્રીએ પણ નિવેદન આપ્યું હતું કે મોટા શહેરો વચ્ચે 'ઈન્ટરસિટી હેલિકોપ્ટર સર્વિસ' શરૂ કરવામાં આવશે જેમાં ગાંધીનગર મુખ્ય કેન્દ્ર તરીકે રહેશે.છેલ્લી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ દરમિયાન નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે થયેલા એમઓયુમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં ખાનગી હેલિકોપ્ટર ઓપરેટરોને પ્રોત્સાહન આપવામાં આવશે. તેના માટે ગાંધીનગરમાં કાયમી કોમર્શિયલ બેઝ હોવો જરૂરી છે જેના પર અત્યારે કામ ચાલી રહ્યું છે. આમ સરકારી બજેટમાં નાણાકીય જોગવાઈ અને GUJSAIL દ્વારા થતી જમીન ચકાસણી એ વાતનો પુરાવો છે કે ગાંધીનગર ટૂંક સમયમાં જ કોમર્શિયલ હેલિકોપ્ટર સેવાઓનું સાક્ષી બનશે.

# મિત્ર એ જ ચપ્પુના ઉપરાછાપરી ઘા ઝીંકી કાસળ કાઢ્યું

## સુરતમાં જીદમાં થયેલી માથાકૂટનો લોહિયાળ વળાંક, આરોપીને ફિલ્મી ઢબે પકડ્યો

• સુરત

સુરતના ડિંડોલી વિસ્તારમાં મિત્રતામાં લોહી વહ્યું હોવાની ઘટના સામે આવી છે. ભેસ્તાન ઓવરબ્રિજ નીચે સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાયેલા રકબીરસિંહ ઉર્ફે રઘુએ તેના જ મિત્ર આકાશ પાટીલ પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી દઈ તેની હત્યા કરી નાખી હતી. બનાવની ગંભીરતાને જોતા ડિંડોલી પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગણતરીના કલાકોમાં જ આરોપીને ફિલ્મી ઢબે પીછો કરીને ઝડપી પાડ્યો છે.પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, આરોપી રકબીરસિંહ ઉર્ફે રઘુ ટાંક (ઉ.વ. 22) અને મૃતક આકાશ સંજયભાઈ પાટીલ (ઉ.વ.27) છેલ્લા 8-9 મહિનાથી



મિત્રો હતા. ગત 21 માર્ચની રાત્રે બંને મોટરસાઈકલ પર સવાર થઈ ભેસ્તાન ઓવરબ્રિજ નીચે ચિકન લેવા ગયા હતા. ત્યાં આકાશના અન્ય મિત્રો મળતા તેણે રઘુ સાથે પાછા આવવાની ના પાડી દીધી હતી. આ બાબતની જીદ અને તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.રાત્રિના અઢી વાગ્યાના અરસામાં બોલાચાલી એટલી વધી ગઈ કે ઉશ્કેરાયેલા રઘુએ પોતાની પાસે રહેલી છરી કાઢી આકાશના શરીર પર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા આકાશનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.બનાવ બાદ આરોપી નાસી છૂટ્યો હતો, જેના પગલે ડિંડોલી પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતની સૂચના હેઠળ સર્વેલન્સ સ્કોડની ટીમો કાર્યરત હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસને ચોક્કસ લોકેશન મળ્યું હતું કે આરોપી ભેસ્તાન આવાસના 'બી' બ્લોક પાસે છુપાયો છે.

# પાખંડી 'યોગ ગુરુ'ના આશ્રમમાંથી રહસ્યમય ભોયરું મળ્યું

## 18 હજારમાં સંતાન પ્રાપ્તિ અને આયુર્વેદીકના નામે નકલી દવા વેચતો, સગીરને અર્ધનગ્ન કરી સુષુમ્ણા નાડીનું રહસ્ય સમજાવતો વીડિયો મૂકતો

• સુરત

સુરત જિલ્લાના ધોરણ પારડી સ્થિત યોગ આશ્રમમાં નકલી ચલણી નોટનાં રેકેટમાં પકડાયેલા યોગ ગુરૂ પ્રદીપ જોટંગીયાએ અંદરની ગતિવિધીઓ ગુપ્ત રાખવા માટે આશ્રમની ચોમેર 15 ફૂટ ઊંચી કિલ્લા જેવી દીવાલો બનાવી હતી. તેમજ આશ્રમમાંથી બીજું શંકાસ્પદ ભોંયરું પણ મળી આવ્યું છે. આ સાથે જ અન્ય ચોકાવનારા ખુલાસાઓ પણ સામે આવી રહ્યા છે. જેમાં ગર્ભ સંસ્કાર માટે અલગ શિબિર કરવામાં આવતી હતી. સંતાન પ્રાપ્તિ માટેની દવાઓ પણ રૂ. 15થી 18 હજાર લઈને આપવામાં આવતી હોવાનું સામે આવ્યું છે. આ સાથે આયુર્વેદીક દવાઓના ડબ્બામાં નકલી દવા પણ વેચતો હતો. અગાઉ ગામનાં કેટલાક લોકોએ આશ્રમમાં આવતી યુવતીઓ સાથે છેડતી કરી હોવાથી આશ્રમમાં ગ્રામજનોનાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જોકે પ્રદીપની ધરપકડ કરવામાં આવતા ગ્રામજનો જ્યારે આશ્રમની અંદર પહોંચ્યા ત્યારે ઓપરેશન થિયેટર અને લેબની નીચેથી બીજું એક રહસ્યમય ભોંયરું મળી આવ્યું હતું.

પાખંડી પ્રદીપ ગુરુના અન્ય ચોકાવનારા ખુલાસાઓ સામે આવ્યાપાખંડી પ્રદીપ ગુરુના અન્ય ચોકાવનારા ખુલાસાઓ સામે આવ્યા

યોગ ગુરૂ પ્રદીપ જોટંગીયાની કારમાંથી બે કરોડથી વધુની 500 રૂપિયાનાં દરની બનાવટી ચલણી નોટો મળી આવતા રાજ્ય વ્યાપી પ્રત્યાઘાત બાદ ધોરણ પારડી સ્થિત આશ્રમમાં આવેલી ઓફિસને છેલ્લા બે દિવસથી સાધકો દ્વારા તાળા મારી દેવામાં આવ્યા હતા. તેમજ આશ્રમ પરિસરમાંથી ઈનોવા, થાર જેવી લક્ઝરી ગાડીઓ પણ ગાયબ થઈ ગઈ છે. આશ્રમની સાધીકાઓ ગુરૂજીને ફસાવવામાં આવ્યા હોવાનું સતત રટણ કરતી જોવા મળી હતી.

ઓપરેશન થિયેટર અને લેબ નીચેથી રહસ્યમય ભોંયરું મળ્યું સાધીકાઓએ એવો દાવો કર્યો હતો કે, અગાઉ ગામનાં કેટલાક લોકોએ આશ્રમમાં આવતી યુવતીઓ સાથે છેડતી કરી હોવાથી આશ્રમમાં ગ્રામજનોનાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જોકે પ્રદીપની ધરપકડ કરવામાં આવતા ગ્રામજનો જ્યારે આશ્રમની અંદર પહોંચ્યા ત્યારે ઓપરેશન થિયેટર અને લેબની નીચેથી બીજું એક રહસ્યમય ભોંયરું મળી આવ્યું હતું.

## રાશીફળ (તા.23-03-2026)

- **મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ ફાયદાકારક રહેશે. સામાજિક વિસ્તાર વધશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. મહત્વપૂર્ણ કાર્યો કરવા માટે રસ રહેશે. આજે તમારી કોઈ પ્રભાવશાળી વ્યક્તિ સાથે મુલાકાત થવાની શક્યતા છે.
- **વૃષભ (બ.વ.ઉ)** આજે તમે પોતાને ઊર્જાવાન અનુભવશો. જીવનસાથીને કોઈ કામમાં સફળતા મળવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ બનશે. નવા પ્રોજેક્ટ પર કામ કરવાથી તમે ઘણું શીખશો.
- **મિથુન (ક.છ.ઘ)** આજે ઓફિસમાં કામનો દબાણ થોડો વધી શકે છે. તમે કેટલાક એવા મામલાઓમાં પડી શકો છો જેના ઉકેલમાં તમને થોડી મુશ્કેલી થઈ શકે. પારિવારિક કામોમાં ઘરના સભ્યોનો સહકાર મળશે.
- **કર્ક (ડ.હ)** આજે તમારી કોઈ ખાસ વ્યક્તિ સાથે અચાનક મુલાકાત તમારા કરિયરમાં બદલાવ લાવી શકે છે. આ રાશિના આર્ટ્સના વિદ્યાર્થીઓને થોડી મહેનત કરવાની જરૂર છે.
- **સિંહ (મ.ટ)** આજે કલાત્મક કાર્યોમાં તમારી રસ વધશે. ધીરજથી નિર્ણય લેશો તો સફળતાના નવા માર્ગો ખુલશે. જીવનસાથીની મદદથી તમને કોઈ કામમાં ફાયદો થશે.
- **કન્યા (પ.ઠ.ણ)** આજે પરિવારજનોનો સહકાર મળશે. તમારા કામ માટે અન્ય લોકોને સહમત કરાવવામાં તમે સફળ થશો. આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો તમને ફાયદો કરાવશે.
- **તુલા (ર.ત)** આજે પરિવાર સાથે સમય વિતાવવાનો મોકો મળશે. તમારી તમામ પરેશાનીઓ દૂર થશે. કોઈ કામ માટે થોડું દોડધામ કરવું પડે.
- **વૃશ્ચિક (ન.ય.)** આજે પ્રગતિનાં અનેક નવા રસ્તા દેખાશે. તમે પારિવારિક સંબંધોમાં સમન્વય સ્થાપવામાં સફળ થશો. સાંજે બાળકો સાથે સમય વિતાવશો.
- **ધન (ભ.ધ.ફ.ઢ)** આજે વ્યાપારીઓને ધનલાભ થશે. તમે બાળકો સાથે ખુશીના પળો વિતાવશો. આ રાશિના સિવિલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.
- **મકર (ખ.જ)** આજે અગાઉ કરેલા કામમાં મહેનતનું સારું પરિણામ મળશે. ઓફિસનું આનંદદાયક વાતાવરણ તમને ઉત્સાહથી ભરશે. તમે જાતને એનર્જેટિક અનુભવશો.
- **કુંભ (ગ.શ.સ.ષ)** આજે તમારી કિસ્મતના તારા ઉજળા રહેશે. કોઈ મહત્વપૂર્ણ કામ પૂર્ણ કરવાની યોજના છે તો તે આજે પૂર્ણ થશે. જીવનસાથી સાથે ડિનરનો પ્લાન બનાવી શકો છો, જે સંબંધોને મીઠા બનાવશે.
- **મીન (દ.ચ.ઝ.થ)** આજે કોઈ જૂની વાતને લઈને થોડી ચિંતા થઈ શકે, પણ સાંજ સુધીમાં બધું સારું થઈ જશે. ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી શકે, જેથી ઘરનું વાતાવરણ આનંદમય બનશે.

# 'પરિવર્તનને' સ્વીકારો લોકો બદલાશે અને 'સંજોગો' પણ બદલાશે. તેને પકડી રાખવાને બદલે વહેતા શીખો

• દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

પરિવર્તન જીવનનો અટલ નિયમ અને શાંતિનો માર્ગ જીવનમાં આપણે જે સૌથી મોટી ભૂલ કરીએ છીએ તે છે વસ્તુઓ, પરિસ્થિતિઓ અને લોકોને કાયમી માની લેવાની. આપણે ઈચ્છીએ છીએ કે જે સુખ આજે છે તે કાયમ રહે, જે મિત્રો આજે સાથે છે તે ક્યારેય ન બદલાય. પણ કુદરતનો નિયમ અલગ છે. અસમર્થતામાં છુપાયેલું છે.

લોકોનું બદલાવુંઃ એક કડવું સત્ય

આપણે ઘણીવાર એ વાતથી દુઃખી થઈએ છીએ કે 'પહેલા તો તે વ્યક્તિ આવી નહોતી, હવે કેમ બદલાઈ ગઈ?'

વાસ્તવિકતા સમય જતાં લોકોની પ્રાથમિકતાઓ, જરૂરિયાતો અને વિચારો બદલાય છે. કોઈ વ્યક્તિ બદલાય ત્યારે તેને દોષ આપવાને બદલે એ સ્વીકારો કે તેમનો તમારી જિંદગીમાં જે રોલ હતો તે કદાચ પૂરો થયો છે. કોઈને પરાણે પકડી રાખવાથી માત્ર માનસિક પીડા જ મળે છે. સંબંધોમાં 'વહેતા શીખવું' એટલે કે જે વ્યક્તિ તમારી સાથે ચાલવા તૈયાર છે તેની કદર કરો, અને જે બદલાઈ ગયા છે તેમને માનસિક રીતે મુક્ત કરો.

સંજોગોનું ચક્ર રાત પછી દિવસ

જ્યારે આપણે કહીએ છીએ કે 'એક દિવસ બધું ઠીક થઈ જશે', ત્યારે



આપણે અજાણતા જ પરિવર્તનની આશા રાખતા હોઈએ છીએ. જો આજે સંજોગો ખરાબ છે, તો તે કાયમી નથી. જો આજે તમે

જવાબદારીઓના બોજ નીચે છો, તો સમય જતાં તે બોજ હળવો પણ થશે અથવા તમે તેને ઉઠાવવા માટે વધુ મજબૂત બની જશો. સંજોગોને પકડી રાખવાનો અર્થ છે જૂના દુઃખને વારંવાર યાદ કરીને વર્તમાનને બગાડવો.

પકડી રાખવું વિરુદ્ધ વહેતા શીખવું (Holding on vs. Flowing)

તમે જોયું હશે કે નદીનું પાણી પથ્થરો વચ્ચેથી પણ પોતાનો રસ્તો કરી લે છે કારણ કે તે 'વહેતું' રહે છે. જો તે પથ્થર સાથે અથડાઈને ત્યાં જ રોકાઈ જાય, તો તે ખાબોચિયું બની જાય. જ્યારે આપણે ભૂતકાળની વાતો કે જૂના સપનાઓને વળગી રહીએ છીએ, ત્યારે આપણો વિકાસ અટકી જાય છે. વહેતા શીખવાનો અર્થ છેજે પરિસ્થિતિ સામે આવી છે તેને સ્વીકારીને આગળ વધવું. જે સપના તૂટી ગયા છે તેનો અફસોસ કરવાને બદલે, આજે જે શક્ય છે તેના પર ધ્યાન આપવું.

અપેક્ષાઓ ઓછી કરો દુઃખનું મુખ્ય કારણ લોકો પાસે રાખેલી અપેક્ષાઓ છે. અપેક્ષા મુક્ત જીવન પરિવર્તનને સ્વીકારવામાં મદદ કરે છે. વર્તમાનની કદર 'કાલે શું થશે' કે 'ગઈકાલે શું હતું' ના ચક્રમાંથી બહાર નીકળી, 'અત્યારે શું છે' તેની પર ધ્યાન આપો. સ્વયંનો વિકાસ દુનિયા બદલાતી રહેશે, પણ જો તમે તમારી જાતને અંદરથી મજબૂત બનાવશો, તો બહારના પરિવર્તનો તમને હલાવી શકશે નહીં.

જિંદગીમાં બધું 'ઠીક' ક્યારેય નથી થતું, બસ આપણે બદલાતા સંજોગો સાથે એડજસ્ટ થતા શીખી જઈએ છીએ. જે લોકો બદલાયેલા સંજોગો સાથે વહેતા શીખી જાય છે, તેમના માટે જિંદગી 'બોજ' મટીને એક 'અનુભવ' બની જાય છે.

# ઉનાના લેરકા ગામે કમોસમી વરસાદથી ડાયવર્ઝન ધોવાયું



• કૈલેશ ભટ્ટ ઉના

નિર્માણાધીન બ્રિજ પાસે બનાવાયું હતું, ઉનાના 4 ગામોનો સંપર્ક જોખમાયો. સમગ્ર રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે ગીરગઢડા પંથક અને ગીર વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે નદી-નાળામાં પૂર જેવી સ્થિતિ સર્જાતા ઉના તાલુકાના લેરકા ગામે નિર્માણાધીન બ્રિજ પાસે બનાવેલું ડાયવર્ઝન સંપૂર્ણપણે ધોવાઈ ગયું છે. આ ઘટનાને કારણે લેરકા, ચીખલી, સોખડા અને માઢ ગામને જોડતા મુખ્ય માર્ગ પર અવરજવર કરતા ગ્રામજનોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.લેરકા પાસે નવા બ્રિજનું કામ ચાલતું હોવાથી વાહનવ્યવહાર માટે હંગામી ધોરણે ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. જોકે, રાત્રિના સમયે પાણીનો ભારે પ્રવાહ આવતા આ ડાયવર્ઝન ધોવાઈ ગયું હતું. સવારના સમયે પાણીનો પ્રવાહ ચાલુ હોવા છતાં, મજબૂરીવશ ગ્રામજનો જીવના જોખમે પસાર થતા જોવા મળ્યા હતા.બાઈક સવારો સહિત મહિલાઓ, બાળકો અને વયોવૃદ્ધોએ જીવના જોખમે પાણીના પ્રવાહમાંથી રસ્તો પસાર કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પરથી 4 ગામોના લોકોની સતત અવરજવર રહે છે. ડાયવર્ઝન કાચું હોવાને કારણે સામાન્ય વરસાદમાં પણ તે ધોવાઈ જાય છે. ગ્રામજનોએ માંગ કરી છે કે નિર્માણાધીન પુલનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. ડાયવર્ઝનનું સમારકામ યોગ્ય અને મજબૂત રીતે કરવામાં આવે જેથી ફરી આવી સ્થિતિ ન સર્જાય. બપોર બાદ પાણીનો પ્રવાહ ઓછો થતા રાહદારીઓએ આંશિક રાહત અનુભવી હતી, પરંતુ જો ફરી વરસાદ આવે તો આ રસ્તો ફરી બંધ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

# ગુજરાતમાં આવતીકાલ તા. ૨૩ માર્ચથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થશે: કૃષિ મંત્રી

• ગુજરાત

ગુજરાતના ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે રાજ્ય સરકાર દ્વારા આવતીકાલ તા. ૨૩ માર્ચ, ૨૦૨૬ થી રાજ્યભરમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીદી માટેનું તમામ આગોતરું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, તેમ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ વર્ષે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. નોંધણી કરાવેલ સાચા ખેડૂત પાસેથી જ ખરીદી થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમવાર આધાર ઈનેબલ્ડ બાયોમેટ્રીક અથવા ફેસ ઓથેન્ટીકેશન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જો કોઈ ખેડૂત અનિવાર્ય સંજોગોમાં કેન્દ્ર પર હાજર ન રહી શકે, તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોમીની પણ વેચાણ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.

ખેડૂતોને ભીડભાડથી બચાવવા અને વ્યવસ્થા જાળવવા માટે ખરીદ કેન્દ્રો દ્વારા SMS મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે. ખેડૂતોએ તેમને મળેલા મેસેજ મુજબના નિયત સમયે અને તારીખે પોતાનો પાક લઈને કેન્દ્ર પર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# નવા શૈક્ષણિક સત્રમાં સ્કૂલ વેન-રિક્ષાના ભાડા નહીં વધે:સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠકમાં મોટો નિર્ણય

• અમદાવાદ

યુદ્ધ જેવી પરિસ્થિતિ અને વધતી મોંઘવારી વચ્ચે અમદાવાદના વાલીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. નવા શૈક્ષણિક સત્રમાં સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો નહીં કરવાની જાહેરાત કરી છે. નવા શૈક્ષણિક સત્ર દરમિયાન અત્યારે જે ભાડું ચાલે છે તે જ ભાડું યથાવત રહેશે. જેથી મોઘવારી વચ્ચે વાલીઓને આર્થિક ભારમાંથી રાહત મળશે. જો CNGના ભાવમાં વધુ પ્રમાણમાં વધારો થશે તો એસોસિએશન દ્વારા બેઠક બોલાવી વાલીઓના હિતમાં જ નિર્ણય લેવાનો નક્કી કરવામાં આવ્યું છે.નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલ વાન-રિક્ષામાં ભાડા વધારો નહીં કરવા નિર્ણયયુદ્ધની સ્થિતિ વચ્ચે અનેક ચીજ વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે.

**ગંદકી** — પ્રિયંકા સોસાયટીના રહીશોમાં તંત્ર સામે ભારે રોષ

# ડીંડોલીમાં બ્રિજનું કામ ગોકળગાયની ગતિએ:ખાડી સફાઈના નામે કરોડોનો ધુમાડો છતાં ગંદકીનું સામ્રાજ્ય

## પ્રિયંકા નંબર 1 અને 2 સોસાયટીને જોડતા બ્રિજનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે

• સુરત

બ્રિજ સિટી તરીકે જાણીતા સુરતમાં પાલિકા દર વર્ષે બ્રિજ બનાવવા અને ખાડી સફાઈ પાછળ કરોડો રૂપિયાના આંધણ કરે છે, પરંતુ ડીંડોલી વિસ્તારમાં જે દ્રશ્યો જોવા મળી રહ્યા છે તે પાલિકાના તમામ દાવાઓની પોલ ખોલી રહ્યા છે. અહીં પ્રિયંકા નંબર 1 અને 2 સોસાયટીને જોડતા બ્રિજનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી હજારો રહીશો જીવના જોખમે એક સોસાયટીમાંથી બીજી સોસાયટીમાં જવા મજબૂર બન્યા છે. ડીંડોલી વિસ્તારમાં આવેલી ખાડી પર આ બ્રિજની કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા દોઢ-બે મહિનાથી આ કામ તદ્દન બંધ હાલતમાં હતું. વારંવારની રજૂઆતો અને સોશિયલ મીડિયા પર ઉઠેલા વિરોધ બાદ માત્ર બે દિવસથી જ અહીં ફરી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વિસ્તારના રહીશોનો આક્ષેપ છે કે ખાડી સફાઈના નામે કરોડોનો ધુમાડો છતાં અહીં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. કોન્ટ્રાક્ટર અને પાલિકાના અધિકારીઓની મિલીભગતને કારણે કામમાં જાણીજોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે. ગોકળગાયની ગતિએ શબ્દ પણ



અહીં ઓછો પડે તેવી સ્થિતિ છે. બ્રિજ બનવાથી જે બે સોસાયટીઓ વચ્ચેનું અંતર ઘટવાનું હતું, તે અત્યારે રહીશો માટે માથાના દુખાવા સમાન બની ગયું છે. બ્રિજનું મુખ્ય કામ ચાલુ હોવાથી જૂનો રસ્તો અથવા અવરજવરનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. તેના વિકલ્પ તરીકે પાલિકા કે કોન્ટ્રાક્ટરે કોઈ સુરક્ષિત વ્યવસ્થા કરી નથી. પરિણામે, ખાડીમાં માત્ર ધૂળ નાખીને એક કામચલાઉ 'પાળો' બનાવવામાં આવ્યો છે. આ પાળાની સ્થિતિ એટલી ખરાબ છે કે તેના પરથી પસાર થતી વખતે જરા પણ સંતુલન બગડે તો સીધા ખાડીના ગંદા પાણીમાં ખાબકવાનો ભય રહે છે. નાના બાળકો જેઓ શાળાએ જાય છે, ગૃહિણીઓ કે જેઓ દૂધ કે શાકભાજી લેવા નીકળે છે અને વૃદ્ધો આ તમામને દરરોજ જીવના જોખમે રસ્તો પસાર કરે છે.

દિવસના સમયે તો જેમ-તેમ કરીને લોકો પસાર થઈ જાય છે, પરંતુ ખરી સમસ્યા રાત્રિના સમયે સર્જાય છે. આ નિર્માણાધીન બ્રિજની આસપાસ કોઈ પણ પ્રકારની સ્ટ્રીટ લાઈટની સુવિધા નથી. રાત્રે ઘોર અંધારામાં લોકો મોબાઈલની ફ્લેશ લાઈટના સહારે આ જોખમી પાળા પરથી પસાર થાય છે.

સુરત મહાનગરપાલિકા દર ચોમાસા પહેલા અને વર્ષ દરમિયાન ખાડી સફાઈ માટે કરોડો રૂપિયા ફાળવે છે, પરંતુ પ્રિયંકા સોસાયટી પાસેની ખાડીની સ્થિતિ જોતા લાગે છે કે આ રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે. ખાડીમાં પ્લાસ્ટિક અને કચરાના મોટા ઢગલા જોવા મળે છે. પાણી એકદમ સ્થિર અને ગંદુ હોવાથી ત્યાં મચ્છરો અને જીવાતોનો ભારે ઉપદ્રવ થયો છે. આ ગંદકીને કારણે આસપાસની સોસાયટીઓમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ છે. લોકોના સ્વાસ્થ્ય સાથે થઈ રહેલા આ ચેડાં સામે આરોગ્ય વિભાગ કેમ મૌન છે? મચ્છરોના લીધે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા કેસો વધવાની પૂરી શક્યતા છે, છતાં ખાડી સફાઈની કામગીરી અહીં શૂન્ય સમાન છે.માત્ર રહીશો જ નહીં, પરંતુ ત્યાં કામ કરતા શ્રમિકોની સુરક્ષા બાબતે પણ કોન્ટ્રાક્ટર ગંભીર નથી. સ્થળ પર તપાસ કરતા જોવા મળ્યું કે મજૂરોએ સેફટી હેલ્મેટ, જેકેટ કે બૂટ જેવા અનિવાર્ય સાધનો પહેર્યા નથી. સરકારી નિયમો મુજબ નિર્માણ કાર્યમાં સેફટીના સાધનો ફરજિયાત છે, પરંતુ અહીં નિયમોને નેવે મૂકીને કામ કરવામાં આવી રહ્યું છે.

રાણપુર તાલુકાના જાળીલા ગામે ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

# નવનિર્મિત પુલ,મહંત દ્વાર(ગેટ),સ્કુલના વર્ગખંડો નું BAPS ના સંતો,દાતાઓ અને મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરાયું

**લોકાર્પણ** — બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનું જાળીલા ગામ જે પોતાની એકતા અને સર્વાંગી વિકાસ માટે જાણીતું છે

• રાણપુર

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનું જાળીલા ગામ જે પોતાની એકતા અને સર્વાંગી વિકાસ માટે જાણીતું છે ત્યાં એક પ્રેરણાદાયક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું. ગામના દાતાઓના સહયોગથી જાળીલા આજે સમગ્ર રાણપુર તાલુકામાં સર્વશ્રેષ્ઠ ગામ તરીકે ઉભર્યું છે. સ્વચ્છતા અને હરિયાળીને કારણે જાળીલા ગામ વિકાસના આદર્શ રૂપે ઓળખાય છે અને અનેક આધુનિક સુવિધાઓથી સજ્જ બની ગયું છે.“એક જાળીલા શ્રેષ્ઠ જાળીલા” અભિયાન અંતર્ગત ભીમજીભાઈ જીવરાજભાઈ સુતરીયા,શ્રી મતિ મીઠીબેન ભીમજીભાઈ સુતરીયા,ઈશ્વરભાઈ ભીમજીભાઈ સુતરીયા, પ્રવિણભાઈ ભીમજીભાઈ સુતરીયા,ભરતભાઈ ભીમજીભાઈ તેમજ સુતરીયા પરિવારના સહયોગથી રાણપુર બરવાળા રોડથી જાળીલા ગામનુ મહંત દ્વાર (પ્રવેશદ્વાર) નો લોકાપઁણ સમારોહ યોજાયો જેનું ઉદ્ઘાટન સારંગપુર BAPS મંદીરના કોઠારી જ્ઞાનેશ્વર સ્વામી તેમજ સંતગણ તેમજ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ પંડયા,ધારાસભ્ય કાળુભાઈ ડાભી,જીલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ,બરવાળા પ્રાંત અધિકારી સંજયકુમાર ચૌધરી,રાણપુર મામલતદાર કે.બી. ગોહીલ તેમજ રાણપુર,બરવાળાના અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતુ.સાથે જ્ઞાનવિદ્યા મંદિર હાઈસ્કૂલના ધોરણ 11-12 ના નવા વર્ગખંડોનું ભવ્ય લોકાર્પણ કરાયુ આધુનિક નવા બે વગઁ ખંડો નુ લોકાપણઁ કરવામા આવ્યુ આ વગઁ ખંડના મુખ્ય દાતા લાલજીભાઈ માધાભાઈ નાવડીયા 60000, દિપસંગભાઈ



શીવુભાઈ પરમાર 600000,શ્રી મતિ મીઠીબેન ભીમજીભાઈ સુતરીયા-5,51000, મુંકુદરાય નમઁદાશંકર જાની 2,51000 નુ માતબર અનુદાન દ્વારા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવ્યું. આ લોકાર્પણ દાતાઓ અને આગેવાનોના હસ્તે કરવામાં આવ્યુ હતુ.ત્યારબાદ રાણપુર બરવાળા રોડ થી જાળીલા ગામને જોડતા પુલ નુ લોકાર્પણ કરવામા આવ્યુપ્રોજેક્ટ સારી રીતે પૂર્ણ કરવા માટે એક સાયકલ સ્ટોરનું સ્થળાંતર કરવું પડ્યું હતું, જેમાં પ્રવીણભાઈ સુતરીયાએ સ્ટોરના ના નિમાણઁ માટે રૂપિયા 2,10,000ની સહાય આપી નવી દુકાન બનાવવામાં મદદ કરી જે તેમની સામાજિક જવાબદારી અને સહાનુભૂતિ દર્શાવે છે.આ પ્રસંગે પ્રવીણભાઈ સુતરીયાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે તેઓ હાલ અમેરિકા ખાતે રહેતા હોવા છતાં પોતાના વતન જાળીલા પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવે છે અને ગામના વિકાસ માટે યથાશક્તિ યોગદાન આપવું પોતાની ફરજ માને છે. તેમણે વધુમાં જાહેરાત કરી કે જાળીલા ગામના વિદ્યાર્થીઓ ધોરણ 12 સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં પ્રવેશ લે ત્યારે તેમના સમગ્ર શિક્ષણ ખર્ચની જવાબદારી-જાળીલા કોમ્યુનેટી ફાઉન્ડેશન ટ્રસ્ટ યુ.એસ.એ તરફથી લેવામા આવેશે.આ વાત સાંભળતા આમંત્રીત મહેમાન અને ગુજરાત નુ ગૌરવ કહી શકાય તેવા રાણપુરના ટેક્ષસ્પીન કંપનીના ડીરેકટર ભુપેન્દ્રભાઈ મકવાણા તરફથી 500000 ના અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી એ ગૌરવ અને આનંદનો અવસર કહેવાય અને આજ વાતને આગળ વધારતા સ્વ.સમુબેન ગોપાળભાઈ દિયોરા ના સમણાઁથે તેમાન પુત્રો દ્વારા 100000 નુ અનુદાન આપવામાં આવ્યુ.આ પ્રસંગે ધારાસભ્ય કાળુભાઈ ડાભીએ સુતરીયા પરિવાર તથા અન્ય દાતાઓના લોકહિત કાર્યોની પ્રશંસા કરી અને જણાવ્યું કે આવા યોગદાન ગામના વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.સાથે જ અક્ષરપુરષોતમ સાળંગપુર મંદિર ના કોઠારી સ્વામી શ્રી પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ આશીર્વચન આપતા જણાવ્યું કે વિદેશમાં રહીને પણ પોતાના વતન માટે આટલી નિષ્ઠાથી સેવા આપતા દાતાઓ પ્રશંસનીય છે .

# લાઈટની સ્વીચ ચાલુ કરતા જ ગેસ સિલિન્ડરમાં જોરદાર બ્લાસ્ટ થયો

## નોકરીએથી પરત ફરેલા વૃદ્ધ ઈજાગ્રસ્ત થયા, દરવાજા અને બારીના કાચૂ તૂટી ગયા

• વડોદરા



વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં GIDC કોલોનીમાં ગત રાત્રે બ્લાસ્ટની ઘટના સામે આવતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જો કે આ બ્લાસ્ટ ઘરમાં રાખેલી ગેસની નવી બોટલમાં લીકેજ હતું અને ઘર સંપૂર્ણ પણ બંધ હતું. જ્યારે વૃદ્ધ ઘરે નોકરીથી પરત ફરી દરવાજો ખોલતા જ લાઈટની સ્વીચ ઓન કરતા જ ધડાકાભેર બ્લાસ્ટ થાય છે અને ઘરમાં રહેલા તમામ વસ્તુઓ અસ્ત વ્યસ્ત અને બળી જાય છે સાથે વૃદ્ધ દાઝી જતા તેઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સારવાર ચાલી રહી છે.

આ ઘટના ગત રાત્રે નવ વાગ્યાની આસપાસ બને છે. માંજલપુર વિસ્તારમાં આવેલ અલવાનાકા GIDC કોલોમાં રહેતા અને જીઆઈડીસી માં ખાનગી નોકરી કરે છે. તેઓ ઘરમાં ગેસની નવી બોટલ મૂકી ઘર સંપૂર્ણ બંધ કરી નોકરી ગયા હતા. પરત ફરતા શંકરભાઈ લાલાભાઈ પટેલ ( ઉંમર વર્ષ 63) ઘરે નોકરીથી પરત ફરી દરવાજો ખોલી લાઈટની સ્વીચ ચાલુ કરતા જ ધડાકાભેર બ્લાસ્ટ થાય છે. બ્લાસ્ટ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા.આ બ્લાસ્ટની ઘટનામાં શંકરભાઈ દાઝી જાય છે અને તેઓને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલમાં તેઓની સારવાર ચાલી રહી છે. આ ઘટનાની જાણ થતા તાત્કાલિક જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ પણ ઘટના સ્થળે પોહચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં નવી ગેસની બોટલમાં લીકેજ હોવાનું જાણવા મળ્યું હતું.આ ઘટનામાં વૃદ્ધ એકલા રહે છે અને તેઓ જીઆઈડીસી કંપનીમાં ખાનગી નોકરી કરે છે. આ ઘટનામાં બ્લાસ્ટ એટલો વિકરાળ હતો કે ઘરમાં ટોયલેટ બાથરૂમના દરવાજા પણ તૂટીને પડ્યા હતા. સાથે ઘરમાં રહેલા સામાના અસ્તવ્યસ્ત થયો હતો. તિજોરીના કાચ પણ તૂટેલી સ્થિતિમાં જોવા મળ્યા હતા. આ ઘટના અંગે માંજલપુર પોલીસ મથકને જાણ કરી હતી.

# ખોટા દસ્તાવેજ રજૂ કરનાર સામે કાર્યવાહી:હવે નેશનલ હાઈ-વે 48 પર આવેલ ટોલ પ્લાઝા પર રોકડ ચૂકવણી બંધ

• વડોદરા

અમદાવાદ વડોદરા નેશનલ હાઈ-વે નંબર 48 પર આવેલ વાસદ તેમજ ખેડા ટોલના લાયઝન મેનેજર તેમજ ટોલ મનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલમાં કેટલીક ગાડીવાળા ટોલમાંથી પસાર થવા માટે જરૂરી પુરાવા ડુપ્લિકેટ બતાવવાનો પ્રયાસ કરે છે પરંતુ, ટોલમાં જે સરકારી હોદ્દેદારો અથવા સબંધિત વાહનોને મુક્તિ આપવામાં આવી છે, તે પણ NHAIના પરિપત્ર મુજબ આપવામાં આવી છે તે મુક્તિ પણ ફાસ્ટેગના માધ્યમથી જ ઉપલબ્ધ છે.

ભારત સરકારની ટોલ વસૂલીમાં નુકસાન ન થાય તે હેતુથી જો ગાડી ચાલક ખોટા દસ્તાવેજ, જેવાં કે ગાડીની RC બુક, બીજી વ્યક્તિનું આધાર કાર્ડ અથવા કોઈ રહેઠાણ પ્રૂફ ટોલ પ્લાઝા પર રજૂ કરે છે અને તે ડોક્યુમેન્ટ ફર્ઝી સાબિત થશે તો તુરંત તેની માહિતી પોલીસમાં આપી તેની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જૂના રેકોર્ડ મુજબ ટોલને થયેલું નુકસાનની પણ ભરપાઈ/વસૂલાત કરાવવામાં આવશે. (જે તે વાહનના વર્ગ વાર અને દર મુજબ ) જેથી ભારત સરકારને થતું નુકસાન અટકાવી શકાય.વધુમા ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગને આદેશ આપવામાં આવ્યો છે કે, આગામી તારીખ 1 એપ્રિલ, 2026થી ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવાનું બંધ કરી દેવામાં આવશે. જો તમારે ટોલ પ્લાઝા પરથી પસાર થવું હોય તો તમારી ગાડીમાં ફાસ્ટટેગથી અથવા UPI જેમકે ગૂગલ પે, ફોન પે તેમજ અન્ય કોઈ UPI એપ્લિકેશનથી જ પેમેન્ટ વસૂલવામાં આવશે. ઉપરોક્ત બાબતના અનુસંધાનમાં ટોલ પ્લાઝા અધિકારો દ્વારા પોલિસ સ્ટેશનમાં પત્ર પણ રજુ કરવામાં આવેલ છે તેમજ પોલીસનો સહયોગ હંમેશા સકારાત્મક રહયો છે. અમદાવાદ વડોદરા નેશનલ હાઈ-વે નંબર 48 પર આવેલ વાસદ તેમજ ખેડા ટોલના લાયઝન મેનેજર તેમજ ટોલ મનેજર દ્વારા જણાવવામાં આવ્યું છે કે હાલમાં કેટલીક ગાડીવાળા ટોલમાંથી પસાર થવા માટે જરૂરી પુરાવા ડુપ્લિકેટ બતાવવાનો પ્રયાસ કરે છે પરંતુ, ટોલમાં જે સરકારી હોદ્દેદારો અથવા સબંધિત વાહનોને મુક્તિ આપવામાં આવી છે.

# રેલવે યાર્ડમાં કામ કરતા કર્મચારીને કરંટ લાગતા ગંભીર:કરચિયા રેલવે યાર્ડમાં ખલાસી તરીકે ફરજ બજાવતા કર્મચારીની હાલત નાજુક



• વડોદરા

વડોદરાના કરચિયા રેલવે યાર્ડમાં ફરજ દરમિયાન એક રેલવે કર્મચારીને અચાનક વીજળીનો જોરદાર કરંટ લાગ્યો હતો. આ અકસ્માતમાં કર્મચારી ગૌતમ સોલંકીની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે અને તેઓ હાલ ખાનગી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે.મળતી માહિતી અનુસાર, ગૌતમ સોલંકી ખલાસી તરીકે કામગીરી કરે છે અને તેઓ કરચિયા યાર્ડમાં પોતાની નિયમિત ડ્યુટી બજાવી રહ્યા હતા ત્યારે અચાનક વીજ કરંટની ઝપેટમાં આવી ગયા હતા. ઘટના બનતાં જ તાત્કાલિક તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલુ છે, પરંતુ તેઓ સેફટી વગર કામ કરતા હતા કે કેમ તે તપાસ બાદ જાણવા મળશે.

ડોદરામાં 24-27 માર્ચે MGVCLની ખાસ ડ્રાઈવ

# વબાકી વીજ બિલની વસૂલાત માટે 23 સબ ડિવિઝનમાં 480 ટીમો કામે લાગશે

• વડોદરા

માર્ચ મહિનાનાં અંત સુધીમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વીજ બિલના નાણાંની વસૂલાત માટે કડકાઈ શરૂ કરવામાં આવી છે. જે લોકોની વીજ બિલની રકમ બાકી છે, તેઓ પાસેથી તેની વસૂલાત અને જો પૈસા ન ભરે તો તેના કનેક્શનને કાપી નાખવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેને લઈને આગામી 24 માર્ચ અને 27 માર્ચના આ અંગેની ખાસ ડ્રાઈવ યોજવામાં આવી છે.

વડોદરામાં બાકી વીજ બિલ વસૂલાત માટે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મેગા ડિસકનેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરના ત્રણ ડિવિઝનના 23 સબ ડિવિઝનમાં કુલ 480 ટીમોમાં 600 જેટલા માણસો આ કામગીરી માટે મેદાનમાં ઉતારવામાં આવશે. છેલ્લે 13 માર્ચના રોજ ડ્રાઈવ યોજાઈ હતી. હવે 24 અને 27 માર્ચના રોજ ખાસ ડ્રાઈવ યોજાશે. વડોદરામાં MGVCL દ્વારા બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તમામ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા ચેકિંગ સાથે બાકી રકમ વસૂલાતની કામગીરી ચાલી કરવામાં આવશે.

કંપનીએ ગ્રાહકોને રાહત આપતા ઓન ધ સ્પોટ બિલ ભરપાઈ કરવાની પણ વ્યવસ્થા કરી છે. તેમ છતાં જે ગ્રાહકો બિલ ચૂકવશે નહીં તેમના વીજ કનેક્શન નિયમ મુજબ કાપવામાં આવશે. મેગા ડ્રાઈવ દરમિયાન શહેરભરમાં મોટી સંખ્યામાં ચેકિંગ અને ડિસકનેક્શનની કાર્યવાહી હાથ ધરાશે. વડોદરા શહેરમાં લગભગ 8,20,000 જેટલા કનેક્શન છે.

MGVCLની ગ્રાહકોને અગત્યની જાહેર અપીલ

1. તમામ ગ્રાહકોને સૂચિત કરવામાં આવે છે કે બાકી રહેલાં વીજ બિલની તાત્કાલિક અને સંપૂર્ણ ચુકવણી કરવી અનિવાર્ય છે.

2. ડિસકનેકશન જેવી કાર્યવાહીથી બચવા માટે સમયસર વીજ બિલની નિયમિત ચુકવણી કરવાની રહેશે.

3. મેગા ડ્રાઈવ પૂર્વે બાકી રહેલાં વીજ બિલની સંપૂર્ણ રકમ જમા કરાવવા વિનંતી કરવામાં આવે છે.

4. જો મેગા ડિસકનેક્શન ડ્રાઈવના દિવસે કનેક્શન ડિસકનેકટ કરવામાં આવશે, તો વીજ બિલની બાકી રહેલી 100% રકમ તેમજ રી-કનેકશન ચાર્જીસની સંપૂર્ણ ચુકવણી સબ-ડિવિઝન કચેરીમાં કર્યા બાદ જ કનેકશન ફરીથી રી-કનેકટ કરવામાં આવશે.

ગ્રાહક દ્વારા વીજબીલની રકમ કંપનીની સ્થાનિક કચેરી, નજીકના વિસ્તારના ઈ-ગ્રામ સેન્ટર, સી.એસ.સી. સેન્ટર તેમજ વિવિધ ઓનલાઈન પેમેન્ટ મોડસ, એમજીવીસીએલ વેબ પોર્ટલ અને વેબસાઈટ, ક્રેડીટ-ડેબીટ કાર્ડ, યૂઆર કોડ વિગેરે વિકલ્પો પૈકી કોઈપણ વિકલ્પ દ્વારા ભરપાઈ કરી શકાય છે.

એક્શન

હજારની ઊઘરાણીમાં નીકળેલી ગેંગ પર પોલીસ તૂટી પડી

# સુરત પોલીસે યુવકની બોચી પકડી ને બાઈકે સ્ટંટ કર્યો, એક પોલીસકર્મી તો આરોપીના ખભે ચડી ગયો

## પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ આખી લોહિયાળ ખેલ પાછળ માત્ર 1,000 રૂપિયાનો નજીવો વિવાદ જવાબદાર હતો

• સુરત

સુરતનું ગોડાદરા વિસ્તાર કોઈ હાઈ-વોલ્ટેજ એક્શન ફિલ્મ કે ગેંગસ્ટર મૂવીના શૂટિંગ લોકેશનમાં ફેરવાઈ ગયું હતું. સામાન્ય રીતે કોઈ મોટી ગુનાહિત ઘટના બની ગયા પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચતી હોય છે, પરંતુ અહીં સુરત પોલીસે અદભૂત સતર્કતા દાખવી ગણતરીની મિનટોમાં હુમલાખોરોને રસ્તા પર જ દબોચી લીધા હતા. હુમલો કરવા આવેલા બદમાશો બાઈક પરથી ફંગોળાયા અને પોલીસે તેમની પાછળ ફિલ્મી સ્ટાઈલમાં દોડી તેમને જમીનદોસ્ત કરી દીધા હતા. આ સમગ્ર ઓપરેશનના CCTV હાલ સામે આવ્યા છે.CCTVમાં દેખાતા દૃશ્યો કોઈપણ નાગરિકને હચમચાવી દે તેવા ભયાનક છે. સોસાયટીમાં રાત્રિના સમયે શાંતિનો માહોલ હતો ત્યારે અચાનક એક પછી એક ત્રણ બાઈક ગલીમાં પ્રવેશ કરે છે. દરેક બાઈક પર ત્રણ-ત્રણ એટલે કે કુલ 9 જેટલા અસામાજિક તત્વો સવાર હતા. આ તમામ હુમલાખોરોના હાથમાં 'રેનબો' કલરના અત્યંત ધારદાર 6 જેટલા મસમોટા ચપ્પુ હતા. તેઓ ફરિયાદી સચિન ચૌધરી પર જીવલેણ હુમલો કરવાના સ્પષ્ટ ઈરાદે જ આવ્યા હતા. હુમલાખોરોનો આ આતંક જોઈને સોસાયટીના રહીશોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

આરોપીઓ એક હજારની ઊઘરાણી કરવા નીકળ્યા ને પોલીસ રસ્તામાં જ ઊભી હતીપોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ આખી લોહિયાળ ખેલ પાછળ માત્ર 1,000 રૂપિયાનો નજીવો વિવાદ જવાબદાર હતો. ફરિયાદી સચિન ધર્મેન્દ્રભાઈ ચૌધરી પાસે આરોપીઓએ અગાઉ ઉછીના આપેલા 1,000 રૂપિયાની કડક માંગણી કરી હતી. સચિને અત્યારે આ રકમ આપવાની અસમર્થતા દર્શાવતા મામલો એકાએક બીચક્યો હતો. આરોપી કનૈયા, દીપક અને તેના અન્ય મિત્રોએ સચિનને ફોન પર બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સચિનને અહેસાસ થઈ ગયો હતો કે આ લોકો હુમલો કરશે, તેથી તેણે તુરંત પોલીસને ફોન કર્યો હતો.

હુમલાખોરો સચિનને નિશાન બનાવે તે પહેલા જ પોલીસ કાફલો પહોંચી ગયો અત્યાર સુધી આપણે બોલિવૂડ ફિલ્મોમાં જોયું છે કે, જ્યારે હીરો પર હુમલો થાય ત્યારે પોલીસ છેલ્લી ઘડીએ પહોંચે છે પણ ગોડાદરામાં ચિત્ર બિલકુલ અલગ હતું. સચિનનો ઈમરજન્સી કોલ મળતા જ ગોડાદરા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના હરવિજયસિંહ, સંદીપભાઈ અને વિશાલભાઈ તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. હુમલાખોરો સોસાયટીમાં ઘૂસીને



સચિનને નિશાન બનાવે તે પહેલા જ પોલીસ કાફલો ત્યાં સજ્જ થઈને પહોંચી ગયો હતો. પોલીસની ગાડીઓ અને જવાનોને અચાનક સામે જોઈને હુમલો કરવા આવેલા ગુંડાઓના હોશ ઉડી ગયા હતા અને નાસભાગ મચી હતી. બાઈકચાલકે એક્સિલેટર માર્યું ને બાઈક ઘોડાની જેમ ઊછળ્યું, બંને યુવકો પટકાયા પોલીસને જોઈને હુમલાખોરોએ પકડાઈ જવાના ડરથી ભાગવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. CCTVમાં સ્પષ્ટ દેખાય છે કે, એક બાઈક પર સવાર હુમલાખોરો ભાગવા માટે જોરદાર એક્સિલરેટર આપે છે ત્યારે પોલીસકર્મી પાછળથી એક આરોપીને પકડીને ખેંચી રસ્તા પર પટકે છે, જેના કારણે ચાલુ બાઈક હવામાં એક ટાયર પર (વીલી) થઈ જાય છે અને સંતુલન ગુમાવતા બંને રસ્તા પર પટકાય છે. બીજી તરફ, પોલીસ જવાનો હાથમાં દંડા લઈને તેમની પાછળ જીવના જોખમે દોડે છે. એક હુમલાખોર ગલીમાં સંતાઈને ભાગવાની કોશિશ કરે છે પણ બાહોશ પોલીસ જવાનો તેને પકડીને રસ્તા પર પાડી દે છે.

આ આખા ઓપરેશનનું સૌથી રોમાંચક અને દિલધડક દ્રશ્ય ત્યારે સર્જાયું જ્યારે એક આરોપીએ પોલીસની પકડમાંથી છૂટવા માટે જોરદાર ઝપાઝપી કરી હતી. જોકે, નીડર પોલીસે તેને જમીન પર પછાડ્યો અને તે ફરીથી ભાગી ન જાય તે માટે એક પોલીસ જવાન તેના ખભા પર બેસી ગયો હતો. રસ્તાની વચ્ચે ચાલેલું આ દ્રશ્ય કોઈ ફિલ્મી એક્શન જેવું લાગતું હતું અને આ જોઈને સ્થાનિકો સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસે તમામ આરોપીઓને રસ્તા પર લાઈનમાં બેસાડી તેમની કડક પૂછપરછ કરી અને તલાશી લેતા ઘાતક હથિયારો મળી આવ્યા હતા.ગોડાદરા પોલીસે જે છ આરોપીઓની ધરપકડ કરી છે, તેમાં મનિષ ઉર્ફે કાલિયા ગુપ્તા, પ્રિયેશ ઉર્ફે સાહુલ દુબે, દીપક યાદવ, અમિત ઉર્ફે બીડી યાદવ, પ્રકાશ ઉર્ફે વિક્કી સોની અને અભિષેક ઉર્ફે બચ્ચી યાદવનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશ અને બિહારના વતની છે અને સુરતના લિંબાયત તથા ગોડાદરા વિસ્તારમાં રહીને કલરકામ કે હીરા મજૂરી કરે છે. તેમની સાથે એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પણ સામેલ હતો. પોલીસ હવે આ ગેંગના અન્ય સાગરીતો અને ગુનાહિત કનેક્શનની ઊંડી તપાસ કરી રહી છે.

ગોડાદરા પોલીસે આ ગંભીર મામલે ભારતીય ન્યાય સંહિતા-2023ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. જેમાં ગેરકાયદે મંડળી રચવી, હુમલો કરવો અને હથિયાર રાખવા જેવી કલમોનો સમાવેશ થાય છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની કડક સૂચના બાદ પોલીસ અત્યારે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ પર કામ કરી રહી છે. આરોપીઓ જે રીતે તૈયાર થઈને સાત જેટલા ઘાતક રેનબો ચપ્પુ લઈને આવ્યા હતા. તેનાથી સ્પષ્ટ થાય છે કે, જો પોલીસ સમયસર ન પહોંચી હોત તો સુરતમાં એક મોટી ગેંગવોર કે હત્યાની ઘટના બની શકી હોત.સુરત શહેર પોલીસની આ વીજળીક વેગે કરેલી કામગીરીની આખા ગુજરાતમાં અને સોશિયલ મીડિયામાં ભારે પ્રશંસા થઈ રહી છે. સામાન્ય રીતે જનતા પોલીસ પર ભરોસો કરતા અચકાતી હોય છે, પરંતુ અહીં ફરિયાદી સચિનની સમયસૂચકતા અને ગોડાદરા પોલીસનો ક્વિક રિસ્પોન્સ જીવ બચાવવામાં સફળ રહ્યો હતો.

સુરત નવી સિવિલ હોસ્પિટલ પાસે હાઈવોલ્ટેજ ડ્રામા

# યુવક ઝાડ પર ચડી જતાં ફાયર બ્રિગેડ દોડતું થયું, સેફ્ટી નેટ બિછાવી હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી સુરક્ષિત નીચે ઉતારાયો

ડ્રામા

આખરે ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ યુવકને પકડી પાડ્યો હતો

• સુરત

સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલ પાસે રોડ પર આજે એક યુવકે ઝાડ પર ચડી જઈને ભારે ધમાચકડી મચાવી હતી. યુવકને ઝાડ પર ચડેલો જોઈ લોકોના ટોળા ઉમટ્યા હતા અને પોલીસ તેમજ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. આખરે ફાયર વિભાગે હાઈડ્રોલિક પ્લેટફોર્મ અને સેફ્ટી નેટની મદદથી યુવકનું રેસ્ક્યુ કરી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. બનાવની વિગત મુજબ, મજૂરા ગેટ વિસ્તારમાં આવેલી નવી સિવિલ હોસ્પિટલ નજીક અચાનક એક યુવક ઉંચા ઝાડ પર ચડી ગયો હતો. યુવકને ઝાડની ડાળીઓ પર જોખમી રીતે બેઠેલો જોઈ રાહદારીઓ ઉભા રહી



ગયા હતા. યુવક નીચે કૂદી જશે તેવી બીકને કારણે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમ અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. યુવક જો નીચે પડે તો તેને ઈજા ન થાય તે માટે સૌથી પહેલા ઝાડની નીચે સેફ્ટી નેટ પાથરી દેવામાં આવી હતી. ત્યારબાદ ફાયરના જવાનોએ હાઈડ્રોલિક પ્લેટફોર્મનો ઉપયોગ કરીને યુવકની નજીક પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ અને ફાયરના જવાનોએ યુવકને નીચે ઉતરવા માટે સમજાવ્યો હતો, પરંતુ તે ટસનો મસ થયો નહોતો.

આખરે ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ યુવકને પકડી પાડ્યો હતો અને પ્લેટફોર્મ દ્વારા સુરક્ષિત રીતે નીચે લાવવામાં આવ્યો હતો. યુવક માનસિક રીતે અસ્થિર હોવાની આશંકા સેવાઈ રહી છે. રેસ્ક્યુ કર્યા બાદ તુરંત જ પોલીસ કાફલાએ યુવકને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. યુવક કોણ છે અને કયા કારણોસર ઝાડ પર ચડ્યો હતો તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પુણામાં અફીણ વેચતો રાજસ્થાની શખસ ઝડપાયો

# સુરત પોલીસના 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાનને સફળતા, FSL રિપોર્ટ બાદ પોલીસે દરોડો પાડી જેલભેગો કર્યો

• સુરત

સુરત શહેરમાંથી નશાના કારોબારને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે પોલીસ કમિશનર દ્વારા શરૂ કરવામાં આવેલા 'નો ડ્રગ્સ ઈન સુરત સિટી' અભિયાનને સફળતા મળી છે. પુણા પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને અફીણના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સુરત શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થોની હેરાફેરી રોકવા માટે સર્વેલન્સ સ્ટાફ સતત કાર્યરત હતો. આ દરમિયાન અંગત બાતમીદાર પાસેથી ચોક્કસ બાતમી મળી હતી કે, પુણાગામમાં આવેલી સીતારામ સોસાયટી વિભાગ-2, ઘાંચી સમાજની વાડી પાસેના એક મકાનમાં અફીણનું વેચાણ થઈ રહ્યું છે.

પોલીસે મળેલી બાતમીના આધારે, સીતારામ સોસાયટીના ઘર નં. 517ના ત્રીજા માળે દરોડો પાડ્યો હતો. ત્યાંથી રેવન્તસિંહ રાયસિંહ રાઠોડ (ઉં.વ. 24) નામનો ઈસમ મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી 92 ગ્રામ



અફીણ (ઘેરા બદામી કલરના ગાંગડા સ્વરૂપમાં), જેની અંદાજિત કિંમત રૂ. 27,600 છે. એક નંગ મોબાઈલ ફોન (કિં. રૂ. 3,000), આધાર કાર્ડ અને પાન કાર્ડ કુલ મળીને રૂ. 30,600નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલો આરોપી રેવન્તસિંહ મૂળ રાજસ્થાનના બીકાનેર જિલ્લાના ખાજુવાલા તાલુકાના રાવત આબાદી ગામનો વતની છે અને હાલ પુણામાં સુથારીકામ કરતો હતો. પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ NDPS એક્ટની કલમ 8(સી), 18(સી) અને 29 મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કબજે કરેલા નશીલા પદાર્થને પરીક્ષણ માટે ગાંધીનગર સ્થિત FSL ખાતે મોકલવામાં આવ્યો હતો. લેબોરેટરીના રિપોર્ટમાં આ પદાર્થ અફીણ હોવાની સત્તાવાર પુષ્ટિ થયા બાદ પોલીસે ધરપકડ અને ગુનો નોંધવાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

# 7 વર્ષ પહેલાં શરૂ થયેલી શહેરની પ્રથમ ઈન્ટરનેશનલ શારજાહ ફલાઈટ કાયમ માટે બંધ કરવા તૈયારી

• સુરત

સુરત એરપોર્ટ પર 7 વર્ષ પહેલાં શરૂ થયેલી સુરત-શારજાહ ફલાઈટ કાયમ માટે બંધ થવા જઈ રહી છે. તેનું બુકિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. જોકે, આ ફલાઈટ અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે 27 ફેબ્રુઆરીથી જ રદ છે. લાંબા પ્રયત્નો બાદ 16 ફેબ્રુઆરી 2019ના રોજ આ ઉડાન શરૂ કરવામાં આવી હતી.હાલમાં મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી તણાવપૂર્ણ સ્થિતિને કારણે એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરત-દુબઈ (IX 273) અને દુબઈ-સુરત (IX 274) ની સાથે-સાથે ઈન્ડિગોની સુરત-દુબઈ (6E 1507) અને દુબઈ-સુરત (6E 1508) ફલાઈટ પણ અત્યારે બંધ છે. આવા સમયે સુરત-શારજાહ ફલાઈટ કાયમી ધોરણે બંધ થવી એ મુસાફરો માટે વધુ ચિંતાનો વિષય બન્યો છે. પરંતુ સુરતવાસીઓની લાગણીઓ સાથે જોડાયેલી હતી. તેમણે ઉમેર્યું કે આ ફલાઈટને મુસાફરોનો સારો પ્રતિસાદ મળી રહ્યો હતો અને તેનું બુકિંગ પણ સંતોષકારક હતું તેમ છતાં તેને બંધ કરવી એ એક દુઃખદ નિર્ણય છે.સૂત્રો અનુસાર, એર ઈન્ડિયા એક્સપ્રેસ હવે સુરતથી માત્ર દુબઈ માટે જ પોતાની સેવા ચાલુ રાખવા માંગે છે, જેથી શારજાહ રૂટ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, આ નિર્ણયથી સ્થાનિક મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સુરતવાસીઓની માંગ છે કે, આ ફલાઈટને બંધ કરવામાં ન આવે અને વહેલી તકે ફરી શરૂ કરવામાં આવે. તેમનું માનવું છે કે આ ફલાઈટ માત્ર સુવિધા જ નહોતી આપતી, પરંતુ શહેરની આંતરરાષ્ટ્રીય ઓળખને પણ મજબૂત બનાવતી હતી.WWWAS ના સભ્ય સંજય જૈને આ અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ ફલાઈટ માત્ર મુસાફરીનું સાધન નહોતી, પરંતુ સુરતવાસીઓની લાગણીઓ સાથે જોડાયેલી હતી. તેમણે ઉમેર્યું કે આ ફલાઈટને મુસાફરોનો સારો પ્રતિસાદ મળી રહ્યો હતો અને તેનું બુકિંગ પણ સંતોષકારક હતું તેમ છતાં તેને બંધ કરવી એ એક દુઃખદ નિર્ણય છે.

# ગેસ પાઈપલાઈનના નેટવર્ક માટે રોડ રીસ્ટોરેશન-પરમિશન ચાર્જમાં મુક્તિ

• સુરત

વૈશ્વિકસ્તરે ઊર્જા ક્ષેત્રે સર્જાયેલી અસ્થિરતા અને મધ્ય-પૂર્વના દેશોમાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને સુરત મહાપાલિકાએ એક મહત્વપૂર્ણ અને પ્રજાલક્ષી નિર્ણય લીધો છે.સુરત શહેરમાં નેચરલ ગેસના નેટવર્કને વ્યાપક બનાવવા અને પાઈપલાઈન નાખવાની કામગીરીમાં આવતા વહીવટી તથા આર્થિક અવરોધોને દૂર કરવા માટે મહાપાલિકાએ રોડ રીસ્ટોરેશન અને પરમિશન ચાર્જમાં સંપૂર્ણ મુક્તિ આપવાની જાહેરાત કરી છે. છેલ્લા કેટલાક સમયથી મધ્ય-પૂર્વના દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારત તેની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આ દેશો પર નિર્ભર છે. જો આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પડે, તો તેની સીધી અસર સ્થાનિક ઈંધણના ભાવ અને ઉપલબ્ધતા પર પડી શકે છે. રાજ્યના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા આ બાબતની ગંભીરતા સમજીને તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આદેશ આપવામાં આવ્યો હતો કે ગેસ નેટવર્કના વિસ્તરણમાં આવતા તમામ અવરોધો દૂર કરવામાં આવે. સુરત કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર વચ્ચે મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકો બાદ, 20 મી માર્ચના રોજ આ અંગેનો સત્તાવાર પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. મહાપાલિકાએ આ રાહત મર્યાદિત સમયગાળા માટે આપી છે જેથી કામગીરીમાં ઝડપ લાવી શકાય. આગામી 4 અઠવાડિયા સુધી સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓ પાસેથી કોઈપણ પ્રકારનો રોડ કટિંગ કે રીસ્ટોરેશન ચાર્જ લેવામાં આવશે નહીં.સામાન્ય રીતે ગેસ કંપનીઓએ રસ્તા ખોદવા માટે લાખો રૂપિયાની ફી ચૂકવવી પડતી હોય છે, જે હવે માફ કરવામાં આવી છે.

દારૂના નશામાં ચૂર પૂર્વ વોર્ડબોય-એમ્બ્યુલન્સ ચાલકે ASIને જાહેરમાં ગાળો ભાંડી, વરદી પર હાથ નાખી ઝપાઝપી કરી

# સુરત સિવિલમાં દારૂડિયાઓનો આતંક

• સુરત

સુરત નવી સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ પાસે રાત્રે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. નશામાં ધૂત બે નશેડીઓએ પોલીસ અધિકારી સાથે જ ઝપાઝપી કરી હોબાળો મચાવ્યો હતો. અઠવા પોલીસના ASI પર હુમલો કરવાનો પ્રયાસ કરી ગાળાગાળી કરતા આખરે ખટોદરા પોલીસે બંનેની અટકાયત કરી છે.

હોબાળો કરતા યુવકને પોલીસે શાંતિથી બેસવાનું કીધું તો ગાળો ભાંડી નશાની હાલતમાં પોલીસ સાથે આવી ગાળાગાળી કરવા લાગ્યા સિવિલના પીએમ રૂમ પાસે ફરજ પર તહેનાત અઠવા પોલીસ મથકના ASI જયંતિભાઈ જ્યારે પોતાની ડ્યુટી કરી રહ્યા હતા, ત્યારે સિવિલના



જ પૂર્વ વોર્ડબોય ચેતન પટેલ અને ખાનગી એમ્બ્યુલન્સ ચાલક જાવેદ નશાની હાલતમાં ત્યાં આવી ચઢ્યા હતા. કોઈ બાબતે બોલાચાલી બાદ બંનેએ પોલીસનો ખોફ ભૂલીને ASI સાથે ગાળાગાળી શરૂ કરી હતી.

ASIએ એકને દબોચ્યો તો બીજાએ હુમલો કર્યોઘટનાસ્થળે હાજર લોકોના જણાવ્યા મુજબ, મામલો એટલો બિચક્યો હતો કે નશેડીઓએ ASI જયંતિભાઈ સાથે ઝપાઝપી શરૂ કરી હતી. ASIએ હિંમત દાખવી એક નશેડીને દબોચી રાખ્યો હતો. તે સમયે બીજા નશેડીએ ASIને છોડાવવા માટે તેમના પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. સિવિલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ અધિકારીની વર્ધી પર હાથ નાખતા ચકચાર મચી ગઈ હતી. પોતાની સાથે થઈ રહેલી ઝપાઝપી વચ્ચે ASI જયંતિભાઈએ તાત્કાલિક ખટોદરા પોલીસને જાણ કરી હતી. મેસેજ મળતા જ પીસીઆર વાન અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે નશામાં ધૂત બંને શખ્સોને અટકાયતમાં લઈ પોલીસ સ્ટેશન ભેગા કર્યા હતા. હોસ્પિટલ પરિસરમાં આ પ્રકારે પોલીસ સાથે બાથ ભીડતા તત્વો સામે કડક કાર્યવાહીની માગ ઉઠી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# રવાન્ડાની ફેનીએ ટી-20 ડેબ્યૂમાં સદી ફટકારી આવું કરનાર પ્રથમ મહિલા ખેલાડી બની

## રવાન્ડાની ફેનીએ 65 બોલમાં 111 રન બનાવી અણનમ રહી



રવાન્ડાની 15 વર્ષીય ફેની ઉતાગુશિમાનિંદે ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ મેચમાં સદી ફટકારનાર પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે. તેણે નાઈજીરીયા ઈન્વિટેશનલ મહિલા ટી-20 ટુર્નામેન્ટમાં ઘાના સામે 65 બોલમાં અણનમ 111 રન બનાવ્યા. ફેનીએ માત્ર ડેબ્યૂ પર સદીનો રેકોર્ડ જ નથી બનાવ્યો, પરંતુ તે મહિલા ટી-20 ઈન્ટરનેશનલમાં સદી ફટકારનાર સૌથી ઓછી ઉંમરની ખેલાડી પણ બની ગઈ છે. સદી પૂરી કરતી વખતે તેની ઉંમર 15 વર્ષ અને 223 દિવસ હતી. આ પહેલા આ રેકોર્ડ યુગાન્ડાની પ્રોસ્કોવિયા અલાકોના નામે હતો, જેણે 2019માં માલી સામે 16 વર્ષ અને 233 દિવસની ઉંમરે 116 રન બનાવ્યા હતા.

ટી-20 ડેબ્યૂ મેચમાં સૌથી વધુ રન બનાવવાનો 19 વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડ્યો ફેનીએ મહિલા ટી-20 ડેબ્યૂમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. તેણે 19 વર્ષ પહેલા બનેલા આ રેકોર્ડને પોતાના નામે કર્યો છે. 2005માં ઓસ્ટ્રેલિયાની કેરેન રોલ્ટને ઈંગ્લેન્ડ સામેની તેની પ્રથમ મેચમાં અણનમ 96 રન બનાવ્યા હતા.

ફેનીની સદીની ઈનિંગ્સની મદદથી રવાંડાએ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 210 રનનો મોટો સ્કોર બનાવ્યો. ફેની પછી ટીમ માટે મરવેઈલ ઉવાસે 19 બોલમાં 32 રન બનાવ્યા. ખાસ વાત એ રહી કે ઘાનાની ટીમે 25 વાઈડ સહિત કુલ 28 રન એક્સ્ટ્રાના રૂપમાં આપ્યા. જવાબમાં ઘાનાની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 88 રન જ બનાવી શકી અને રવાંડાએ આ મેચ 122 રનના મોટા અંતરથી જીતી લીધી.

ડેબ્યૂ મેચમાં સદી ફટકારવાની સિદ્ધિ પુરુષ ટી-20 ઈન્ટરનેશનલમાં અત્યાર સુધી ચાર બેટ્સમેનોએ મેળવી છે, પરંતુ તેમાંથી કોઈ પણ ભારત, ઓસ્ટ્રેલિયા કે ઈંગ્લેન્ડ જેવા 'ફૂલ મેમ્બર' દેશોમાંથી નથી. પુરુષોમાં ડેબ્યૂ પર સૌથી મોટો સ્કોર કેનેડાના મેથ્યુ સ્પૂર્સ (108* રન)ના નામે છે. જ્યારે, સૌથી યુવા પુરુષ સેન્ચુરી મેકર ફ્રાન્સના ગુસ્તાવ મેકકોન (18 વર્ષ 280 દિવસ) છે. ફૈનીએ આ બધાને ઉંમરના મામલે પાછળ ધકેલી દીધા છે.

આકાશ દીપ IPL 2026માંથી બહાર: KKRના પેસર ઈજાના કારણે નહીં રમે; મેગા ઓક્શનમાં એક કરોડમાં ખરીદાયો હતો કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને IPL 2026 પહેલા વધુ એક ઝટકો લાગ્યો છે. ટીમના ફાસ્ટ બોલર આકાશ દીપ આખી સિઝનમાંથી બહાર થઈ ગયો છે. શનિવારે ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝને ફ્રેન્ચાઈઝીના એક અધિકારીએ આની પુષ્ટિ કરી.

શ્રીલંકાના નવા હેડ કોચ બન્યા

2027 વન-ડે વર્લ્ડ કપ સુધી સાથે રહેશે

# 'પાકિસ્તાન ક્રિકેટમાં ઝેરી વાતાવરણ':પૂર્વ કોચ ગેરી કર્સ્ટનનો ખુલાસો, 6 મહિનામાં જ પદ છોડી દીધું હતું

## પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ હેડ કોચ ગેરી કર્સ્ટને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) પર આરોપો લગાવ્યા છે

પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ હેડ કોચ ગેરી કર્સ્ટને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) પર આરોપો લગાવ્યા છે. તેમણે ખુલાસો કર્યો કે ટીમની અંદર સતત દખલગીરી અને ખરાબ વાતાવરણને કારણે કામ કરવું ખૂબ મુશ્કેલ બની ગયું હતું. કર્સ્ટને 6 મહિનામાં જ પાકિસ્તાનના કોચ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. કર્સ્ટને કહ્યું કે, PCBમાં બાહ્ય હસ્તક્ષેપ ખૂબ વધારે હતો, જેનાથી ટીમના નિર્ણયો અને પ્રદર્શન પર નકારાત્મક અસર પડતી હતી. તેમણે કહ્યું કે, આવા ઝેરી વાતાવરણમાં કોઈપણ કોચ માટે સફળ થવું લગભગ અશક્ય છે. ગેરી કર્સ્ટને ટૉકસ્પોર્ટ ક્રિકેટને જણાવ્યું કે, મારા માટે સૌથી આશ્ચર્યજનક બાબત સતત થતો બાહ્ય હસ્તક્ષેપ હતો. આ કારણે કોચ તરીકે ટીમ સાથે યોગ્ય રીતે કામ કરવું ખૂબ મુશ્કેલ બની જાય છે. કર્સ્ટને આગળ કહ્યું કે, ટીમના ખરાબ પ્રદર્શન પછી વાતાવરણ વધુ તણાવપૂર્ણ બની જતું હતું. પાકિસ્તાન ક્રિકેટમાં ખરાબ પ્રદર્શનનો દોષ સૌથી પહેલા કોચના માથે ઢોળવામાં આવે છે.

કર્સ્ટન એપ્રિલ 2024માં પાકિસ્તાન ટીમના વ્હાઈટ બોલ કોચ બન્યા હતા, પરંતુ બોર્ડ અને ખેલાડીઓ સાથે મતભેદના કારણે તેમણે 6 મહિનામાં જ પદ છોડી દીધું હતું.



હાલમાં, પૂર્વ સાઉથ આફ્રિકન ઓપનર કર્સ્ટન શ્રીલંકાના નવા હેડ કોચ બન્યા છે. 9 માર્ચે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC)એ તેની જાહેરાત કરી. તેઓ 15 એપ્રિલ 2026થી ટીમની જવાબદારી સંભાળશે. કર્સ્ટનને બે વર્ષના કોન્ટ્રાક્ટ પર નિયુક્ત કર્યા છે. તેઓ સનથ જયસૂર્યાનું સ્થાન લેશે, જેમણે તાજેતરમાં સમાપ્ત થયેલા T20 વર્લ્ડ કપ 2026માં ટીમ સુપર-8માંથી બહાર થયા બાદ પદ છોડી દીધું હતું. શ્રીલંકા સાથેના તેમના બે વર્ષના કાર્યકાળમાં સૌથી મોટી ટુર્નામેન્ટ 2027નો વન-ડે વર્લ્ડ કપ હશે, જે સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે. ટીમનો પ્રયાસ તે ટુર્નામેન્ટ માટે સીધા ક્વોલિફાય કરવાનો રહેશે.

કોચિંગમાં કર્સ્ટનનો સારો રેકોર્ડ રહ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ ભારતે 2011નો વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો. આ પછી ટીમે ટેસ્ટમાં સતત સારું પ્રદર્શન કર્યું અને રેન્કિંગમાં નંબર-1 બની હતી. આ પછી તેમણે બે વર્ષ સુધી સાઉથ આફ્રિકાની ટીમને પણ કોચિંગ આપ્યું.

2011માં વન-ડે વર્લ્ડ કપ જીત્યા પછી ભારતીય ખેલાડીઓએ ગેરી કર્સ્ટનને ખભા પર ઉઠાવીને વિક્ટ્રી લેપ લગાવી હતી. ગિલેસ્પીએ પણ આવા આરોપો લગાવ્યા હતાપાકિસ્તાનના પૂર્વ ટેસ્ટ કોચ જેસન ગિલેસ્પીએ પણ પાકિસ્તાન ટીમના કોચ પદ પરથી રાજીનામું આપવા અંગે તાજેતરમાં વાત કરી હતી. ગિલેસ્પીનું કહેવું હતું કે તેમણે ટીમના ખરાબ પ્રદર્શનને કારણે નહીં, પરંતુ PCBના વલણ અને આંતરિક કામકાજને કારણે પદ છોડ્યું હતું. તેમણે કહ્યું, PCBના કેટલાક નિર્ણયો અને તેમના વલણથી તેમને પોતાને અપમાનિત અનુભવાયું હતું. ગિલેસ્પીને એપ્રિલ 2024માં પાકિસ્તાનના ટેસ્ટ ક્રિકેટના હેડ કોચ તરીકે નિયુક્ત કર્યા હતા. તેમણે ડિસેમ્બર 2024માં જ આ પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

ક્રિકેટના દિગ્ગજોએ કેપ્ટન કૂલ વિશે કરી વાત

# શું આ IPLમાં સેમસન ધોનીને રિપ્લેસ કરશે?:સંજુના ટીમમાં આવવાથી માહીના રોલ પર સવાલો ઊઠ્યા

## મહેન્દ્ર સિંહ ધોનીને દર વર્ષે એવું અનુમાન લગાવવામાં આવે છે કે આ તેની છેલ્લી IPL સીઝન હોઈ શકે છે

IPL 2026 શરૂ થવામાં હવે ગણતરીના દિવસો જ બાકી છે. કેપ્ટન કૂલ નામથી જાણીતા 44 વર્ષીય એમ.એસ. ધોની ફરી એકવાર પોતાનો જલવો બતાવતા જોવા મળશે. 28 માર્ચથી IPLનો પ્રારંભ થઈ રહ્યો છે. ધોનીની ચેન્નઈ સુપર કિંગ્સની પહેલી મેચ 30 માર્ચે રાજસ્થાન રોયલ્સ સામે ગુવાહાટીમાં છે. પરંતુ આ સીઝન શરૂ થાય તે પહેલાં સૌથી મોટો સવાલ ટીમના પૂર્વ કેપ્ટન ધોનીને લઈને છે. આખરે આ ચાલુ સીઝનમાં તેની ભૂમિકા શું હશે? CSKની ટીમમાં હવે તેઓ ક્યાં ફિટ બેસે છે?મહેન્દ્ર સિંહ ધોનીને દર વર્ષે એવું અનુમાન લગાવવામાં આવે છે કે આ તેની છેલ્લી IPL સીઝન હોઈ શકે છે. ધોની રમે અને ખૂબ રમે તેવું જ તેનો ચાહકવર્ગ ઈચ્છતો હશે, પરંતુ મોટો સવાલ એ છે કે આ વખતે જ્યારે સંજુ સેમસન ચેન્નઈની ટીમમાં આવી ગયો છે, અને તે પોતે પણ વિકેટકીપર છે, તો હવે આગળ શું થશે? બીજી તરફ, આ ટીમમાં વિકેટકીપરના વિકલ્પ તરીકે ઉર્વિલ પટેલ પણ છે, આવી સ્થિતિમાં માહી કયા નંબરે બેટિંગ કરશે?

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ની ટીમમાં ધોનીની શું ભૂમિકા હશે? શું તેઓ ઈમ્પેક્ટ પ્લેયર બનીને રમશે, કે પછી માત્ર એક ખેલાડી તરીકે રહેશે, તેને લઈને સવાલોના અનેક વાદળો છવાયેલા છે. સવાલ માત્ર રમવાનો નથી, પણ ટીમ કોમ્બિનેશનનો પણ છે. સ્ટાર સ્પોર્ટ્સ પર એક ચર્ચા દરમિયાન ઈરફાન પઠાણને IPL 2026માં CSK માટે ધોનીની સંભવિત ભૂમિકા વિશે પૂછ્યું હતું. તેણે જવાબ આપ્યો, 'એમએસ ધોની અને CSK એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. ચેન્નઈની ટીમ માટે એ વિચારવું મુશ્કેલ છે કે ભવિષ્યમાં એમ.એસ. ધોની નહીં રમે, પરંતુ આ સીઝનમાં પણ તમામ ખેલાડીઓને એકજૂથ કરવામાં તેની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. મને પાકી ખબર નથી કે તે કેટલી મેચ રમશે, પરંતુ ડ્રેસિંગ રૂમમાં તેની હાજરીથી ટીમને ઘણી મદદ મળશે.'

તેમણે આગળ ઉમેર્યું, 'સંજુ પણ લીડરશીપ ગ્રુપનો ભાગ હશે. જ્યાં સુધી ઋતુરાજ ગાયકવાડની વાત છે, તે તો કેપ્ટન છે જ, પરંતુ એક આખા ગ્રુપ તરીકે, ભવિષ્યને ધ્યાનમાં રાખીને 2 કે 3 ખેલાડીઓનું એકસાથે હોવું જરૂરી છે, અને અહીં જ એમએસ ધોનીની ભૂમિકા મહત્વની બની જાય છે. તેથી મને આશા છે કે તે આ બાબતમાં ચોક્કસપણે કંઈક તફાવત ઉભો કરશે, પરંતુ તેની બેટિંગ પોઝિશનને લઈને સવાલ હજુ પણ યથાવત રહેશે.'એક ધ્યાન આપવા જેવી બાબત એ છે કે ચેન્નઈની ટીમની જે લોકપ્રિયતા છે, તેનું એક કારણ ધોનીની બ્રાન્ડ ઈમેજ જ છે. તે મેદાન પર આવે છે ત્યાર પછી જે ગ્રાઉન્ડ પર જનસૈલાબ ઉમટી પડે છે. તેનો ક્રેઝ જ અલગ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ધોની ભલે ટોપ ઓર્ડરમાં આવીને ન રમતો હોય, પરંતુ તે જેટલા બોલ રમે છે, તે દરમિયાન મેચના લાઈવ સ્ટ્રીમિંગમાં પણ મોટો ઉછાળો જોવા મળે છે.

2023ની સીઝન દરમિયાન રવીન્દ્ર જાડેજાએ એક મેચના પોસ્ટ મેચ પ્રેઝન્ટેશન સેરેમનીમાં કહ્યું હતું કે જ્યારે પણ તે CSK માટે ટૉપ ઓર્ડરમાં બેટિંગ કરવા આવે છે, ત્યારે ફેન્સ તેના જલ્દી આઉટ થવાની પ્રાર્થના કરે છે જેથી માહી ભાઈને બેટિંગ કરતા જોઈ શકાય. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ફેન્સ ઈચ્છે છે કે ધોની ઉપરના ક્રમે આવીને રમે.ફેન્સની આ વાત ઘણા દિગ્ગજ ક્રિકેટરો પણ કહી ચૂક્યા છે. હાલમાં જ એબી ડી વિલિયર્સે ધોનીની ભૂમિકા અંગે સવાલ ઉઠાવ્યો હતો. ડી વિલિયર્સે સ્પષ્ટ કહ્યું હતું કે જો ધોની નીચે બેટિંગ કરી રહ્યા હોય અને કેપ્ટનશીપ પણ ન કરી રહ્યા હોય, તો એવું લાગે છે કે તેઓ ખોટા કારણોસર ટીમમાં જગ્યા ભરી રહ્યા છે.એબી ડી વિલિયર્સે સાઉથ આફ્રિકાની કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. જ્યારે IPLમાં તે દિલ્હી અને બેંગલુરુ તરફથી રમી ચૂક્યો છે.

# IPL 2026 પહેલાં શ્રીલંકા બોર્ડનો કડક નિર્ણય પથિરાના સહિત 4 ખેલાડીઓની NOC અટકી

શ્રીલંકા ક્રિકેટ (SLC)એ સ્પષ્ટ કર્યું છે કે IPL રમવા માટે ખેલાડીઓને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) ત્યારે જ મળશે, જ્યારે તેઓ ફિટનેસ ટેસ્ટ પાસ કરશે. શ્રીલંકાના આઠ ખેલાડીઓ આ વખતે IPLની વિવિધ ટીમનો ભાગ છે. તેમાંથી દુષ્મંથા ચમીરા, પથુમ નિસાંકા અને કામિન્દુ મેન્ડિસ ફિટનેસ ટેસ્ટ પાસ કરી ચૂક્યા છે, જેના પછી તેમને IPLમાં રમવાની મંજૂરી મળી ગઈ છે. જ્યારે બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે વાનિન્દુ હસરંગા, મથીશા પથિરાના, નુવાન તુષારા અને ઈશાન મલિંગાની IPLમાં ભાગીદારી તેમના 'ફિઝિકલ પરફોર્મન્સ ટેસ્ટ'ના પરિણામો પર નિર્ભર કરશે. હાલમાં આ બધા ખેલાડીઓ ઈજાઓમાંથી સાજા થઈ રહ્યા છે અને રિહેબિલિટેશનની પ્રક્રિયામાં છે. IPL 2026ની શરૂઆત 28 માર્ચથી થશે, અને ઘણા શ્રીલંકાના ખેલાડીઓ જલ્દી જ પોતાની-પોતાની ટીમ સાથે જોડાઈ શકે છે.ઈજાથી ઝઝૂમી રહ્યા છે સ્ટાર ખેલાડી, પથિરાના શરૂઆતની મેચ ગુમાવશે બોર્ડના જણાવ્યા પ્રમાણે, હસરંગા, મલિંગા અને પથિરાનાએ IPL માટે NOC માગી છે, પરંતુ હજુ સુધી તેમનો ફિટનેસ ટેસ્ટ થયો નથી. આ ત્રણેય ખેલાડીઓ T20 વર્લ્ડ કપ દરમિયાન અથવા તેના બરાબર પહેલા ઈજાગ્રસ્ત થયા હતા. KKRના ફાસ્ટ બોલર



મથીશા પથિરાનાનું IPLની શરૂઆતની મેચમાંથી બહાર રહેવું લગભગ નિશ્ચિત છે. તેના એપ્રિલના મધ્ય સુધીમાં ફિટ થવાની અપેક્ષા છે. 8 અઠવાડિયાનો કડક ટ્રેનિંગ પ્રોગ્રામ, 2 કિલોમીટરની સ્પ્રિન્ટ પાસ કરવી પડશેશ્રીલંકા બોર્ડે તમામ નેશનલ કોન્ટ્રાક્ટેડ ખેલાડીઓ માટે 8 અઠવાડિયાનો સ્પેશિયલ ફિઝિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ શરૂ કર્યો છે. બોર્ડનું કહેવું છે કે આ પહેલ આગામી આંતરરાષ્ટ્રીય મેચ માટે ખેલાડીઓના ફિટનેસ સ્તરને સુધારવા માટે કરવામાં આવી છે. આ ટેસ્ટમાં 2 કિલોમીટરની સ્પ્રિન્ટ (દોડ) સહિત અન્ય ઘણા કડક ફિઝિકલ ટેસ્ટનો સમાવેશ થાય છે. બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે જે ખેલાડીઓ આ માપદંડોને પૂર્ણ કરશે, તેમને જ IPL અને ડોમેસ્ટિક ટુર્નામેન્ટ રમવાની મંજૂરી આપવામાં આવશે.ફિટનેસ પરના આ નવા ફોકસ પાછળ ભૂતપૂર્વ ક્રિકેટર પ્રમોદ વિક્રમસિંઘેની આગેવાની હેઠળની નવી પસંદગી સમિતિ અને શ્રીલંકા સરકારનું રમતગમત મંત્રાલય છે. કારણ કે શ્રીલંકાને મે મહિનાના અંત સુધી કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમવાની નથી, તેથી બોર્ડે આ સમયનો ઉપયોગ ટ્રેનિંગ બ્લોક તરીકે કરવાનો નિર્ણય કર્યો છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ખેલાડીઓના ફિટનેસ સ્ટાન્ડર્ડને વધારવાનો છે જેથી તેઓ ભવિષ્યના પ્રવાસો માટે સંપૂર્ણપણે તૈયાર રહે.

# આકાશ દીપ IPL 2026માંથી બહાર થયો KKRનો પેસર ઈજાના કારણે નહીં રમે

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને IPL 2026 પહેલા વધુ એક ઝટકો લાગ્યો છે. ટીમના ફાસ્ટ બોલર આકાશ દીપ આખી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. શનિવારે ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝને ફ્રેન્ચાઈઝીના એક અધિકારીએ આ વાતની પુષ્ટિ કરી. 29 વર્ષીય બંગાળના આ બોલરને ગયા વર્ષે અબુ ધાબીમાં થયેલા મેગા ઓક્શનમાં 1 કરોડ રૂપિયાના બેઝ પ્રાઈસ પર ટીમે ખરીદ્યો હતો. જોકે, તે હજુ સુધી ટીમ કેમ્પ સાથે જોડાયો નથી. આકાશ દીપ બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)માં રિહેબ કરી રહ્યો છે. તેની ઈજા કયા પ્રકારની છે, તે સ્પષ્ટ થઈ શક્યું નથી, પરંતુ મેનેજમેન્ટ અને ફ્રેન્ચાઈઝી વચ્ચે આ અંગે વાતચીત થઈ છે.

KKR માટે આ ચિંતાજનક સમાચાર છે, કારણ કે આ પહેલા હર્ષિત રાણા અને મથીશા પથિરાનાને લઈને પણ ટીમને અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે. પથિરાનાને હજુ શ્રીલંકા ક્રિકેટ તરફથી ક્લિયરન્સ મળવાનું બાકી છે. શ્રીલંકાના ફાસ્ટ બોલર મથીશા પથિરાના પણ ઈજાના કારણે હાલ ઉપલબ્ધ નથી. જોકે KKR તેને રિપ્લેસ કરવા માગતી નથી કારણ કે ફ્રેન્ચાઈઝીને આશા છે કે તે IPL દરમિયાન કોઈ સમયે ટીમ સાથે જોડાઈ શકે છે. KKRએ મેગા ઓક્શનમાં પથિરાનાને 18 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સોમવારે તેમના મેનેજરે KKR જર્સીમાં તેની તસવીર શેર કરી, જેનાથી તેના ટુર્નામેન્ટમાં રમવાની આશા વધી ગઈ છે. 16 ફેબ્રુઆરીના રોજ ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં શ્રીલંકાના ફાસ્ટ બોલર મથીશા પથિરાનાના ડાબા પગના દુખાવો ઉપડ્યો હતો. 13 માર્ચે KKRએ ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીને પોતાની સાથે જોડ્યો હતો. ફ્રેન્ચાઈઝીએ તેને બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનના રિપ્લેસમેન્ટ તરીકે સાઈન કર્યો છે. BCCIના નિર્દેશ બાદ ફ્રેન્ચાઈઝીએ રહેમાનને રિલીઝ કરી દીધો હતો.

# ટીમ ઈન્ડિયા જૂનમાં આયર્લેન્ડના પ્રવાસે જશે:બે મેચની T20 સિરીઝ રમશે, 8 વર્ષમાં ચોથો પ્રવાસ હશે

ભારતની ફૂલ સ્ટ્રેન્થ ટીમ જૂન 2026માં આયર્લેન્ડના પ્રવાસે જશે, જ્યાં બંને ટીમ વચ્ચે બે મેચની T20 ઈન્ટરનેશનલ સિરીઝ રમાશે. BCCIએ આ પ્રવાસનું શેડ્યૂલ શનિવારે જાહેર કર્યું છે. આ સિરીઝ વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતની પ્રથમ T20 સિરીઝ હશે. ભારતે 8 માર્ચે અમદાવાદમાં ન્યૂઝીલેન્ડને 96 રનથી હરાવીને સતત બીજીવાર ટાઈટલ પોતાના નામે કર્યો હતો. ભારતે છેલ્લા આઠ વર્ષમાં (2018, 2022 અને 2023) ત્રણ વખત આયર્લેન્ડનો પ્રવાસ કર્યો છે. આયર્લેન્ડ માટે આ પ્રવાસ વ્યસ્ત 2026 કાર્યક્રમનો એક ભાગ છે. ટીમને અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ અને ન્યૂઝીલેન્ડ સામે પાંચ વન-ડે મેચ પણ રમવાની છે.ભારત અને આયર્લેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં 3 T20 સિરીઝ રમાઈ છે. વર્ષ 2018 અને 2022માં રમાયેલી બન્ને સિરીઝમાં ભારતે 2-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. જ્યારે 2023ની ત્રણ મેચની સિરીઝમાં પણ ભારતીય ટીમે 2-0થી જીત મેળવી હતી, જ્યારે એક મેચ રમાઈ શકી ન હતી. આ ત્રણેય સિરીઝ આયર્લેન્ડમાં જ રમાઈ હતી.IPL પછી ભારતીય ટીમ જૂનમાં અફઘાનિસ્તાન સામે સિરીઝ રમશે. તેની શરૂઆત 6 જૂનથી એકમાત્ર ટેસ્ટ મેચથી થશે. ત્યારબાદ બંને ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચ રમાશે. પહેલી વન-ડે 14 જૂને ધર્મશાલામાં, બીજી 17 જૂને લખનઉમાં અને ત્રીજી વન-ડે 20 જૂને ચેન્નઈમાં રમાશે.ભારત આ વર્ષે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. બંને ટીમ વચ્ચે આઠ વ્હાઈટ બોલ મેચ રમાશે.

81 બોલમાં 14 સિક્સર, 21 બાઉન્ડ્રી સાથે 193 રન ફટકાર્યા

# સુરત ક્રિકેટ લીગમાં KKRના પૂર્વ ખેલાડી આર્ય દેસાઈએ ઈતિહાસ રચ્યો

• સુરત

ડાયમંડ સિટી સુરત હવે ક્રિકેટના રત્નોથી પણ ઝળકી રહ્યું છે. આઈપીએલ 2026ની સિઝન શરૂ થાય તે પહેલા જ દક્ષિણ ગુજરાતના એક યુવા બેટ્સમેને વિશ્વ ક્રિકેટમાં સનસનાટી મચાવી દીધી છે. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (SDCA) દ્વારા આયોજિત સુરત ક્રિકેટ લીગ (SCL)માં લુથ્રા પેગાસસના કેપ્ટન આર્ય દેસાઈએ એવી બેટિંગ કરી કે સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકો સ્તબ્ધ થઈ ગયા હતા. આર્યએ માત્ર 81 બોલમાં 193 રન ફટકારીને ટી-20 ક્રિકેટના તમામ રેકોર્ડ્સ ધ્વસ્ત કરી દીધા છે.20 માર્ચના રોજ લુથ્રા પેગાસસ અને કૈલાશ સ્પોર્ટ્સ



ક્લબ વચ્ચે રમાયેલી હાઈ-વોલ્ટેજ મેચમાં આર્ય દેસાઈનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. ઓપનિંગમાં આવેલા આર્યએ પ્રથમ બોલથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે મેદાનની ચારેબાજુ ફટકાબાજી કરતા 238.27ના આઘાતજનક સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. તેની આ ઈનિંગમાં 14 ગગનચુંબી છગ્ગા અને 21 ચોગ્ગાનો સમાવેશ થાય છે. એટલે કે તેણે 168 રન તો મત્ર બાઉન્ડ્રીથી જ મેળવ્યા હતા.

આર્ય દેસાઈની આ ઈનિંગે આઈપીએલના દિગ્ગજ ક્રિસ ગેલની યાદ તાજી કરી દીધી છે. આઈપીએલમાં ગેલના નામે 175 રનનો રેકોર્ડ છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો વ્યક્તિગત સ્કોર માનવામાં આવતો હતો. જોકે, આર્યએ 193 રન બનાવીને બતાવી દીધું છે કે તે આગામી સમયમાં મોટા મંચ પર પણ આવો જ કમાલ કરી શકે છે. ગુજરાતના સ્થાનિક ક્રિકેટ ઈતિહાસમાં ટી-20 ફોર્મેટમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર હોવાનું મનાય છે.આર્ય દેસાઈની ઉંમર 22 વર્ષ છે અને ગુજરાત માટે રણજી ટ્રોફીમાં પ્રતિનિધિત્વ પણ કરી ચૂક્યો છે. આ સાથે આઈપીએલ કનેક્શન પણ છે. અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમનો હિસ્સો રહી ચૂક્યો છે.

:બોક્સઓફિસ પર 501 કરોડનું શગુન, ત્રીજા દિવસનાં આંકડાએ 'જવાન'- 'બાહુબલી 2' અને 'દંગલ'ને પછાડી

# 'ધુરંધર 2'એ ત્રણ મહિનાની રાહ જોવડાવી, ત્રણ દિ'માં રેકોર્ડ તોડ્યા!

## ત્રીજા દિવસે 20,917 શોમાં ફિલ્મની 81.6% ઓક્યુપન્સી રહી. હિન્દી વર્ઝને 105 કરોડ સાથે સૌથી વધુ કમાણી કરી. જ્યારે, તેલુગુમાં 5 કરોડ અને તમિલમાં 2.95 કરોડનું કલેક્શન થયું

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2'એ રિલીઝના ત્રીજા દિવસે એટલે કે શનિવારે ભારતમાં 113 કરોડ રૂપિયાની કમાણી કરી અને પેઈડ પ્રિવ્યુ સહિત ત્રણ દિવસમાં ફિલ્મનું કુલ કલેક્શન 339.27 કરોડ રૂપિયા થઈ ગયું. 19 માર્ચે રિલીઝ થયેલી આ ફિલ્મે વિશ્વભરમાં 500 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી અને ત્રીજા દિવસે કમાણીના મામલે 'જવાન', 'બાહુબલી 2' અને 'દંગલ' જેવી મોટી ફિલ્મોને પાછળ છોડી દીધી. ફિલ્મે અત્યાર સુધી વિદેશોમાં લગભગ 96.50 કરોડ રૂપિયા કમાવ્યા છે, જેના કારણે વિશ્વભરમાં ફિલ્મનું કુલ કલેક્શન 501.04 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

પેઈડ પ્રિવ્યુ શો (બુધવાર): 43 કરોડ રૂપિયા

ગુરુવાર: 102.55 કરોડ રૂપિયા

શુક્રવાર: 80.72 કરોડ રૂપિયા

શનિવાર: 113 કરોડ રૂપિયા

કુલ: 339.27 કરોડ રૂપિયા

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' સત્તાવાર રીતે 19 માર્ચે રિલીઝ થઈ હતી, જ્યારે તેના પેઈડ પ્રિવ્યૂ શો એક દિવસ પહેલા 18 માર્ચથી જ શરૂ થઈ ગયા હતા. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' સત્તાવાર રીતે 19 માર્ચે રિલીઝ થઈ હતી, જ્યારે તેના પેઈડ પ્રિવ્યૂ શો એક દિવસ પહેલા 18 માર્ચથી જ શરૂ થઈ ગયા હતા. વિદેશી બજારોમાં પણ ફિલ્મ ધુરંધરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો. રસપ્રદ વાત એ છે કે આ મોટી સફળતા ફિલ્મને ત્યારે મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' પહેલા ભાગની બ્લોકબસ્ટર સફળતા પછી મોટા પાયે પાછી ફરી છે. આ વખતે ફિલ્મ માત્ર ગેંગવોર કે બદલાની વાર્તા નથી રહેતી, પરંતુ નોટબંધીથી લઈને દેશની ઘણી મોટી ઘટનાઓને જોડતી એક મોટી કથા રજૂ કરે છે.

ત્રીજા દિવસે 20,917 શોમાં ફિલ્મની 81.6% ઓક્યુપન્સી રહી. હિન્દી વર્ઝને 105 કરોડ સાથે સૌથી વધુ કમાણી કરી. જ્યારે, તેલુગુમાં 5 કરોડ અને તમિલમાં 2.95 કરોડનું કલેક્શન થયું. ધુરંધર 2 એ ત્રીજા દિવસે બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરતા 7 ફિલ્મોનો રેકોર્ડ તોડી નાખ્યો. આદિત્ય ધરની ફિલ્મે માત્ર ત્રણ દિવસમાં 339.27 કરોડ રૂપિયા કમાવ્યા, જેમાંથી હિન્દી વર્ઝને 105 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. જો સરખામણી કરીએ તો, તેના પહેલા ભાગ 'ધુરંધર' એ



ત્રીજા દિવસે માત્ર 51.60 કરોડ રૂપિયા કમાવ્યા હતા. જ્યારે અલ્લુ અર્જુનની 'પુષ્પા 2' એ ભલે ત્રીજા દિવસે 142.59 કરોડ રૂપિયા કમાવ્યા હોય, પરંતુ પહેલા શનિવારે હિન્દીમાં તેની કમાણી માત્ર 88.20 કરોડ રૂપિયા રહી હતી.

આ ઉપરાંત, ઘણી મોટી ફિલ્મોના આંકડા પણ પાછળ રહી ગયા. આમિર ખાનની 'દંગલ' એ પહેલા શનિવારે હિન્દીમાં 33.93 કરોડ રૂપિયા, યશની 'KGF ચેપ્ટર 2' એ 42.90 કરોડ રૂપિયા, શાહરૂખ ખાનની 'જવાન' એ 82.46 કરોડ રૂપિયા અને પ્રભાસની 'બાહુબલી 2' એ ત્રીજા દિવસે 46.50 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. જ્યારે RRR એ 31.50 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

'ધુરંધર 2'માં રણવીર સિંહ ઉપરાંત અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર માધવન પણ છે. ફિલ્મને આદિત્ય ધરે લખી, ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરી છે. આ સાથે જ જ્યોતિ દેશપાંડે અને લોકેશ ધર પણ ફિલ્મના પ્રોડ્યુસર છે. ફિલ્મને જિયો સ્ટુડિયોઝે પ્રેઝન્ટ કરી છે અને તે બી62 સ્ટુડિયોઝના બેનર હેઠળ બની છે. 'ધુરંધર'ને શાનદાર રિસ્પોન્સ મળ્યો હતો ફિલ્મ 'ધુરંધર'ના પહેલા પાર્ટે ભારતની સાથે-સાથે આંતરરાષ્ટ્રીય બોક્સ ઓફિસ પર પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ફિલ્મે દુનિયાભરમાં લગભગ 1,307 કરોડની કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 1,005.85 કરોડ રહ્યું, જ્યારે નેટ કલેક્શન લગભગ 840 કરોડ થયું. આ સાથે જ તે ભારતમાં સૌથી વધુ કમાણી કરનારી હિન્દી સિંગલ-લેંગ્વેજ ફિલ્મ બની ગઈ.

વિદેશી બજારોમાં પણ ફિલ્મ ધુરંધરને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. ઓવરસીઝમાં તેણે લગભગ 299.5 કરોડનો કારોબાર કર્યો. ખાસ કરીને અમેરિકા અને કેનેડામાં ફિલ્મે 193.06 કરોડથી વધુની કમાણી કરીને 'બાહુબલી 2'નો રેકોર્ડ પણ પાછળ છોડી દીધો. રસપ્રદ વાત એ છે કે આ મોટી સફળતા ફિલ્મને ત્યારે મળી, જ્યારે તેને ખાડી દેશોમાં રિલીઝ કરવાની મંજૂરી મળી ન હતી. આ ઉપરાંત 'ધુરંધર' ભારતીય સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી 'A' રેટેડ ફિલ્મ પણ બની ગઈ. રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર: ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' પહેલા ભાગની બ્લોકબસ્ટર સફળતા પછી મોટા પાયે પાછી ફરી છે. આ વખતે ફિલ્મ માત્ર ગેંગવોર કે બદલાની વાર્તા નથી રહેતી, પરંતુ નોટબંધીથી લઈને દેશની ઘણી મોટી ઘટનાઓને જોડતી એક મોટી કથા રજૂ કરે છે.

મોટા રિઝોર્ટને બદલે પ્રાઈવેટ વિલામાં રોકાયા

# વિજય-રશ્મિકાના હનીમૂનનો ફોટો વાયરલ:થાઈલેન્ડના દરિયા કિનારે



નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડા હાલમાં તેમના લગ્નને લઈને ચર્ચામાં છે. બંને સ્ટાર્સે 26 ફેબ્રુઆરીના રોજ લગ્ન કર્યાં હતાં. હાલમાં આ ક્યુટ કપલ થાઈલેન્ડના સુંદર કોહ સમુઈ ખાતે પોતાનું હનીમૂન એન્જોય કરી રહ્યુ છે. બંનેનો સુંદર ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. રશ્મિકા અને વિજયે મોટા રિસોર્ટમાં રોકાવાના બદલે એક પ્રાઈવેટ વિલામાં રહેવાનું પસંદ કર્યું છે. સમુદ્રની નજીક, હરિયાળી, ખુલ્લા આકાશ અને શાંત વાતાવરણ વચ્ચે વિલા સ્થિત છે. ફોટોમાં બંને હાથમાં હાથ નાખીને, હસતા અને રોમેન્ટિક પળોનો આનંદ લેતા જોવા મળ્યાં. VIROSH એ રાજસ્થાનના ઉદયપુરમાં પરિવારજનો અને અંગત મિત્રોની હાજરીમાં લગ્ન કર્યાં હતાં. લગ્નના ફોટો જોઈને ચાહકોએ બંનેને અપ્સરા અને ગંધર્વ ગણાવી દીધા હતા. બંનેએ પીઠી, મહેંદી અને સંગીત નાઈટના ફોટો પણ શેર કર્યાં હતાં. વિજયે પીઠીમાં પેસ્ટલ પિંક શેડનો કુર્તા-પજામા પહેર્યા હતા, જ્યારે રશ્મિકાએ પેસ્ટલ ગ્રીન શેડનો આઉટફીટ પહેર્યો હતો. સોનાના ઘરેણા સાથે લુક કમ્પ્લીટ કર્યો હતો. રશ્મિકા-વિજયે મહેંદીમાં કલરફૂલ આઉટફિટ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો.લગ્નમાં રશ્મિકાએ રસ્ટ રંગની સાડી પહેરી હતી. સાડી પર લાલ અને ગોલ્ડ બોર્ડર હતી. તેમાં મંદિર અને જૂની સ્થાપત્યકલા સાથે જોડાયેલા પેટર્નની ભરતકામ કરવામાં આવ્યું હતું. ડિઝાઈનમાં હૈદરાબાદની સાંસ્કૃતિક ઓળખને ધ્યાનમાં રાખવામાં આવી હતી. સાડી પર એન્ટિક ગોલ્ડ હેન્ડ એમ્બ્રોઈડરી સ્પષ્ટ દેખાઈ રહી હતી.એક્ટ્રેસે આની સાથે ગોલ્ડ વર્કવાળું ભારે બ્લાઉઝ પહેર્યું. ઉપરથી આછા બેજ રંગનો ઘૂંઘટ લીધો. આખો લુક પરંપરાગત બ્રાઈડલ સ્ટાઈલમાં હતો. ભરતકામ અને મોટિફના પ્લેસમેન્ટમાં ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. રશ્મિકાની જ્વેલરી પણ ખાસ હતી. એક્ટ્રેસે સાઉથ ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચરથી પ્રેરિત 11 કસ્ટમ ગોલ્ડ જ્વેલરી પીસ પહેર્યા. આ થીમનો કોન્સેપ્ટ 'લિવિંગ ગોડેસ' રાખવામાં આવ્યો હતો. આ અંતર્ગત તેમના કપડાં અને ઘરેણાંને એક દિવ્ય દેવીના આભામંડળને દર્શાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા હતા. ઘરેણાંમાં નકશી વર્ક અને રવા ગ્રેન્યુલેશન ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો. તેમને એન્ટિક મેટ ફિનિશ આપવામાં આવ્યું.તેણે ચોકર સાથે મા લક્ષ્મીની આકૃતિવાળા લાંબા હારમ પહેર્યા હતા. આ ઉપરાંત ઝુમકા, માથાપટ્ટી, નથ, બાજુબંધ, કમરબંધ, બંગડીઓ, હાથફૂલ, ચંપાસરલુ, પાયલ અને જડાબિલ્લાનો સમાવેશ થતો હતો. આખો જ્વેલરી સેટ પરંપરાગત મંદિર શૈલી દર્શાવતો હતો.જ્યારે વિજય દેવરકોંડાએ આઈવરી સિલ્કની ધોતી પહેરી હતી. તેની સાથે વર્મિલિયન રંગનું અંગવસ્ત્રમ લીધું હતું. અંગવસ્ત્રમની બોર્ડર પર જંગલ અને મંદિર સંબંધિત મોટિફની ભરતકામ હતું. તેમનો લુક હૈદરાબાદના ટેક્સટાઈલ વારસાથી પ્રેરિત હતો. તેમાં વનસિંગારમ વીવનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ક્રીમ અને લાલ રંગનું મિશ્રણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. તેમણે પણ પરંપરાગત સોનાના ઘરેણાં પહેર્યા હતા. તેમાં લાંબો મોતી જડેલો નેકલેસ, નાની ચેઈન, ગોલ્ડ સ્ટડ ઈયરિંગ, બાજુબંધ, બંને હાથમાં કડા, વીંટીઓ, કમરબંધ અને સોનાના પાયલનો સમાવેશ થતો હતો.તેમના હાથ અને પગમાં આલ્તા કે મહાવર પણ લગાવવામાં આવ્યું હતું. આનાથી લુક વધુ પરંપરાગત લાગતો હતો. બંનેનો પહેરવેશ સાદગી સાથે સંસ્કૃતિ પર આધારિત હતો.



'છાવા'-'ધુરંધર'ની હરોળમાં ગુજરાતી ફિલ્મ 'કાશી રાઘવ'

# બોલિવૂડની બ્લોકબસ્ટર ફિલ્મો સાથે અમદાવાદની અવની સોની રેસમાં; કાસ્ટિંગ ડિરેક્ટર સાથે ખાસ વાતચીત

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ગૌરવ વધારનારા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદની જાણીતી કાસ્ટિંગ ડિરેક્ટર અવની સોનીને તેની સુપરહિટ ગુજરાતી ફિલ્મ 'કાશી રાઘવ' માટે પ્રતિષ્ઠિત ઈન્ડિયન નેશનલ સિને એકેડમી (INCA) એવોર્ડ્સમાં 'બેસ્ટ કાસ્ટિંગ' કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ નોમિનેશન એટલા માટે ખાસ છે કારણ કે આ રેસમાં અવની સોનીની સાથે બોલિવૂડના મોટા ગજાના કાસ્ટિંગ ડિરેક્ટર્સ પણ સામેલ છે. 'સિતારે જમીન પર', 'છાવા' અને 'ધુરંધર' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે કામ કરનારા મુકેશ છાબડા અને વૈભવ વિશાંત જેવા દિગ્ગજો સાથે અવની સોની સ્પર્ધા કરી રહ્યા છે. ભારતીય સિનેમાના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે જ્યારે કોઈ એકેડમી સ્ટાઈલ એવોર્ડમાં પ્રાદેશિક ફિલ્મોને બોલિવૂડની હરોળમાં સ્થાન મળ્યું હોય. આ સફળતા બાદ દિવ્યભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં અવનીએ પોતાની આ સફર અને પડકારો વિશે દિલ ખોલીને વાત કરી હતી.'સિતારે જમીન પર', 'છાવા' અને 'ધુરંધર' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો સાથે ગુજરાતી ફિલ્મ પણ રેસમાંપોતાની આ સિદ્ધિ વિશે વાત કરતા અવની સોનીએ જણાવ્યું હતું કે- 'જ્યારે હું નોમિનેશન લિસ્ટ ચેક કરી રહી હતી અને અચાનક મારું નામ જોયું, ત્યારે મને થોડી સેકન્ડો માટે તો વિશ્વાસ જ ન આવ્યો. કાસ્ટિંગ કેટેગરીને સામાન્ય રીતે એવોર્ડમાં સ્થાન મળતું નથી, જ્યારે ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાંથી આ પ્રકારે નોમિનેશન મેળવું પ્રથમ વખત હશે, જે મારા માટે ખૂબ જ ભાવુક ક્ષણ છે. તેણે વધુમાં ઉમેર્યું કે, "ઓસ્કર એકેડમી બાદ હવે ભારતમાં પણ કાસ્ટિંગ ડિરેક્ટર્સના કામને સત્તાવાર માન્યતા મળી રહી છે, તે જોઈને આનંદ થાય છે. આ માત્ર મારી સફળતા નથી, પણ સમગ્ર કાસ્ટિંગ ડિરેક્ટર્સ માટે પ્રોત્સાહનની વાત છે."ફિલ્મ 'કાશી રાઘવ' તેના શાનદાર પાત્રો અને એક્ટિંગ માટે ચર્ચામાં રહી છે.



અવનીએ જણાવ્યું કે- 'આ ફિલ્મમાં સૌથી મોટો પડકાર એક ચાઈલ્ડ આર્ટિસ્ટને શોધવાનો હતો. અસંખ્ય ઈન્ટરવ્યુ બાદ પીહુશ્રી ગઢવીની પસંદગી કરવામાં આવી હતી, જેણે પોતાની પ્રથમ ફિલ્મ હોવા છતાં અપેક્ષા કરતા પણ વધુ સારું પ્રદર્શન કર્યું છે. અન્ય પડકારોની વાત કરું તો, સ્ટોરીની માંગ હતી બંગાળી પાત્રો દેખાવા જોઈએ અને રેડ લાઈટ એરિયાનો સીન કરવાનો હતો એના માટે ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં પાત્રો મળવા એટલા સરળ નહોતા.' વાતચીત દરમિયાન જ્યારે અવની સોનીને તેમના મનપસંદ ડિરેક્ટર્સ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું- ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં અભિષેક જૈન, દુર્ગેશ તન્ના, પ્રીત ગોહિલ અને ધ્રુવ ગોસ્વામી સહિત ઘણા નામ છે, કેટલાક સાથે કામ કરી ચૂકી છું અને કેટલાક સાથે વાતચીત ચાલી રહી છે. જો ભવિષ્યમાં તક મળશે તો સંજયલીલા ભણસાલી, પ્રિયદર્શન, અનુરાગ કશ્યપ અને આદિત્ય ધર જેવા બોલિવૂડ ડિરેક્ટર્સ સાથે પણ કામ કરવાની ઈચ્છા ધરાવું છું. હાલમાં તેના બે મહત્વના પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે જેમાં પલ્લવ પરીખ દ્વારા નિર્દેશિત 'ફાફડા જલેબી' અને ધ્રુવ ગોસ્વામીની એક અનટાઈટલ્ડ ફિલ્મ છે.INCA એવોર્ડ્સએ પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાના સહયોગથી શરૂ કરાયેલું પ્લેટફોર્મ છે, જે ભારતની 12 વિવિધ પ્રાદેશિક ભાષાઓની ફિલ્મોને સન્માનિત કરે છે. આ યાદીમાં ગુજરાતી પ્રતિભા તરીકે અવની સોનીનું નામ ચમકવું એ પ્રાદેશિક સિનેમાની વધતી જતી તાકાતનું પ્રતીક છે.

આદિત્ય ધરના વખાણના પુલ બાંધ્યા

# એસ.એસ. રાજામૌલીએ રણવીરની એક્ટિંગને માસ્ટરક્લાસ ગણાવી



બોલિવૂડની ચર્ચિત સ્પાય થ્રિલર 'ધુરંધર 2' રિલીઝ થયાના થોડા જ દિવસોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ટોચની હસ્તીઓ તરફથી શાનદાર પ્રતિક્રિયાઓ મળી રહી છે. અત્યાર સુધીની સૌથી મોટી પ્રતિક્રિયાઓમાંથી એક સાઉથના સુપરહિટ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલી તરફથી આવી છે.

રાજામૌલીએ ટ્વીટ કરીને કહ્યું, 'મને 'ધુરંધર-1' પસંદ પડી હતી, પરંતુ 'ધ રિવન્જ'એ તેને મોટી ઊંચાઈઓ પર પહોંચાડી છે. લેખન, કાસ્ટિંગ, ટેકનિકલ કામ, સંગીત અને ડિરેક્શન ઉત્તમ છે. ચાર કલાકની ફિલ્મ બનાવવી અને વધુ જોખમી નિર્ણયો લેતા, આ ફિલ્મ દર્શકોને છેલ્લી ફ્રેમ સુધી જકડી રાખે છે.' એસ. એસ. રાજામૌલીએ લાંબી પોસ્ટ લખીને 'ધુરંધર'ની સ્ટારકાસ્ટ અને આખી ટીમની પ્રશંસા કરી. એસ. એસ. રાજામૌલીએ લાંબી પોસ્ટ લખીને 'ધુરંધર'ની સ્ટારકાસ્ટ અને આખી ટીમની પ્રશંસા કરી.રાજમૌલીએ ખાસ કરીને રણવીર સિંહની એક્ટિંગને હાઈલાઈટ કરી અને કહ્યું કે, 'શેડમાં બહેન સાથેનો સીન એક 'માસ્ટરક્લાસ' હતો.' તેમણે એમ પણ કહ્યું કે, રણવીરે ફિલ્મમાં ભાવનાત્મક ઊંડાણને ખૂબ સારી રીતે રજૂ કર્યું છે. આ ઉપરાંત રાજમૌલીએ આર માધવનના અભિનયની પણ પ્રશંસા કરી, કહ્યું કે, 'તેમણે રાષ્ટ્રીય ભાવના અને ભાવનાત્મક તણાવને ખૂબ પ્રભાવશાળી રીતે દર્શાવ્યો છે.'

'ધુરંધરઃ ધ રિવેન્જ' ફિલ્મે રિલીઝના દિવસે જ 100 કરોડ રૂપિયાની કમાણી કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. નોંધનીય છે કે, વિજય દેવરકોંડા, મહેશ બાબુ, અલ્લુ અર્જુન અને જુનિયર NTR એ પણ 'ધુરંધર 2'ના ખૂબ વખાણ કર્યા છે. 'ધુરંધર 2' 19 માર્ચે રિલીઝ થઈ છે. ફિલ્મે પેઈડ પ્રિવ્યૂ અને બીજા દિવસ સુધીની કમાણી મળીને 200 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કરી લીધું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ અત્યાર સુધીની સૌથી ઝડપથી વધતી હિન્દી ફિલ્મોમાંથી એક બની ગઈ છે.

ઈરફાન ખાને કહ્યું- એક્ટર બનવું જોઈએ

# 'સાયકો સૈયા'ના અનુદ સિંહ ઢાકાએ કહ્યું- ક્લેપરબોયથી શરૂઆત કરી



એક્ટર અનુદ સિંહ ઢાકા, જે વેબ સિરીઝ 'સાયકો સૈયા'માં પોતાના દમદાર એક્ટિંગથી દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યા છે, તેણે તાજેતરમાં પોતાની કારકિર્દી, અનુભવ અને અભિનય યાત્રા પર ખુલીને વાતચીત કરી. બાળપણથી જ એક્ટિંગનો શોખ ધરાવતા અનુદે જણાવ્યું કે કેવી રીતે પ્રખ્યાત ફેમસ ઈરફાન ખાને તેમને પહેલીવાર જોયા અને તેની એક્ટિંગમાં છુપાયેલી ક્ષમતા જોઈને કહ્યું- 'તારે એક્ટર બનવું જોઈએ.' 'સાયકો સૈયા'માં પોતાના પાત્ર માટે અનુદે મહેનતની સાથે-સાથે સહ-કલાકારો જેવા કે રવિ કિશન, તેજસ્વી પ્રકાશ, સુરભી ચંદના અને સૃષ્ટિ શ્રીવાસ્તવ સાથે કામ કરવાના અનુભવને પણ ખૂબ જ પ્રેરણાદાયક ગણાવ્યો. તમારી સફર કેવી રહી એક નાના શહેરથી મુંબઈ સુધી અને એક્ટિંગનો નિર્ણય કેવી રીતે લીધો? હું બાળપણથી જ એક્ટર બનવા માંગતો હતો. અરીસા સામે ઊભા રહીને હું મારી જાતને હીરો સમજતો હતો, જોકે, આજે જૂના ફોટા જોઉં છું ત્યારે લાગે છે કે ઘણી ગેરસમજ હતી. પરિવારને પણ અંદાજ હતો કે હું અભિનય તરફ ઝૂકી રહ્યો છું, પરંતુ હું IITની તૈયારી પણ કરી રહ્યો હતો અને મુંબઈ જવા માંગતો હતો. આખરે IIT ન થયું, તો મેં અભ્યાસ ચાલુ રાખ્યો અને પછી 2013માં ભોપાલથી મુંબઈ આવી ગયો. શરૂઆત સરળ ન હતી, ન પૈસા હતા, ન કોઈ ખાસ સપોર્ટ. ઘણી વાર જમીન પર સૂઈને દિવસો પસાર કર્યા. પરંતુ એક જ ધ્યેય હતું કે અભિનય જ કરવો છે, તેથી ક્યારેય બેકઅપ પ્લાન રાખ્યો નહીં. મુંબઈ આવ્યા પછી મેં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી અભ્યાસ કર્યો, સ્કોલરશિપ પર ગુજરાન ચલાવ્યું અને સાથે-સાથે સમજ્યું કે ઈન્ડસ્ટ્રી કેવી રીતે કામ કરે છે. ધીમે ધીમે નાના-નાના કામ, ઓડિશન અને સંઘર્ષ કરતા આજે અહીં સુધી પહોંચ્યો છું. સંઘર્ષ દરમિયાન એવો કોઈ વળાંક આવ્યો જેણે તમને વિશ્વાસ અપાવ્યો કે તમે સાચા રસ્તે છો? એક બહુ મોટો ટર્નિંગ પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે મને ફિલ્મ 'કરીબ કરીબ સિંગલ'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરવાની તક મળી. ત્યાં મારી મુલાકાત ઈરફાન ખાન સાથે થઈ. હું તે સમયે AD (ક્લેપર બોય) તરીકે કામ કરી રહ્યો હતો. એક દિવસ તેમણે મને જોયો અને કોઈ સંદર્ભ વિના બોલાવીને કહ્યું કે 'મને લાગે છે કે તારે એક્ટર બનવું જોઈએ.' વિચારો, એક એવો માણસ જેને તમે આદર્શ માનો છો, તે અચાનક તમને આ કહી દે તો તમે હચમચી જાઓ છો. તેમણે મજાકમાં એ પણ કહ્યું કે 'એક્ટર્સ ગધેડા હોય છે', પરંતુ તેની સાથે તેમણે મને એક્ટિંગ કરવા માટે પ્રોત્સાહિત પણ કર્યો. તેમની તે એક વાતથી મારા મનની બધી શંકાઓ દૂર થઈ ગઈ. તે પછી મેં ક્યારેય એવું વિચાર્યું નથી કે મારે કંઈક બીજું કરવું જોઈએ. શરૂઆતમાં કરિયર કેવી રીતે આગળ વધ્યું અને પહેલી તકો કેવી રીતે મળી?